પાનાં : ૧૨ રૂા.૬ તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૪ ગુરૂવાર

૨૩ જમાદિલ આખર હિજરી ૧૪૪૬ ● માગશર વદ અગિયારસ સંવત ૨૦૮૧

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૪૭ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# નાતાલની ઉજવણીને નિશાન બનાવતા હિન્દુત્વ જૂથો

**દેશભરમાં નાતાલની ઉજવણીમાં ધાર્મિક પરિવર્તન અને સાંસ્કૃતિક આક્રમણનો આરોપ લગાવતા જમણેરી જૂથોના વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે કેરળ, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં VHP કાર્યકરોએ શાળાના કાર્યક્રમોમાં વિક્ષેપ પાડ્યો છે, સ્ટાફ સાથે દુર્વ્યવહાર કર્યો છે અને નાતાલની ઉજવણી સામે સાંપ્રદાયિક નફરતને ઉશ્કેરે છે કેરળમાં VHPના બે નેતાઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે અને ૧૪ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે**

(એજન્સી) તા.૨૫

સમગ્ર ભારતમાં નાતાલની શાંતિપૂર્ણ ઉજવણીનો વિરોધ વધી રહ્યો છે અને જમણેરી જૂથો ધાર્મિક પરિવર્તન અને સાંસ્કૃતિક આક્રમણના આરોપો સાથે આ ઉત્સવને

**કેરળની શાળામાં નાતાલની ઉજવણીમાં વિક્ષેપ પાડવા બદલ VHPના સભ્યોની ધરપકડ કરવામાં આવી છે**

સક્રિયપણે નિશાન બનાવે છે. કેરળના પલક્કડમાં વિશ્વ હિંદુ પરિષદ (VHP) અને બજરંગ દળના કાર્યકર્તાઓ દ્વારા સરકારી શાળામાં નાતાલની ઉજવણીમાં વિક્ષેપ પડ્યો હતો, જેમણે પરિસરમાં તોડફોડ કરી હતી, કર્મચારીઓને શાબ્દિક રીતે દુર્વ્યવહાર કર્યો હતો અને અન્ય ધર્મને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો. ક્રિસમસ કેરોલ અને ઉત્સવના પોશાક અંગે કાર્યકરોએ પૂછપરછ કરતાં પરિસ્થિતિ વધુ વણસી હતી, જેના કારણે પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. એ જ રીતે પંજાબના લુધિયાણામાં સ્થાનિક રાજકીય નેતા સોનુ સિંહ રાજપૂતે એક ખ્રિસ્તી પાદરીનો વિરોધ કર્યો હતો જે એક ખાનગી ઘરમાં પ્રાર્થના કરી રહ્યા હતા, તેમના પર ધાર્મિક પરિવર્તનનો આરોપ લગાવ્યો હતો. રાજસ્થાનમાં જેસલમેર અને જોધપુરમાં આવો વિરોધ ફાટી નીકળ્યો છે, જ્યાં VHP નેતાઓ અને બજરંગ દળના કાર્યકરોએ ક્રિસમસની ઉજવણી માટે શાળાઓને નિશાન બનાવી છે. તેઓ સંસ્થાઓ પર ધાર્મિક રૂપાંતરણને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવે છે અને આ વિરોધ પ્રદર્શનો ઘટનાના પોસ્ટરોના વિનાશ અને દુશ્મનાવટના જાહેર પ્રદર્શનો સુધી વધી રહ્યા છે. દરમિયાન ઉત્તરપ્રદેશના મથુરામાં ભગવાન લાડુ ગોપાલની મૂર્તિને ક્રિસમસ પોશાકમાં પહેરવાને લઈને વિવાદ ઊભો થયો છે, જમણેરી જૂથોએ તેને હિન્દુ પરંપરાઓ પરના હુમલા તરીકે વખોડી કાઢ્યો છે. આ ઘટનાઓ ધાર્મિક અસહિષ્ણુતાને પ્રતિબિંબિત કરે છે અને હવે નાતાલની ઉજવણીને સાંસ્કૃતિક અથવા ધાર્મિક પ્રસંગ તરીકે નહીં, પરંતુ વ્યાપક રાજકીય અને સાંપ્રદાયિક સંઘર્ષો માટેના યુદ્ધના મેદાન તરીકે જોવામાં આવે છે.

**● પલક્કડ, કેરળ : બે VHP નેતાની ધરપકડ**

૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ, કેરળના પલક્કડમાં વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળના ત્રણ સ્થાનિક કાર્યકરોની ક્રિયાઓ દ્વારા સરકારી શાળામાં નાતાલની શાંતિપૂર્ણ ઉજવણીને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. વદક્કુમથારા કે અનિલકુમાર, મનમકુઝી સુશાસનન અને થેક્કુમુરી વેલાયુધનની આગેવાની હેઠળના કાર્યકરોના એક જૂથે નાલેપિલીની સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળા પર હુમલો કર્યો. તેઓએ શ્રી કૃષ્ણ જયંતિ જેવા અન્ય ધાર્મિક તહેવારોને પણ સમાન મહત્ત્વ આપવું જોઈએ એવો આગ્રહ રાખતા ક્રિસમસની ઉજવણી પર સવાલ



ઉઠાવતા તેઓએ મુખ્ય શિક્ષિકા અને શિક્ષકોને ગાળો આપી હતી. VHP નેતાઓએ શાળા પર અન્ય ધર્મો પર એક ધર્મને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો અને ક્રિસમસ કેરોલમાં વિક્ષેપ પાડ્યો અને પ્રશ્ન કર્યો કે શા માટે બાળકો અને શિક્ષકો નાતાલના પોશાકમાં સજ્જ છે. આ ત્રણેયએ સ્ટાફ અને વિદ્યાર્થીઓને આક્રમક ભાષામાં ધાકધમકી આપી હતી, જેના કારણે વાતાવરણ તંગ થઈ ગયું હતું. પોલીસે દરમિયાનગીરી કરી અને ત્રણ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે. રાજ્ય બીજેપી નેતૃત્વ, ચૂંટણી પહેલા ખ્રિસ્તી મત મેળવવા પ્રયાસ કરી રહી છે ત્યારે તે આ ઘટના વિશે સ્પષ્ટપણે મૌન રહ્યું છે અને ઘણાએ ધાર્મિક સહિષ્ણુતા પરના તેમના વલણ પર સવાલ ઉઠાવ્યા છે.

**● લુધિયાણા, પંજાબ : રાજકીય નેતાએ ખ્રિસ્તી પાદરીને હેરાન કર્યા**

પંજાબના લુધિયાણામાં નાતાલની ઉજવણીમાં ધાર્મિક ઉગ્રવાદીઓ તરફથી નહીં પરંતુ રાજકીય વ્યક્તિઓના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ, કોંગ્રેસના સ્થાનિક નેતા સોનુ સિંહ રાજપૂતે એક ખ્રિસ્તી પાદરીનો વિરોધ કર્યો જે પરિવારના ઘરે પ્રાર્થના કરી રહ્યા હતા. રાજપૂતે પાદરી પર ધર્મ પરિવર્તનનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે આ વિસ્તારમાં આવી પ્રાર્થનાની પરવાનગી આપવામાં આવશે નહીં. આ એવા ચિંતાજનક વલણને પ્રકાશિત કરે છે જેમાં તહેવારોનો ઉપયોગ 'પરંપરાઓની રક્ષા'ની આડમાં ધાર્મિક લઘુમતીઓ પર હુમલો કરવાની તક તરીકે કરવામાં આવે છે. જાહેર જગ્યા પર તો ઠીક પણ લોકો તેમના ઘરની ગોપનીયતામાં પણ મુક્તપણે તેમના ધર્મનું પાલન કરવા માટે વધુને વધુ અસુરક્ષિત બની રહ્યા છે. રાજપૂતની આ ક્રિયાઓ એવા પ્રદેશોમાં લઘુમતી ધાર્મિક પ્રથાઓની આસપાસ ભય અને શંકાનું વાતાવરણ દર્શાવે છે જ્યાં રાજકીય નેતાઓ વ્યક્તિગત લાભ માટે સાંપ્રદાયિક વિખવાદને વેગ આપે છે.

**● જેસલમેર, રાજસ્થાન : શાળાઓમાં નાતાલની ઉજવણીનો વિરોધ**

૨૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ VHP કાર્યકર્તાઓના એક પ્રતિનિધિમંડળે જેસલમેર જિલ્લા કલેક્ટર સાથે મુલાકાત કરી, તેઓએ મિશનરી શાળાઓ દ્વારા 'ધર્મ પરિવર્તનના પ્રયાસો અને ધાર્મિક અનાદર'ની સામે તેમનો વિરોધ નોંધાવ્યો. પ્રતિનિધિ મંડળે શાળાઓ દ્વારા નાતાલના કાર્યક્રમોનું આયોજન કરવા અને વિદ્યાર્થીઓને સાન્તાક્લોઝના વસ્ત્રો પહેરાવવા અંગે ચિંતા વ્યક્ત કરી, અને દલીલ કરી કે આવી પ્રથાઓથી ધાર્મિક પરિવર્તનને પ્રોત્સાહન મળે છે. VHPના જિલ્લા સચિવ લાલુ સિંહ સોઢાએ શાળાઓ પર વિદ્યાર્થીઓને ખ્રિસ્તી વિચારધારાઓ સાથે પ્રેરિત કરવાનો અને તહેવારોના પ્રસંગનો ઉપયોગ કરીને ધાર્મિક પરિવર્તનનો આરોપ લગાવ્યો. VHPએ નાતાલના ઉત્સવોનો વિરોધ માત્ર ધાર્મિક પાસા વિશે જ નથી પરંતુ ભારતભરની શાળાઓમાં તેનું સાંસ્કૃતિક મહત્ત્વ પણ છે. તેમણે કહ્યું કે અહીંની શાળાઓમાં ૯૮% હિંદુ વિદ્યાર્થીઓ હોવા છતાં રામ નવમી, કૃષ્ણ જન્માષ્ટમી, દિવાળી, હોળી અને રક્ષાબંધન જેવા તહેવારો મનાવવામાં આવતા નથી.

**● મથુરા, ઉત્તરપ્રદેશ : લાડુ ગોપાલના ક્રિસમસ પોશાક પર હિન્દુઓનો ગુસ્સો**

ભગવાન કૃષ્ણના જન્મસ્થળ મથુરાના પવિત્ર શહેરમાં જમણેરી નેતાઓએ તોફાન ઉભું કર્યું છેઃ ભગવાન લાડુ ગોપાલની મૂર્તિને નાતાલના પોશાકમાં પહેરાવવામાં આવતા મથુરામાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ કન્હૈયા અગ્રવાલે જાહેરમાં આ પ્રથાની નિંદા કરી છે અને તેને હિન્દુ પરંપરાઓ પર હુમલો ગણાવ્યો છે. અગ્રવાલના મતે ભગવાન કૃષ્ણની મૂર્તિને નાતાલનો પોશાક પહેરાવવો એ ધર્મ પરિવર્તનનો પ્રયાસ હતો અને સનાતન ધર્મનું અપમાન હતું. મથુરા-વૃંદાવન એ લાખો હિંદુઓ માટે એક પવિત્ર સ્થળ છે જેઓ ભગવાન કૃષ્ણ અને રાધા રાણીની પૂજા કરવા જાય છે. સાન્તાક્લોઝના પોશાકમાં લાડુ ગોપાલની મૂર્તિ એ મિશનરી જૂથો દ્વારા હિંદુ અને ખ્રિસ્તી પ્રતીકોને મર્જ કરવાના વ્યાપક પ્રયાસનું પ્રતીક છે. વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે આવા પોશાકોના વેચાણ પર તાત્કાલિક રોક લગાવવાની હાકલ કરી છે અને ચેતવણી આપી છે કે તેમના કાર્યકરો હિંદુ દેવી-દેવતાઓની વધુ અપવિત્રતા અટકાવવા પગલાં લેશે.

**● જોધપુર, રાજસ્થાનઃ બજરંગ દળ દ્વારા શાળામાં નાતાલની ઉજવણીનો વિરોધ**

રાજસ્થાનના જોધપુરમાં ૨૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બજરંગ દળનો એક ખાનગી શાળામાં નાતાલના કાર્યક્રમ સામે એક વિરોધ, આક્રમક કૃત્યમાં ફેરવાઈ ગયો હતો. નાતાલની ઉજવણીની આડમાં ધાર્મિક પરિવર્તનને પ્રોત્સાહન આપવા અંગેની ચિંતા દર્શાવીને આ વિરોધીઓએ ઈવેન્ટની જાહેરાત કરતા પોસ્ટરો તોડી નાખ્યા અને સળગાવી દીધા. બજરંગ દળના કાર્યકર્તાઓ સિવાંચી ગેટ શાળાની બહાર એકઠા થયા હતા. આ ઘટના તહેવારો દરમિયાન ખ્રિસ્તી સમુદાયના હેતુઓ પ્રત્યે અમુક જૂથોમાં વધતી શંકાને પ્રતિબિંબિત કરે છે. પોસ્ટરો સળગાવવા, શાળાની ઘટનાઓમાં વિક્ષેપ અને ધર્માંતરણનો ડર એ તમામ યુક્તિઓ છે જેનો ઉપયોગ ધાર્મિક સમુદાયો વચ્ચે વિભાજન કરવા માટે કરવામાં આવે છે. જો કે, સમગ્ર ભારતમાં ક્રિસમસની ઉજવણીના વિરોધની વધતી જતી લહેર સાંપ્રદાયિક સંવાદિતા અને પરસ્પર સમજણને જોખમમાં મૂકે છે. કેરળથી લઈને પંજાબ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ સુધી જમણેરી જૂથોએ આ તહેવારોને નિશાન બનાવ્યા છે, શાળાના કાર્યક્રમોમાં વિક્ષેપ પાડ્યો છે, ધાર્મિક વ્યક્તિઓને હેરાન કરવામાં આવે છે અને ધર્મ પરિવર્તનના પાયાવિહોણા આરોપો કરવામાં આવે છે.

## હિન્દુત્વ પર અધિકારનું યુદ્ધ : વડાપ્રધાનની નજીક ગણાતા સાધુએ આરએસએસના વડા મોહન ભાગવતની ટીકા કરી

**સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું કે, 'હું ભાગવતના દુર્ભાગ્યપૂર્ણ નિવેદનને સ્વીકારતો નથી. તેમણે કંઈ સારૂં કહ્યું નથી. આપણે તેના વિચારોને અનુસરવાની જરૂર નથી**

(એજન્સી) તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના નજીકના ગણાતા એક સાધુએ કહ્યું છે કે ઈજીજીના વડા મોહન ભાગવત અને તેમનું આ સંગઠન હિન્દુ સમુદાયનું પ્રતિનિધિત્વ કરતા નથી અને મસ્જિદ-મંદિર વિવાદો પર તેમની ટિપ્પણી અસ્વીકાર્ય છે. ચિત્રકૂટમાં જગદગુરૂ રામભદ્રાચાર્ય વિકલાંગ વિશ્વવિદ્યાલય અને તુલસીપીઠ ધાર્મિક અને સામાજિક સેવા સંસ્થાના સ્થાપક સ્વામી રામભદ્રાચાર્ય અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ પછી હિંદુત્વ જૂથો દ્વારા ઉભા કરવામાં આવેલા વિવાદો સામે ભાગવતની ટિપ્પણી પર પત્રકારોના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું કે, 'હું ભાગવતના દુર્ભાગ્યપૂર્ણ નિવેદનને સ્વીકારતો નથી. તેમણે કંઈ સારૂં કહ્યું નથી. આપણે તેના વિચારોને અનુસરવાની જરૂર નથી. ઉલ્લેખનીય છે કે, રામભદ્રાચાર્યને ૨૦૧૫માં પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, શું મોહન ભાગવત હિંદુ ધર્મના ઠેકેદાર (રક્ષક) છે? સનાતન ધર્મ તેમના દ્વારા નહીં પણ સાધુઓના માર્ગદર્શન દ્વારા ચાલશે. તે કોઈ એક જૂથના નેતા હોઈ શકે છે પરંતુ ભારતના હિંદુઓના પ્રતિનિધિ નથી. એવા સાધુઓ જેમણે રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદમાં અલ્હાબાદ હાઈકોર્ટ સમક્ષ ૨૦૦૩માં નિષ્ણાત સાક્ષી તરીકે જુબાની આપી હતી તેઓ હિંદુઓના પ્રતિનિધિ છે. તેઓએ સુપ્રીમ કોર્ટમાં તેમણે તેમના દાવાને પુનરાવર્તિત કર્યો હતો કે ભગવાન રામનો જન્મ અયોધ્યામાં થયો હતો. રામભદ્રાચાર્ય, જેઓ સંસ્કૃત વિદ્વાન અને કવિ પણ છે, તેઓ વારંવાર મોદી અને આદિત્યનાથ સાથે સ્ટેજ પર જોવા મળે છે. ભાગવતે ગયા અઠવાડિયે પુણેમાં સર્વસમાવેશક સમાજ માટે વાત કરી હતી અને કહ્યું હતું કે વિશ્વને એ બતાવવાની જરૂર છે કે દેશ સુમેળમાં જીવી શકે છે, ખાસ કરીને ઉત્તરપ્રદેશમાં, મુઘલ યુગની મસ્જિદો નીચે મંદિરો હોવાના આરોપ લગાવવા માટેના વધતા વલણને તેઓએ નકારી કાઢ્યો હતો. તેમણે કહ્યું હતું કે, રોજ નવા વિવાદો ઊભા થાય છે. આને કેવી રીતે મંજૂરી આપી શકાય ? આવું ચાલુ રાખવું જોઈએ નહીં. ભારતે બતાવવાની જરૂર છે કે આપણે સાથે રહી શકીએ છીએ. ભાગવતે કહ્યું હતું કે, રામ મંદિરની જરૂર હતી અને તે અયોધ્યામાં તે બનાવવામાં આવ્યું હતું. પરંતુ રોજ નવા મુદ્દાના નામે મતભેદ અને દુશ્મનાવટ ઊભી કરવી જોઈએ નહીં. આપણે વિશ્વને બતાવવું જોઈએ કે આપણે સુમેળમાં રહી શકીએ છીએ. રામભદ્રાચાર્ય, જેઓ દૃષ્ટિહિન છે, તેમણે આરોપ લગાવ્યો કે ભાગવત તુષ્ટિકરણની રાજનીતિથી પ્રભાવિત થયા છે. RSS હિંદુ ધર્મ પ્રમાણે કામ કરે છે, હિંદુ ધર્મ RSS પ્રમાણે કામ કરતું નથી. રામભદ્રાચાર્યએ કહ્યું કે જ્યાં અમારા મંદિરોના અવશેષો મળે છે તે તમામ સ્થળોનો અમે કબજો લઈશું. ભાગવતની ટિપ્પણી ઘણા લોકો દ્વારા આદિત્યનાથ માટે ચેતવણી તરીકે જોવામાં આવી હતી, જેમની સરકાર કથિત રૂપે એવા લોકોને પ્રોત્સાહિત કરી રહી છે જેઓ મસ્જિદોના સર્વેક્ષણની માંગ કરીને કોર્ટ કેસ દાખલ કરી રહ્યા છે જેનો તેઓ દાવો કરે છે કે આ મસ્જિદો મંદિરો તોડીને બનાવવામાં આવી હતી. મોટાભાગના કિસ્સાઓમાં, ઉત્તર પ્રદેશમાં જિલ્લા વહીવટીતંત્ર હિંદુઓની તરફેણમાં હોય તેવું લાગે છે. આદિત્યનાથે ભાગવતના સંવાદિતાના સંદેશને પણ અસ્વીકાર કર્યો હતો અને તેમના હિંદુ સર્વોચ્ચતાના એજન્ડા સાથે આગળ વધવા માટે અડગ છે. ભાગવતનું નામ લીધા વિના, આદિત્યનાથે ૨૦ ડિસેમ્બરે અયોધ્યામાં એક સભામાં કહ્યું હતું કે, હું તમને પૂછવા માંગુ છું કે ભૂતકાળમાં સનાતનના પ્રતીકોને નુકસાન પહોંચાડનારા લોકો કોણ હતા ? તેમનો ઈરાદો શું હતો ? તેઓએ સમગ્ર પૃથ્વીને નરક બનાવવાનું કાવતરું ઘડ્યું હતું. તેમણે વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિર, અયોધ્યામાં રામ જન્મભૂમિ, મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ અને કલ્કિ તરીકે વિષ્ણુનો ભાવિ અવતાર સંભલમાં જન્મશે તેવી ભવિષ્યવાણીના ઉદાહરણો આપતા કહ્યું હતું કે, હું કહીશ કે સનાતન ધર્મ જ સમગ્ર વિશ્વમાં શાંતિ લાવી શકે છે. સનાતન ધર્મ એ ભારતનો રાષ્ટ્રીય ધર્મ છે. સનાતન ધર્મ છે ત્યાં સુધી ભારત રહેશે. આપણે બધાએ તેની સુરક્ષા માટે સાથે મળીને કામ કરવું જોઈએ.

## કેથોલિક બિશપ્સ સાથે મોદીની મુલાકાત પછી, કેરળમાં બનેલી બે ઘટનાઓ અંગે વરિષ્ઠ ઓર્થોડોક્સ ચર્ચ બિશપના પ્રહાર : 'એક સ્થાને તેઓ સન્માન કરે છે, અન્ય સ્થળોએ નાશ કરે છે'

**વરિષ્ઠ ઓર્થોડોક્સ ચર્ચ બિશપની આ ટિપ્પણીઓ પલક્કડની સરકારી શાળાઓમાં નાતાલની ઉજવણીમાં વિક્ષેપની બે ઘટનાઓ બની એ પછી કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા (CBCI) દ્વારા આયોજિત નાતાલની ઉજવણીમાં હાજરી આપી હતી**

(એજન્સી) તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા (CBCI) દ્વારા આયોજિત નાતાલની ઉજવણીમાં હાજરી આપ્યાના એક દિવસ પછી, કેરળમાં ઓર્થોડોક્સ ચર્ચના એક વરિષ્ઠ બિશપે કહ્યું હતું કે, ત્યાં, તેઓ બિશપનું સન્માન કરે છે અને ઈસુના જન્મ ચિહ્ન પારણાનો આદર કરે છે. અહીં, તેઓ ઈસુના જન્મ ચિહ્ન પારણાનો નાશ કરે છે. ખ્રિસ્તી પરંપરામાં, પારણું એ જન્મના દ્રશ્યનો એક ભાગ છે જે ઈસુના જન્મનું પ્રતિનિધિત્વ કરે છે. મલંકારા અહી ઓર્થોડોક્સ સીરિયન ચર્ચના મેટ્રોપોલિટન યુહાનોન મેલેટિયસ પલક્કડની સરકારી શાળાઓમાં નાતાલની ઉજવણીમાં વિક્ષેપની બે તાજેતરની ઘટનાઓનો ઉલ્લેખ કરી રહ્યા હતા. એક ઘટનામાં, ત્રણ VHP નેતાઓની ચિત્તુરમાં ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય કિસ્સામાં, કથિત બદમાશોની શોધ ચાલી રહી છે. જ્યારે પલક્કડના નાલેપિલ્લી ખાતેની સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો શુક્રવારે નાતાલની ઉજવણીમાં ભાગ લઈ રહ્યા હતા, ત્યારે પલક્કડ જિલ્લા સચિવ કે અનિલ કુમારની આગેવાની હેઠળના ત્રણ VHP નેતાઓએ શિક્ષકોને કથિત રીતે પ્રશ્ન કર્યો હતો કે ક્રિસમસને બદલે કૃષ્ણ જન્માષ્ટમી કેમ ઉજવવામાં આવતી નથી. તેઓ એ પણ જાણવા માંગતા હતા કે શિક્ષકો શા માટે સાન્તાક્લોઝનો પોશાક પહેરે છે. આ VHP નેતાઓ પર BNS કલમ ૩૨૯ (૩),



૨૯૬ (b), ૩૫૧ (૨) અને ૧૩૨ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પલક્કડમાં અન્ય એક ઘટનામાં થથામંગલમ ખાતે સરકારી મૂળભૂત શાળામાં બાંધવામાં આવેલ એક પારણું સોમવારે તોડી પાડવામાં આવ્યું હતું. એક સપ્તાહની નાતાલની રજાઓ માટે સેમેસ્ટર પરીક્ષાઓ બાદ ગયા શુક્રવારે શાળા બંધ કરવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ભાજપના આઉટરીચ પ્રયાસોના ભાગ રૂપે, પાર્ટીના નેતાઓ "સ્નેહ યાત્રા" અથવા પ્રેમ યાત્રા તરીકે ઓળખાતા ક્રિસમસ કાર્યક્રમ હેઠળ કેરળમાં બિશપની મુલાકાત લઈ રહ્યા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ કે સુરેન્દ્રને કહ્યું કે પલક્કડની ઘટનાઓ પાછળ ષડયંત્ર છે. ગુનેગારો સામે કાર્યવાહી થવી જોઈએ. આને ખ્રિસ્તી સમુદાય સાથેના ભાજપના સંબંધોને તોડી પાડવાના મોટા ષડયંત્રના ભાગરૂપે જોવું જોઈએ. અમારું સ્ટેન્ડ એકદમ સ્પષ્ટ અને નિષ્ઠાવાન છે.

### ક્યા બાત હૈ ?!

**વડાપ્રધાનની વાત ભલે ન માનો રાષ્ટ્રપતિની વાત તો માનો !**





## દિલ્હી સરકારે બાંગ્લાદેશી બાળકોને શાળાઓમાં પ્રવેશ આપવા પર પ્રતિબંધ મૂક્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

દિલ્હી સરકારે ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓના બાળકોને સરકારી અને ખાનગી શાળાઓમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા વિવાદાસ્પદ પગલાની જાહેરાત કરી છે. ડિરેક્ટોરેટ ઑફ એજ્યુકેશન દ્વારા સોમવારે જારી કરાયેલા આ આદેશની માનવ અધિકારો અને પ્રગતિશીલ સમાજની જવાબદારીઓ પર તેની અસરો અંગે તીવ્ર ટીકા થઈ રહી છે. આ પરિપત્ર શાળાઓને આવા પૃષ્ઠભૂમિના બાળકોના પ્રવેશને રોકવા માટે દસ્તાવેજ ચકાસણી હાથ ધરવા આદેશ આપે છે. જો કોઈ વિદ્યાર્થીની નાગરિકતા અંગે શંકા ઊભી થાય તો તે શાળાઓને પોલીસ અથવા સંબંધિત અધિકારીઓનો સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશી સિંહે નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે તે દિલ્હીના રહેવાસીઓના અધિકારોનું રક્ષણ કરે છે. સોશિયલ મીડિયા પર સખત શબ્દોમાં નિવેદનમાં તેણીએ ભાજપ પર બેવડા ધોરણોનો આરોપ લગાવ્યો છે. એક તરફ, ભાજપના નેતાઓ રોહિંગ્યાઓને દિલ્હીમાં પ્રવેશની સુવિધા આપે છે. બીજી બાજુ, આમઆદમી પાર્ટી એ સુનિશ્ચિત કરવા માટે દરેક પગલાં લઈ રહી છે કે રોહિંગ્યાઓને દિલ્હીવાસીઓના અધિકારો આપવામાં ન આવે. સિંઘે જણાવ્યું હતું કે આ આદેશ આમઆદમી પાર્ટી (AAP)ની નીતિ સાથે સુસંગત છે, અમે રોહિંગ્યા સમુદાયને દિલ્હીવાસીઓના અધિકારો આપવાની મંજૂરી આપીશું નહીં. આ પરિપત્ર સુનિશ્ચિત કરે છે કે કોઈ રોહિંગ્યા બાળકને દિલ્હીની શાળાઓમાં

**આ નિર્દેશોથી લોકોમાં આક્રોશ છે માનવાધિકારની અસરો પર પ્રશ્નો ઊભા કરે છે**

પ્રવેશ આપવામાં ન આવે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) એ પહેલાથી જ શાળાઓમાં નોંધાયેલા ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓના બાળકોને ઓળખવા માટે એક અભિયાન શરૂ કર્યું છે. સત્તાવાળાઓ બિનદસ્તાવેજીકૃત રહેવાસીઓને ઓળખવા માટે ઝૂંપડપટ્ટી, અનૌપચારિક વસાહતો અને ફૂટપાથની તપાસ કરી રહ્યા છે. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ દિલ્હીના મુખ્ય સચિવ અને પોલીસ કમિશનર બંનેને આવા સ્થળાંતર કરનારાઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા, ગેરકાયદેસર વસાહતીઓ સામે વધુ પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. આ પગલાથી કાર્યકરો, શિક્ષકો અને કાનૂની નિષ્ણાતો ગુસ્સે થયા છે જેઓ દલીલ કરે છે કે આવી નીતિઓ ભેદભાવપૂર્ણ છે અને સંવેદનશીલ સમુદાયોને લક્ષ્ય બનાવે છે. ટીકાકારો તેમના માતાપિતાની કાનૂની સ્થિતિના આધારે બાળકોને શિક્ષણ નકારવાની નૈતિકતા પર પ્રશ્ન ઉઠાવે છે અને આ પગલાં બાળકોના અધિકારો પરના આંતરરાષ્ટ્રીય સંમેલનોનું ઉલ્લંઘન કરે છે. માનવાધિકારના વકીલ, એડવોકેટ ઝફરૂલ્લા ખાને કહ્યું કે, આ માત્ર કાનૂની મુદ્દો નથી પરંતુ માનવતાવાદી મુદ્દો છે. લોકશાહી સરકાર બાળકોને શિક્ષણથી વંચિત રાખવાને કેવી રીતે ન્યાયી ઠેરવી શકે, ભારતીય બંધારણ અને વિવિધ વૈશ્વિક સંધિઓ દ્વારા ખાતરી આપવામાં આવેલ મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે. અન્ય લોકોએ ચકાસણી પ્રક્રિયા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, આ લઘુમતીઓના ઉત્પીડનને પ્રોત્સાહન આપે છે અને સાચા રહેવાસીઓ પણ અમલદારશાહી ઉત્સાહના ક્રોસફાયરમાં ફસાઈ શકે છે. સરકારના અભિગમે શરણાર્થીઓ અને બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓ અંગેની ચર્ચા પણ ફરી શરૂ કરી છે. ઘણા લોકો એવી દલીલ કરે છે કે બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ અને રોહિંગ્યા શરણાર્થીઓ વચ્ચેનો તફાવત રાજકીય વાર્તામાં ઝાંખો પડી ગયો છે. મ્યાનમારમાં દમનથી ભાગી રહેલા રોહિંગ્યા શરણાર્થીઓ, દિલ્હીના રાજકારણમાં વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે. જ્યારે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તેમના પુનર્વસનની હિમાયત કરે છે, ત્યારે દિલ્હી સરકારે સખત વલણ અપનાવ્યું છે, તેમને આવાસ, નોકરી અથવા મૂળભૂત સુવિધાઓનો ઈન્કાર કર્યો છે. AAPના વડા અરવિંદ કેજરીવાલે રોહિંગ્યાઓને દિલ્હીમાં સ્થાયી થવાથી રોકવાની તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને કહ્યું કે, અમે કોઈપણ સંજોગોમાં રોહિંગ્યા સમુદાયને ફ્લેટ, નોકરી અને અન્ય સુવિધાઓ પ્રદાન કરીશું નહીં.

# ઈન્દોરમાં બિનઅધિકૃત ગૌશાળા સામે કાર્યવાહી દરમિયાન કથિત ગૌરક્ષકો અને મ્યુનિસિપલ કર્મચારીઓ વચ્ચે અથડામણ

**સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં દેખાય છે કે કેટલાક લોકો મ્યુનિસિપલ ટીમના વાહનોના કાચ લાકડીઓથી તોડી રહ્યા છે જે વાહનમાં ગાયોને નગરપાલિકા ગૌશાળામાં લઈ જવાઈ રહી હતી એ વાહનોના કાચ તોડતા લોકો દેખાય છે**

(એજન્સી) ઈન્દોર, તા.૨૫

ઈન્દોરમાં બિનઅધિકૃત ગૌશાળા સામે ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવતા કેટલાક કહેવાતા ગૌરક્ષકો અને મ્યુનિસિપલ કર્મચારીઓ વચ્ચે અથડામણ થઈ પડી હતી. મ્યુનિસિપલ ટીમ દ્વારા ગેરકાયદે દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન બિનઅધિકૃત ગૌશાળા દૂર કરવામાં આવી રહી હતી ત્યારે કથિત ગૌરક્ષકોએ અથડામણ કરી હતી અને લાકડીઓથી મ્યુનિસિપલ ટીમના વાહનોના કાચ તોડી નાખ્યા હતા. એ વાહનોમાં ગૌમાતાઓને લઈ જવામાં આવી રહી હતી એ વાહનોના કાચ લાકડીઓથી તોડતા કથિત ગૌરક્ષકો વીડિયોમાં ઝડપાયા હતા. વીડિયોમાં જોવા મળ્યું હતું કે ટીમ સાથે ગૌરક્ષકો દ્વારા ઉગ્ર બોલાચાલી થઈ રહી હતી એવામાં કેટલાક લોકોએ હાથમાં લાકડીઓ લઈને ગાયોને જ્યાં લઈ જવામાં આવી હતી એ વાહનોને લાકડીઓથી કાચ તોડવાનું શરૂ કર્યું હતું. ઈન્દોરના દત્ત નગર વિસ્તારમાં કોઈ પણ મંજૂરી વિના એક ગૌશાળા ઊભી કરી દેવામાં આવી હતી તે અંગે સ્થાનિક લોકોએ ફરિયાદો કર્યા પછી મહાનગરપાલિકાની ટીમ દ્વારા દબાણ હટાવવા માટે કામગીરી કરવામાં આવી રહી હતી ત્યારે કથિત ગૌરક્ષકોએ હુમલો કર્યો હતો તેમ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર લતા અગ્રવાલએ જણાવ્યું હતું. મહાનગરપાલિકાના કેટલાક વાહનોને પણ ભારે નુકસાન થયું હતું. લતા અગ્રવાલએ કહ્યું હતું કે મ્યુનિસિપલ કમિશનરના આદેશથી જરૂરી કડક પગલાં લેવામાં આવશે. સ્થાનિક બજરંગ દળના કન્વીનર પ્રવીણ ડેરેકે એવો દાવો કર્યો હતો કે આ વિસ્તારની ગૌશાળા લગભગ ૩૦ વર્ષ જૂની છે ગાયોને લઈ જવામાં આવી રહી હતી ત્યારે એક જ વાહનમાં ૨૫થી ૩૦ ગાયોને પૂરી દેવામાં આવી હતી જેના કારણે છ થી સાત ગાયને ઈજા પણ થઈ હતી એટલે હિન્દુ સમાજના લોકો આ જોઈને રોષે ભરાયા હતા અને દેખાવો કરી રહ્યા હતા ત્યારે મહાનગરપાલિકા કર્મચારીઓએ વિરોધ કરી રહેલા લોકો સાથે ગેરવર્તન કર્યું હતું. જો અમારી સામે પોલીસ કેસ કરવામાં આવશે તો અમે પણ મહાનગરપાલિકાની ટીમ સામે પોલીસ કેસ કરશું એવી બજરંગ દળના કન્વીનરે ચેતવણી આપી હતી.

# ગેરકાયદે વસાહતી કૌભાંડ : બે કંપની, ૩૫ હજાર વિદ્યાર્થી વિઝા અને કેનેડાની કોલેજોની ભૂમિકા અંગે EDની જોરદાર તપાસ

**અમેરિકા-કેનેડા બોર્ડર પર ૨૦૨૨માં એક પરિવારના ચાર સભ્યો ઠંડીમાં ઠૂંઠવાઈને મૃત્યુ પામ્યા એ કેસમાં અમદાવાદ પોલીસે ભાવેશ અશોકભાઈ પટેલ નામના એજન્ટ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કર્યા બાદ EDની તપાસનો ધમધમાટ શરૂ થયો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

કેનેડા થઈને લોકોને ગેરકાયદે અમેરિકા ધકેલી દેવાના ગેરકાયદે વસાહતી કૌભાંડ અંગે EDની તપાસમાં એવું ખુલવા પામ્યું છે કે, આ કૌભાંડના ભાગરૂપે જ કેનેડાની ૨૬૦ કોલેજો સહિત વિદેશી યુનિવર્સિટીઓ અને કોલેજોના નામે ૩૫ હજારથી વધુ લોકોએ સ્ટુડન્ટ વિઝા મેળવી લીધા હતા. આ અંગે મુંબઈ અને નાગપુરની બે પેઢીઓ પર EDની નજર છે. આ કંપનીઓ દેશભરમાં ૮૦૦ જેટલા સક્રિય એજન્ટોનું નેટવર્ક ધરાવતી કંપનીઓ છે. જે લોકો અમેરિકા જવા માંગતા હોય એ લોકોને શોધીને એમને કેનેડાની કોલેજના વિદ્યાર્થી વિઝા મેળવી આપી અમેરિકા ધકેલવાનું કૌભાંડ ચાલી રહ્યું હતું. અમેરિકા-કેનેડા બોર્ડર પર ૨૦૨૨માં એક પરિવારના ચાર લોકો અમેરિકા જવાના પ્રયાસમાં ઠંડીને કારણે મૃત્યુ પામ્યા હતા. એ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભાવેશ અશોક પટેલ નામના એજન્ટ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. એ પછી EDની તપાસ વેગપૂર્વક ચાલુ થઈ હતી. આ વર્ષે અમેરિકા મિનેસોટા જિલ્લાની અદાલતે માનવ તસ્કરી બદલ હર્ષકુમાર રમણલાલ પટેલ ઉર્ફે ડર્ટી હેરી અને સ્ટીવન નામના બે શખ્સોને દોષિત ઠરાવ્યા હતા. એવો આરોપ છે કે, પટેલે કેનેડાના એજન્ટોની મદદથી પાંચ વખત ગેરકાયદે વસાહતીઓને કેનેડાની બોર્ડર પરથી શિકાગો મોકલી દીધા હતા. માઈનસ ૩૯ ડિગ્રી જેવી ભયાનક ઠંડી અને બિલકુલ અસામાન્ય હવામાન હોવા છતાં પટેલ પરિવારના ચાર સભ્ય સહિત ૧૧ લોકોને કેનેડા બોર્ડર પરથી ધકેલી દેવામાં આવ્યા હતા.

## દિલ્હી કોંગ્રેસે આપ અને ભાજપ પર નિશાન સાધતા 'શ્વેતપત્ર' બહાર પાડ્યો

કોંગ્રેસ પાર્ટીના દિલ્હી યુનિટે બુધવારે આમ આદમી પાર્ટી અને ભાજપ પર પ્રદૂષણ, નાગરિક સુવિધાઓ અને કાયદો અને વ્યવસ્થા સહિતના વિવિધ મુદ્દાઓ પર તેમના કથિત અધૂરા વચનો અને ગેરવહીવટને નિશાન બનાવતા ૧૨ મુદ્દાનું 'શ્વેતપત્ર' બહાર પાડ્યું હતું. એક પત્રકાર પરિષદને સંબોધતા એઆઈસીસી કોષાધ્યક્ષ અજય માકને આપ કન્વીનર અરવિંદ કેજરીવાલ પર પ્રહારો કરતા કહ્યું કે, તેમનો પક્ષ જનલોકપાલ આંદોલનના આધારે સત્તામાં આવ્યો હતો પરંતુ ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. તેમણે 'મૌકા મૌકા, હર બાર કા ધોકા' શિર્ષકવાળા શ્વેતપત્રને બહાર પાડતાં કહ્યું કે, 'જો દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું વર્ણન કરવા માટે અહીં એક શબ્દ હોય તો તે ફરઝીવાલ હશે.' માકને કહ્યું કે, 'જો કોઈ આખા દેશમાં છેતરપિંડીનો રાજા હોય તો તે કેજરીવાલ છે અને તેથી જ અમે કેજરીવાલ સરકાર અને કેન્દ્રની ભાજપ સરકાર પર શ્વેતપત્ર લઈને આવ્યા છીએ.' આપ અને ભાજપ તરફથી કોઈ તાત્કાલિક પ્રતિક્રિયા આવી નથી. માકને પ્રશ્ન કર્યો કે, પંજાબમાં પણ જનલોકપાલ કેમ બનાવવામાં આવ્યો નથી. તેમણે કહ્યું કે, 'જો એલજી તમને અહીં મંજૂરી નથી આપી રહ્યા તો પંજાબમાં બનાવો. તમને કોણ રોકી રહ્યું છે ? તમારી પાસે ત્યાં સંપૂર્ણ સરકાર છે, તમે ત્યાં કેમ નથી બનાવતા ? આ ફક્ત એક બહાનું છે. આપની રચના ૧૦ વર્ષ પહેલા જનલોકપાલના નામે થઈ હતી હવે તેઓ તેને ભૂલી ગયા છે.' તેમણે કહ્યું કે, તેઓ કહેતા હતા કે, દિલ્હીને લંડન જેવું બનાવી દઈશું પણ તેમણે દેશના પાટનગરને પ્રદૂષણમાં નંબર વન બનાવી દીધું છે. તેમણે એવું પણ કહ્યું કે, આપ સાથે ગઠબંધન કરવું એ ભૂલ હતી સાથે જ તેમણે કહ્યું કે, આ તેમનું અંગત મંતવ્ય છે.

## પટનામાં જન્મદિવસની પાર્ટીમાં ઉજવણી માટે ગોળીબાર થતાં કિશોરનું મોત, મિત્રો તેને હોસ્પિટલ લઈ ગયા અને ભાગી ગયા : અહેવાલ

પોલીસ અધિકારીઓને ટાંકતા સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે, પટનામાં જન્મદિવસની પાર્ટી દરમિયાન ઉજવણી માટે ગોળીબારમાં ઘાયલ થયેલા ૧૬ વર્ષના છોકરાનું મોત થયું છે. સોમવારે કૃષ્ણપુરી પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવેલા એક લોજમાં ગોળીબાર થયો હોવાનું કહેવાય છે. હોસ્પિટલમાં દાખલ કરાયેલા છોકરાનું મંગળવારે મૃત્યુ થયું હોવાનું સમાચાર અહેવાલમાં જણાવાયું છે. મૃતક રિશુકુમારના મિત્રો તેને હોસ્પિટલમાં દાખલ કર્યા પછી ભાગી ગયા હોવાનું કહેવાય છે. એજન્સી દ્વારા ટાંકવામાં આવેલા ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ સાકેતકુમારે જણાવ્યું હતું કે, 'અમને મધ્યરાત્રિના સુમારે ગાંધીનગર વિસ્તારમાં ગોળીબારની માહિતી મળી હતી. જન્મદિવસની પાર્ટી દરમિયાન ગોળી ચલાવવામાં આવી હતી.' કૃષ્ણપુરી સ્ટેશન હાઉસ ઓફિસર પંકજકુમારને ટાંકીને સમાચાર સમાચાર એજન્સીએ કહ્યું કે, મોડી રાત્રે લોજના ટેરેસ પર લગભગ ૫-૬ કિશોરો પાર્ટી કરી રહ્યા હતા જ્યારે ગોળીબાર થયો. જે પિસ્તોલથી ગોળી ચલાવવામાં આવી હતી તે લાઈસન્સ વગરની હોવાનું કહેવાય છે. કુમારને ટાંકીને કહેવાયું કે, 'પોલીસને શંકા છે કે, એક છોકરો ગોળીબારમાં રોકાયેલો હતો જે દરમિયાન રિશુકુમાર (મૃતક)ને ગળામાં ગોળી વાગી હતી. તેના મિત્રો તેને બોરિંગ કેનાલ રોડ પરની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા અને ભાગી ગયા હતા. તે બધા ફરાર છે. પીડિતના પરિવારના સભ્યોને ઘટના વિશે જાણ કરવામાં આવી છે. પરિવારના નિવેદનના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.'

## જમ્મુ-કાશ્મીરના પૂંચમાં સેનાનું વાહન ખીણમાં ખાબકતાં ૫ જવાનોનાં મોત, ૯ ઘાયલ

જમ્મુ અને કાશ્મીરના પૂંચમાં સેનાનું વાહન ખીણમાં પડી જતાં પાંચ જવાનોનાં મોત થયા જ્યારે નવ અન્ય ઘાયલ થયા હતા. ભારતીય સેનાના વ્હાઈટનાઈટ કોર્પ્સે એક્સ પર એક પોસ્ટમાં પાંચ બહાદુર સૈનિકોના મૃત્યુની પુષ્ટિ કરી છે. "વ્હાઈટનાઈટ કોર્પ્સના તમામ રેન્ક પૂંચ સેક્ટરમાં ઓપરેશનલ ડ્યુટી દરમિયાન વાહન અકસ્માતમાં પાંચ બહાદુર સૈનિકોના દુઃખદ મૃત્યુ પર ઊંડું શોક વ્યક્ત કરે છે. બચાવ કામગીરી કરાઈ છે અને ઘાયલ કર્મચારીઓને તબીબી સંભાળ મળી રહી છે." સમાચાર એજન્સી અનુસાર ઘરોઆ વિસ્તારમાં આ અકસ્માત ત્યારે થયો જ્યારે સેનાનું વાહન જિલ્લાના બનોઈ જઈ રહ્યું હતું. વાહન આશરે ૩૦૦-૩૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગયું તેમ અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે. માહિતી મુજબ છ વાહનોના કાફલાનો એક ભાગ ૨.૫ ટનનું વાહન પૂંચ નજીક ઓપરેશનલ ટ્રેક પર જઈ રહ્યું હતું ત્યારે રસ્તા પરથી ઉતરીને એક નાળામાં ખાબક્યું હતું. આ ઘટના સાંજે લગભગ ૫:૨૦ વાગ્યે બની હતી જેમાં પાંચ જવાનોનાં મોત થયા હતા.

## અન્ના યુનિવર્સિટીના કેમ્પસમાં બે શખ્સો દ્વારા બીજા વર્ષની વિદ્યાર્થિની પર જાતીય હુમલો; એકની ધરપકડ

સોમવારે રાત્રે કેમ્પસની અંદર અન્ના યુનિવર્સિટીના બીજા વર્ષની વિદ્યાર્થિની પર બે શખ્સો દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ચેન્નાઈ પોલીસે બુધવારે એક આરોપીની ધરપકડ કરી છે. તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. આરોપી ૩૭ વર્ષીય જ્ઞાનશેખરન કોટ્ટુરપુરમના રોડ કિનારે બિરિયાની વેચનાર છે. કોટ્ટુરપુરમ પોલીસ સ્ટેશને બીએનએનએસ કલમ ૬૪ હેઠળ કેસ દાખલ કર્યો હતો અને તપાસ ચાલુ કરી છે. આ ઘટના ત્યારે બની હતી જ્યારે છોકરી અને તેનો યુવક મિત્ર કેમ્પસના એકાંત વિસ્તારમાં સાથે બેઠા હતા. આ ઘટના ૨૩ ડિસેમ્બરના રોજ રાત્રે ૮ વાગ્યાની આસપાસ બની હતી. આરોપીએ યુવક મિત્ર પર હુમલો કર્યો હતો અને બાદમાં મહિલા પર બળાત્કાર ગુજાર્યો હોવાનો આરોપ છે. પીડિતાએ યુનિવર્સિટીની POSH સમિતિમાં પણ ફરિયાદ નોંધાવી છે. ચેન્નાઈ પોલીસ સંસ્થામાં સુરક્ષા મજબૂત કરવા માટે યુનિવર્સિટી સાથે મળીને કામ કરી રહી છે. પોલીસે હજુ સુધી આ ઘટના પર કોઈ ટિપ્પણી કરી નથી.

## SGPC પ્રમુખ ધામીને તેમના પુરોગામી વિરુદ્ધ 'અપમાનજનક' ટિપ્પણી કરવા બદલ ધાર્મિક સજા ફટકારાઈ

શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ (SGPC)ના પ્રમુખ હરજિંદર સિંહ ધામીને બુધવારે પંજ પ્યારે (પાંચ પ્રિયજનો) દ્વારા તેમના પુરોગામી બીબી જાગીર કૌર વિરૂદ્ધ ર'અભદ્ર' ભાષાનો ઉપયોગ કરવા બદલ ધાર્મિક સજા ફટકારવામાં આવી છે. પંજ પ્યારે જાહેરાત કરી અને નિર્દેશ આપ્યો કે ધામી પ્રાયશ્ચિત તરીકે સ્વૈચ્છિક સેવા અને પ્રાર્થના કરશે. તેઓ જૂતા સંગ્રહ વિસ્તારમાં એક કલાક સેવા અને લંગર હોલમાં વાસણો સાફ કરવામાં બીજો એક કલાક સેવા કરશે; તેમણે પંજ જપજી સાહિબ માર્ગનો પાઠ પણ કરવો પડશે. ધામી બુધવારે અમૃતસરના સુવર્ણ મંદિર સંકુલમાં લગભગ પંદર મિનિટ માટે અકાલ તખ્ત જથેદારને મળ્યા હતા. ત્યારબાદ તેમણે પંજ પ્યારે સમક્ષ પોતાને રજૂ કર્યા કારણ કે તેઓ તેમની સજા સંભળાવી રહ્યા હતા. ધામીએ નિર્દેશ સ્વીકાર્યો અને તેમની ધાર્મિક સજા ભોગવી હતી. આ સજા પંજ પ્યારેમાં લાવવામાં આવેલા એક કેસના આધારે જાહેર કરવામાં આવી હતી જેમાં ધામી પર ભૂતપૂર્વ SGPC પ્રમુખ બીબી જાગીર કૌર સામે અયોગ્ય ભાષાનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ નિર્દેશ શીખ નેતાઓ અને મોટા પાયે સમુદાયને નમ્રતા, આદર અને શીખ નીતિશાસ્ત્રનું પાલન કરવાના મહત્વ વિશે યાદ અપાવે છે.

# મેહરૌલી પુરાતત્ત્વીય પાર્કની અંદરની રચનાઓ ધાર્મિક મહત્ત્વ ધરાવે છે : ASIની સુપ્રીમમાં રજૂઆત

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૫

ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI)એ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે મેહરૌલી પુરાતત્ત્વીય પાર્કની અંદરની બે રચનાઓ ધાર્મિક મહત્ત્વ ધરાવે છે કારણ કે મુસ્લિમ શ્રદ્ધાળુઓ ૧૩મી સદીના આદરણીય સૂફી સંત બાબા ફરીદની આશિક અલ્લાહ દરગાહ અને ચિલ્લાગાહની દરરોજ મુલાકાત લે છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા અહેવાલમાં એએસઆઈએ જણાવ્યું હતું કે, શેખ શાહિબુદ્દીન (આશિક અલ્લાહ)ની કબર પર એક શિલાલેખ કહે છે કે તેનું નિર્માણ ૧૩૧૭ ઈ.સ.માં થયું હતું. તેણે જણાવ્યું હતું કે, "પુનઃસ્થાપન અને સંરક્ષણ માટે માળખાકીય ફેરફારો અને તબદીલીઓએ સ્થળની ઐતિહાસિકતાને અસર કરી છે." એએસાઈએ રજૂઆત કરી હતી કે આ કબર પૃથ્વીરાજ ચૌહાણના કિલ્લાની નજીક છે અને પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ અનુસાર ૨૦૦ મીટરના નિયંત્રિત ક્ષેત્રમાં આવે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ સમારકામ, નવીનીકરણ અથવા બાંધકામ કાર્ય સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગીથી હાથ ધરવામાં આવશે.

અહેવાલમાં કહેવાયું છે કે, "બંને સ્થાપત્યોની વારંવાર મુલાકાત લેવામાં આવે છે. શ્રદ્ધાળુઓ ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે આશિક દરગાહ પર દીવા પ્રગટાવે છે. તેઓ ચિલ્લાગાહની મુલાકાત લે છે. આ સ્થળ ચોક્કસ ધાર્મિક સમુદાયની ધાર્મિક ભાવના અને શ્રદ્ધા સાથે પણ સંકળાયેલું છે." સુપ્રીમ કોર્ટ ઝમીર અહેમદ જુમલાના નામના વ્યક્તિ દ્વારા દિલ્હીના મહેરૌલી પુરાતત્ત્વીય ઉદ્યાનની અંદર સદીઓ જૂની ધાર્મિક સ્થાપત્યોની સુરક્ષાની માંગ કરતી અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં ૧૩મી સદીની આશિક અલ્લાહ દરગાહ (૧૩૧૭ એડી) અને બાબા ફરીદના ચિલ્લાગાહનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે દિલ્હી વિકાસ સત્તામંડળ (DDA)એ તેમની ઐતિહાસિકતાનું મૂલ્યાંકન કર્યા વિના અતિક્રમણ દૂર કરવાના નામે માળખાઓને તોડી પાડવાની યોજના બનાવી છે. જુમલાનાએ ૮ ફેબ્રુઆરીના દિલ્હી હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે જેમાં કહેવામાં આવ્યું હતું કે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાની આગેવાની હેઠળની ધાર્મિક સમિતિ આ બાબત પર વિચાર કરી શકે છે. જુમલાનાએ દલીલ કરી હતી કે સમિતિ કોઈ માળખાની પ્રાચીનતા નક્કી કરવા માટે યોગ્ય મંચ નથી.

# નાતાલ પર યુક્રેનના ઊર્જા માળખાને નિશાન બનાવતું રશિયા, ૭૦ જેટલા મિસાઈલ અને ૧૦૦ ડ્રોનથી આક્રમણ

**રશિયાએ ક્રિસમસ પર નવેસરથી મોટું આક્રમણ કર્યું છે અને યુક્રેનની રાજધાનીમાં આવેલા ઊર્જાના પાયાના માળખાને નિશાન બનાવીને ૭૦થી વધુ મિસાઈલ અને ૧૦૦થી વધુ ડ્રોન છોડવામાં આવ્યા**

(એજન્સી) કીવ, તા.૨૫

ક્રિસમસ પર રશિયા દ્વારા જબરદસ્ત હલ્લો બોલાવીને યુક્રેનના ઊર્જાના માળખા પર પ્રચંડ આક્રમણ કરવામાં આવ્યું હતું અને નાતાલના દિવસે જ રશિયાએ યુક્રેનના ઊર્જાના પાયાના માળખાને નિશાન બનાવીને ૭૦થી વધુ મિસાઈલનો મારો ચલાવ્યો હતો અને ૧૦૦થી વધુ ડ્રોન છોડવામાં આવ્યા હતા તેમ યુક્રેનના પ્રમુખ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે ક્રિસમસ પર્વ ઉપર જ બેલેસ્ટિક મિસાઈલ સહિતના ૭૦થી વધુ મિસાઈલ અને ૧૦૦થી વધુ ડ્રોનનો મારો ચલાવવામાં આવ્યો તેનાથી વધુ અમાનવીય બીજું શું હોઈ શકે. અમારા ઊર્જાના માળખા ઉપર જ નિશાન સાધવામાં આવી રહ્યા છે તેઓ યુક્રેનને અંધકારમાં ધકેલી દેવા માંગે છે. તેમણે કહ્યું હતું કે ખૂબ જ ચોકસાઈથી આયોજન કરીને અમારા ઊર્જાના પાયાના માળખાને નિશાન બનાવવામાં આવ્યા છે. જોકે અમે ૫૦થી વધુ મિસાઈલ અને એટલી જ સંખ્યામાં ડ્રોનને તોડી પાડ્યા છે. બુધવારના કેટલાક થર્મલ પાવર પ્લાન્ટ પર રશિયાએ હુમલા કર્યા છે એવું યુક્રેનની સૌથી મોટી પ્રાઈવેટ ઊર્જા કંપની દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. કંપનીએ જાહેર કર્યું હતું કે ક્રિસમસ જેવા પવિત્ર પર્વ પર લોકોને પ્રકાશથી વંચિત રાખવા અને ઠંડીમાં હેરાન થવા દેવા એ શૈતાની કૃત્યુ છે.

**દેશનું સૌથી ઠંડુ શહેર લદ્દાખનું ન્યોમા છે**

# લદ્દાખમાં -૨૦ તો હિમાચલમાં -૧૦ ડિગ્રીએ પહોંચ્યું તાપમાન

(એજન્સી) લદ્દાખ, તા.૨૫

ડિસેમ્બરનું છેલ્લું અઠવાડિયું ચાલી રહ્યું છે ત્યારે વર્ષના અંતે ઉત્તર ભારતમાં ઠંડીએ પણ પોતાનું જોર બતાવવા માંડ્યું છે. પશ્ચિમી વિક્ષોભની અસરથી પહાડો પર હિમવર્ષા અને મેદાની વિસ્તારમાં વરસાદ યથાવત્ છે. વળી યોગ્ય સૂર્ય પ્રકાશ ન મળતાં તાપમાનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે ૨૫ ડિસેમ્બરે લદ્દાખમાં તાપમાન ઘટતાં -૨૦ સુધી પહોંચી ગયું છે, આ સાથે જ હિમાચલપ્રદેશમાં -૧૦ સુધી તાપમાનનો પારો ગગડ્યો છે.

દેશનું સૌથી ઠંડુ શહેર આજે લદ્દાખનું ન્યોમા છે, જ્યાં તાપમાન માઈનસ ૨૦.૩ રહ્યું. વળી હિમાલયના તાબામાં તાપમાન માઈનસ ૧૦.૬ છે. આ સિવાય કાશ્મીરના બાલિસ્ટાન મુઝફ્ફરાબાદમાં તાપમાન માઈનસ ૯.૫ છે. મેદાની વિસ્તારની વાત કરીએ તો પંજાબના અદમપુરમાં તાપમાન ૪ ડિગ્રી પહોંચી ગયું છે. જો કે, હરિયાણાના નારનૌલમાં તાપમાન ૫.૨ નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં હિમાચલપ્રદેશના મોટાભાગના વિસ્તારમાં તાપમાન શૂન્યથી નીચે નોંધાયું છે. સૌથી ઓછું લઘુત્તમ તાપમાન લાહોર-સ્પીતિના જનજાતીય વિસ્તારોમાં -૧૦.૬ ડિગ્રી સે. નોંધાયું છે. કાઝામાં તાપમાન -૬.૯ ડિગ્રી રહ્યું, જો કે કુકુમસેરીમાં -૮.૨ ડિગ્રી સે. તાપમાન નોંધાયું છે. આઈએમડી અનુસાર, કિન્નૌર જિલ્લાના રિકાંગ-પિઓમાં તાપમાન -૦.૯ ડિગ્રી સે. નોંધાયું છે. મનાલીમાં પણ તાપમાન -૦.૩ ડિગ્રી સે. રહ્યું હતું. રાજ્યની રાજધાની શિમલામાં તાપમાન ૨.૦ ડિગ્રી સે. નોંધાયું હતું. જો કે, કુફરી અને નારકંડામાં ૦.૧ ડિગ્રી સે. અને -૨.૮ ડિગ્રી સે. નોંધાયું હતું. કિન્નૌરના કલ્પામાં તાપમાન -૪.૦ ડિગ્રી સે. નોંધાયું હતું અને ધર્મશાળામાં તાપમાન ૫.૦૨ ડિગ્રી સે. નોંધાયું હતું.

**શિમલા, કુલ્લુ, મનાલી વગેરે શહેરોમાં લાંબા ટ્રાફિક જામ**

# હિમાચલપ્રદેશના લોકપ્રિય પર્યટન સ્થળોમાં હિમવર્ષા

(એજન્સી) શિમલા, તા.૨૫

ક્રિસમસની ઉજવણી વચ્ચે હિમાચલપ્રદેશના લોકપ્રિય પર્યટન સ્થળો તાજી હિમવર્ષાને કારણે બરફથી ઢંકાઈ ગયા છે. પરિણામે પ્રવાસીઓના પ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે હિમાચલના શિમલા, કુલ્લુ, મનાલી વગેરે શહેરોમાં લાંબા ટ્રાફિક જામ થાય છે. એટલું જ નહીં સ્થિતિ એવી બની કે કુલ્લુના ધુંડી અને મનાલી-લેહ હાઈવે પર અટલ ટનલના ઉત્તરી અને દક્ષિણ દરવાજા પર લગભગ ૧૫૦૦ વાહનો બરફમાં ફસાઈ ગયા. આ વાહનોને દૂર કરવા માટે એક મોટું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. હિમવર્ષાને કારણે રસ્તાઓ ખતરનાક રીતે લપસણો બની ગયા હતા. જેના કારણે લાંબો ટ્રાફિક જામ થયો હતો અને ઘણા પ્રવાસીઓ તેમના વાહનોમાં રાતોરાત ફસાયા હતા.

ઘણા ફસાયેલા પ્રવાસીઓ મેદાનોમાંથી તેમની પોતાની કાર અથવા ટેક્સીમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમને બર્ફિલા રસ્તાઓ પર વાહન ચલાવવાનો કોઈ અનુભવ નહોતો. બરફના વધતા જતા સંચયને કારણે પરિસ્થિતિ વધુ વણસી હતી. જેના કારણે ટ્રાફિક જામ અને અવરજવરમાં સમસ્યા સર્જાઈ હતી. કેટલાક પ્રવાસીઓ તેમના વાહનોમાં રાતોરાત થીજી જતા તાપમાનમાં ફસાઈ ગયા હતા અને અનુભવને 'ભયાનક' ગણાવતા હતા. ૮ હજાર લોકોને બચાવી લેવાયા હતા : મનાલી ડીએસપી કે.ડી. શર્માએ જણાવ્યું હતું કે, સોમવારે બપોરે બે વાગ્યે શરૂ થયેલ બચાવ કામગીરી આખી રાત ચાલુ રહી, જેમાં પોલીસ કર્મચારીઓએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ઝીરોથી નીચેના તાપમાનમાં અથાક મહેનત કરી.

બીજા દિવસે સવારે ૧૦ વાગ્યા સુધીમાં તમામ વાહનોને બહાર કાઢવામાં આવ્યા હતા અને ફસાયેલા તમામ ૮૦૦૦ પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા. ભારે હિમવર્ષાને કારણે મનાલી-લેહ હાઈવે પર વાહનોની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી, જેના કારણે મુસાફરોને વિલંબ અને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.

**વાહન સ્લીપ થવાથી ૪ લોકોનાં મોત થયા હતા :** હિમાચલપ્રદેશના શિમલા અને મનાલીમાં તાપમાન શૂન્યથી અનેક ડિગ્રી નીચે ગયું છે. હવામાન પરિસ્થિતિઓએ આ શહેરોને પ્રવાસીઓ માટે ક્રિસમસ અને નવા વર્ષની રજાઓનો આનંદ માણવા માટે સંપૂર્ણ પ્રવાસન સ્થળો બનાવ્યા છે.

# ૮ બ્લાસ્ટ અને એન્કાઉન્ટરમાં મોતની ઘટનાઓ બાદ પંજાબના પોલીસ સ્ટેશનોની સુરક્ષા વધારાઈ

(એજન્સી) તા.૨૫

ગત મહિને વિવિધ પોલીસ સ્ટેશનો, પોલીસ ચોકીઓ અને ચેકપોસ્ટ પર થયેલા આઠ વિસ્ફોટોને પગલે પંજાબ પોલીસ અમૃતસર અને ગુરદાસપુર જિલ્લાઓમાં પોલીસ સ્ટેશનની આસપાસ સુરક્ષા કડક બનાવી રહી છે. સૂત્રોએ મંગળવારે આ જાણકારી આપી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે પોલીસ દિવાલોની ઊંચાઈ વધારી રહી છે અને તેનું પુનઃનિર્માણ કરી રહી છે. સાથે જ સેન્ટ્રી પોસ્ટ ઊભી કરી રહી છે અને ગ્રેનેડ અને અન્ય વિસ્ફોટક ઉપકરણોને રોકવા માટે છત અને બાઉન્ડ્રી વોલ પર નેટ લગાવી રહી છે. અમૃતસરના જંડિયાલા ગુરૂ પોલીસ સ્ટેશનમાં લોખંડનો ગેટ લગાવવામાં આવ્યો છે. અમૃતસર અને કંબોના ઘરિંડા પોલીસ સ્ટેશનમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. દરમિયાન, સૂત્રોએ જણાવ્યું હતું કે સોમવારે ઉત્તરપ્રદેશના પીલીભીતમાં એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા ત્રણ શંકાસ્પદ ખાલિસ્તાની આતંકવાદીઓ નમ્ર પૃષ્ઠભૂમિના છે. તેમણે કહ્યું કે તેમના પરિવારના સભ્યોને વિશ્વાસ કરવો મુશ્કેલ થઈ રહ્યો છે કે આ યુવાનો દેશ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હોઈ શકે છે. ત્રણેય, કથિત રીતે ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ (KZF)ના સભ્યોની ઓળખ વરિન્દર સિંઘ ઉર્ફે રવિ (૨૩), ગુરવિન્દર સિંઘ (૨૫) અને જશનપ્રીત સિંહ ઉર્ફે પ્રતાપ સિંહ (૧૮) તરીકે થઈ છે. આ તમામ કલાનૌરના રહેવાસી છે. ગુરવિંદર સિંહના પરિવારજનોએ જણાવ્યું હતું કે યુવકના ડૂબવાના સંબંધમાં તેમના પુત્ર વિરૂદ્ધ પોલીસ કેસ નોંધવામાં આવ્યો હતો. તે ગયા અઠવાડિયે પંજાબના બટાલા માટે ઘરેથી નીકળ્યો હતો અને બાદમાં તેનો ફોન સ્વીચ ઓફ જોવા મળ્યો હતો. તેના પિતા ગુરદેવ સિંહ, એક મજૂર, કહ્યું, 'અમને વિશ્વાસ નથી થતો કે તે આવું કંઈક કરવાનું વિચારી પણ શકે. જશનપ્રીત સિંહની માતા પરમજીત કૌરે જણાવ્યું કે તેમનો પુત્ર એક અઠવાડિયા પહેલા જ ઘર છોડીને ગયો હતો. તેણે તેમને કહ્યું કે તે કોમર્શિયલ વાહનો ચલાવીને તેના પરિવારનું ભરણપોષણ કરવા માંગે છે. 'અમને ખબર નથી કે શું થયું અને તે યુપી કેવી રીતે પહોંચ્યો.

# છત્તીસગઢ : ચોખાની ચોરીની શંકામાં દલિત વ્યક્તિને માર મારી મોતને ઘાટ ઉતારાયો

(એજન્સી) તા.૨૫

છત્તીસગઢના રાયગઢમાં માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે. ચોખા ચોરીની શંકામાં એક દલિત વ્યક્તિને કથિત રીતે માર મારવામાં આવ્યો હતો. પોલીસે આદિવાસી વ્યક્તિ સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. આ ઘટના રવિવારે વહેલી સવારે ડુમરપાલી ગામમાં બની હતી. સમાચાર અનુસાર મૃતકની ઓળખ ૫૦ વર્ષીય પંચરામ સારથી તરીકે થઈ છે. સામાજિક કાર્યકરોનો દાવો છે કે, આ ઘટના મોબ લિંચિંગ છે. મુખ્ય આરોપી વીરેન્દ્ર સિદરે જણાવ્યું કે, તે અવાજના કારણે રાત્રે જાગી ગયો હતો. તેણે જોયું કે પીડિત પંચરામ સારથી ઉર્ફે બુટુ ઘરમાં ઘૂસીને ચોખા ભરેલી બોરીની ચોરી કરી રહ્યો હતો. પંચરામ સારથીની હરકતોથી વીરેન્દ્ર સિદરને ગુસ્સો આવ્યો. તેણે સારથીને પકડવા માટે પાડોશીઓને બોલાવ્યા. કોલ સાંભળીને અજય પ્રધાન અને અશોક પ્રધાન ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્રણેય પંચરામ સારથીને પકડીને ઝાડ સાથે બાંધી દીધા. સૂત્રોના જણાવ્યા અનુસાર ગામના સરપંચે સવારે આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસની ટીમ સવારે છ વાગ્યે ઘટનાસ્થળે પહોંચી હતી.

સારથી ઝાડ સાથે બાંધેલી બેભાન હાલતમાં મળી આવી હતી. પોલીસ સૂત્રોએ દાવો કર્યો હતો કે, તેને ઝાડ સાથે બાંધીને માર મારવામાં આવ્યો હતો. હુમલાખોરોએ પીડિતાને લાકડીઓ અને મુક્કાઓ વડે માર માર્યો હતો. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) હેઠળ ધરપકડ કરાયેલા ત્રણ લોકો સામે હત્યાનો કેસ નોંધ્યો છે.

આ ઘટનામાં અન્ય કોણ-કોણ સંડોવાયેલ છે તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. દલિત હત્યા કેસ પણ વેગ પકડ્યો છે. કાર્યકરોએ મોબ લિંચિંગ સામેની જોગવાઈઓને લાગુ કરવાની માંગ કરી છે. પોલીસે જણાવ્યું કે, આ ઘટનામાં સામેલ મુખ્ય આરોપી સહિત ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# મુખ્યપ્રધાન આતિશીની ધરપકડ કરવાની યોજના બનાવવામાં આવી રહી છે : અરવિંદ કેજરીવાલનો દાવો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

આમઆદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલે બુધવારે દાવો કર્યો હતો કે આગામી થોડા દિવસોમાં દિલ્હીના મુખ્યમંત્રી આતિષીને નકલી કેસમાં ફસાવીને તેની ધરપકડ કરવાની યોજના છે અને ૨૦૨૫ દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પર દરોડા પાડવાની યોજના પણ ચાલી રહી છે.

રાષ્ટ્રીય રાજધાનીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે સંજીવની યોજના માટે શાસક AAPની નોંધણી ઝુંબેશ વિશે ચિંતા વ્યક્ત કર્યા પછી આ નિવેદન આવ્યું છે. આ દિલ્હીના ૬૦ વર્ષથી વધુ વયના રહેવાસીઓને ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં મફત સારવાર પ્રદાન કરવાની યોજના છે. બુધવારે અખબારોમાં પ્રકાશિત જાહેર સૂચનામાં, વિભાગે જણાવ્યું હતું કે તેની પાસે આવી કોઈ માનવામાં આવતી સંજીવની યોજના અસ્તિત્વમાં નથી. તેણે વૃદ્ધ નાગરિકો પાસેથી વ્યક્તિગત ડેટા એકત્રિત કરવા માટે કોઈને અધિકૃત કર્યા નથી અને તે કોઈ કાર્ડ પ્રદાન કરવામાં આવતા નથી. વિભાગે જણાવ્યું હતું કે આ યોજનાના નામ હેઠળ આવા ફોર્મ એકત્ર કરનાર કોઈપણ વ્યક્તિ અથવા રાજકીય પક્ષ છેતરપિંડી કરી રહ્યું છે.

કેજરીવાલે દાવો કર્યો હતો કે દિલ્હીના મુખ્યમંત્રી આતિશીની ટૂંક સમયમાં નકલી કેસમાં ધરપકડ કરવામાં આવશે કારણ કે AAP સરકાર દ્વારા મહિલા સન્માન યોજના અને સંજીવની યોજના જેવી કલ્યાણકારી પહેલોની જાહેરાતથી કેટલાક લોકો નારાજ થયા હતા. અમુક લોકો મહિલા સન્માન યોજના અને સંજીવની યોજનાથી ખૂબ જ નારાજ છે. તેઓએ બનાવટી કેસ કરીને આતિશીજીની આગામી થોડા દિવસોમાં ધરપકડ કરવાની યોજના બનાવી છે. તે પહેલા AAPના વરિષ્ઠ નેતાઓ પર દરોડા પાડવામાં આવશે. હું આ અંગે આજે ૧૨ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરીશ. AAPની બે ફ્લેગશિપ યોજનાઓ - મહિલા સન્માન યોજના અને સંજીવની યોજનાની જાહેરાત આવતા વર્ષની શરૂઆતમાં થનારી દિલ્હી વિધાનસભા ચૂંટણીના ભાગરૂપે કરવામાં આવી હતી. કેજરીવાલે મંગળવારે મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને ધ્યાનમાં રાખીને બે યોજનાઓની નોંધણી પ્રક્રિયા શરૂ કરી હતી અને ડોર-ટુ-ડોર ઝુંબેશ હાથ ધરી હતી. મહિલા સન્માન યોજનામાં ટેક્સ ન ભરનાર પાત્ર મહિલાઓને દર મહિને રૂા. ૧,૦૦૦ મળશે. જો AAP સત્તામાં આવે તો સંજીવની યોજના વરિષ્ઠ નાગરિકો માટે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મફત આરોગ્યસંભાળનું વચન આપે છે. મુખ્યમંત્રી આતિશી અને પક્ષના કન્વીનર અરવિંદ કેજરીવાલ સહિત AAP નેતાઓએ અનેક વિસ્તારોની મુલાકાત લીધી અને સંજીવની યોજના અને મહિલા સન્માન યોજના માટે ઘરઆંગણે નોંધણી શરૂ કર્યા પછી આ વાત સામે આવી છે.

# વડાપ્રધાનને આંબેડકર યાદ આવ્યા; દેશની જળ સંપત્તિ સુદૃઢ કરવામાં એમનું યોગદાન બહુમૂલ્ય છે : PM મોદી

## કોંગ્રેસ પર ભારે પ્રહારો કર્યા અને જળ સંપત્તિ જેવી યોજનાઓ ૩૫થી ૪૦ વર્ષ લટકાવી રાખી હોવાનો કોંગ્રેસ પર આક્ષેપ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કોંગ્રેસ પર ભારે પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, ત્રણ-ચાર દાયકા સુધી વિકાસના પ્રોજેક્ટ કોંગ્રેસની સરકારોમાં લટકાવી રાખવામાં આવતા હતા. બંધારણના નિર્માતા ડૉ.બી.આર. આંબેડકરને યાદ કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, આંબેડકરની દૂરંદેશી અને તેમની દીર્ઘદૃષ્ટિને કારણે જ ભારતમાં જળ



સુરક્ષા અંગેનો છે જે દેશો પાસે પૂરતા પ્રમાણમાં જળ સંપત્તિ હશે અને તેનું સંવર્ધન કર્યું હશે એ દેશો જ યોગ્ય સંચાલન સાથે આગળ વધી શકશે.

તેમણે કહ્યું હતું કે, દેશમાં ડેમોના નિર્માણ તથા જળ સંવર્ધનની દિશામાં અને કેન્દ્રીય જળપંચની રચનામાં આંબેડકરનું યોગદાન ખૂબ જ નોંધપાત્ર રહ્યું છે. મોદીએ ઉમેર્યું હતું કે, લોકોની જરૂરિયાત હંમેશા અલગ જ રહી છે. રાજ કરવું એ પોતાનો

**બાબાસાહેબની દૂરંદેશી અને એમના વિઝનને કારણે જળ સંવર્ધન અને જળ સંપત્તિનું કામ થયું અને ડેમોનું નિર્માણ થયું પરંતુ કોંગ્રેસે કદી એમને યશ આપ્યો નથી : વડાપ્રધાન**

સંવર્ધનનું કાર્ય ખૂબ જ સશક્ત રીતે થયું છે અને ડેમોનું નિર્માણ થયું છે. જળ સંસાધનોનો વિકાસ કરવામાં અને તેને મજબૂત બનાવવામાં આંબેડકરના વિઝનનો મહત્ત્વપૂર્ણ અને નોંધપાત્ર ફાળો રહ્યો છે એવું વડાપ્રધાને ઉમેર્યું હતું.

મધ્યપ્રદેશના ખજુરાહો ખાતે કેન-બેતવા નદી લિંકિંગ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, દેશમાં જળ સંપત્તિ અને જળ સંસાધનોના વિકાસમાં આંબેડકરનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે પરંતુ કોંગ્રેસે તેમના યોગદાનની અવગણના કરી છે અને એમને કદી યશ આપ્યો નથી.

સંસદમાં કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે આંબેડકર વિરોધી વિધાનો કર્યાના થોડા દિવસો બાદ વડાપ્રધાન મોદીએ જાહેર કાર્યક્રમમાં આંબેડકરને યાદ કર્યા અને જળ સંપત્તિ બારામાં એમના યોગદાનની પ્રશંસા કરી હતી એ સૂચક છે.

તેમણે કહ્યું, કેન્દ્રીય જળપંચની રચનામાં અને મહત્ત્વના રિવર વેલી પ્રોજેક્ટ અને ડેમોના નિર્માણમાં આંબેડકરની દીર્ઘદૃષ્ટિ અને એમની દૂરંદેશી ભરી નીતિનું ખૂબ જ નોંધપાત્ર યોગદાન રહ્યું છે. વડાપ્રધાને આક્ષેપ કર્યો હતો કે, દેશની જળ સંસાધનનો બચાવ કરવાની અને જળ સંપત્તિનું સંવર્ધન કરવાની જરૂરિયાતની કોંગ્રેસે હંમેશા અવગણના કરી છે અને જળ સુરક્ષા અને સંવર્ધન માટે આંબેડકરે જે પ્રયાસો કર્યા તેને પણ કદી કોંગ્રેસે યશ આપ્યો નથી અને એમના પ્રયાસોને માન આપ્યું નથી. વડાપ્રધાને કહ્યું હતું કે, ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર જન્મ સિદ્ધ અધિકાર હોવાનું તો કોંગ્રેસ માને છે પણ સારૂં શાસન આપવામાં અને લોકોની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવામાં કોંગ્રેસ નિષ્ફળ રહી છે. લોકોને કોઈ ફાયદો ન થાય એવી યોજનાઓ જાહેર કરવામાં તેઓ નિષ્ણાંત છે. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે, ભૂતકાળમાં પણ યોજનાઓને કોંગ્રેસે ૩૫થી ૪૦ વર્ષ અધૂરી રાખી હતી અને લટકાવી રાખી હતી અને માત્ર શિલાન્યાસ થતાં હતા પણ યોજનાઓ પૂરી થતી નહોતી. તેમણે કહ્યું હતું કે, લોકોને ભાજપની સરકારોમાં વિશ્વાસ છે એટલે જ ત્રીજી વખત કેન્દ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર બની છે અને મધ્યપ્રદેશમાં પણ બની છે કેમ કે અમે હંમેશા સારૂં શાસન આપવા માટે તૈયાર રહ્યા છીએ અને એ અમારો સંકલ્પ રહ્યો છે.

# આમ આદમી પાર્ટીના ચૂંટણી વચનોથી હાથ ઊંચા લેતા દિલ્હી સરકારના તમામ વિભાગો, આપની યોજનાઓ અને વચનોને છેતરપિંડી ગણાવ્યા

## આમ આદમી પાર્ટી દ્વારા તેમની બે પૈકીની મુખ્ય અને મહત્ત્વની યોજનાઓની નોંધણી શરૂ કર્યાના થોડા દિવસોમાં જ દિલ્હી સરકાર દ્વારા અસ્તિત્વમાં જ ન હોય તેવી યોજનાઓની વ્યક્તિગત વિગતો જાહેર કરવા સામે ચેતવણી ઉચ્ચારી અને આવી પ્રવૃત્તિઓને છેતરપિંડી સમાન ગણાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

દિલ્હી સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા આરોગ્ય વિભાગ દ્વારા બુધવારે જાહેર નોટિસ મારફત આમ આદમી પાર્ટીની યોજનાઓથી પોતાના હાથ ઊંચા લેવાની સ્પષ્ટ જાહેરાત કરતા આમ આદમી પાર્ટીને મોટો આંચકો લાગ્યો છે. આમ આદમી ભારતીય મહિલાઓને માસિક રૂપિયા ૨૧૦૦ની સહાય તેમજ વયસ્ક નાગરિકોને નિઃશુલ્ક સારવાર યોજના જાહેર કર્યા પછી દિલ્હી સરકારના બે વિભાગોએ આ યોજનામાંથી હાથ ઊંચા લીધા છે જેના કારણે વિધાનસભાની ચૂંટણીઓ પહેલા દિલ્હીમાં નવો વિવાદ ઊભો થયો છે. બંને વિભાગોએ લોકોને જે અસ્તિત્વમાં જ નથી એવી યોજનાઓ વિશેની કોઈ વ્યક્તિગત વિગતો જાહેર ન કરવા ચેતવણી આપી છે અને જાહેર કર્યું છે કે કોઈપણ વ્યક્તિ અથવા તો કોઈ પણ રાજકીય પક્ષ આવી માહિતી એકત્ર કરે અથવા તો તેના ફોર્મ મેળવતા હોય તો એ છેતરપિંડી છે અને એ માટેની કોઈ સત્તા આપવામાં આવી નથી. આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા મુખ્યમંત્રી મહિલા સન્માન યોજના અને સંજીવની યોજના જાહેર કરવામાં આવી હતી પરંતુ આ યોજનાઓમાંથી દિલ્હી સરકારના બે વિભાગોએ પોતાના હાથ ઊંચા લઈ લેતા આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ સખત રોષે ભરાયા છે. આ યોજનાઓ અંગે ઝુંબેશ ચલાવી રહેલા કેજરીવાલે એવો આક્ષેપ કર્યો હતો કે બંને યોજનાઓથી ભાજપ હચમચી ગયો છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આવનારા દિવસોમાં કદાચ મુખ્યમંત્રી આતિશીની ખોટા કેસમાં ધરપકડ કરવામાં આવે તેવી પણ શક્યતા છે કેમકે મહિલા સન્માન યોજના અને સંજીવની યોજનાથી ભારતીય જનતા પાર્ટી હચમચી ગઈ છે એટલે મુખ્યમંત્રી સામે ખોટો કેસ કરવાની અને એમની ધરપકડ કરાવવાની તૈયારીઓ કરી રહી છે.

ભાજપના સાંસદ બાંસુરી સ્વરાજે એવું જણાવ્યું હતું કે મેં ગઈકાલે આરોગ્ય સચિવ સાથે વાતચીત કરી હતી અને એમને માહિતગાર કર્યા હતા કે સંજીવની યોજના જેવી કોઈ યોજના અસ્તિત્વમાં જ નથી. બીજી તરફ કેજરીવાલ સહિતના નેતાઓ દ્વારા વિધાનસભાની ચૂંટણી પહેલા જ યોજનાઓ જાહેર કરી દેવામાં આવી છે અને તેની નોંધણી પણ શરૂ કરી દેવામાં આવી છે. એમને આશા છે કે આ બંને યોજનાઓથી મતદારો




આમ આદમી પાર્ટી તરફ આવશે અને પક્ષને વધુમાં વધુ મતો મળશે અને રાજ્યમાં પક્ષને સત્તા જાળવી રાખવામાં આ યોજનાઓ મદદરૂપ બનશે.

જોકે આ સમગ્ર મામલામાં વળાંક ત્યારે આવ્યો ત્યારે દિલ્હીના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ તથા આરોગ્ય વિભાગ દ્વારા એવું જાહેર કરવામાં આવ્યું હતું કે આવી બે યોજનાઓનું અસ્તિત્વ નથી એટલે લોકો તેના વિશેની માહિતી મેળવવાની કોશિશ ન કરે અને એવા કોઈ ફોર્મ મેળવવા અથવા તો તેની માહિતી મેળવીને વ્યક્તિગત રીતે જાહેર કરવી એ છેતરપિંડી સમાન ગણાશે. આવી કોઈ યોજનાને દિલ્હી સરકારે મંજૂરી આપી નથી એવું પણ બંને વિભાગો દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું અને એવું પણ જાહેર કરવામાં આવ્યું હતું કે જો આ યોજનાઓનો અમલ શરૂ થશે તો બંને સરકારી વિભાગના પોર્ટલ પર તેની અરજીઓ આપવાની રહેશે અને એ પણ ઓનલાઈન જ આપવાની રહેશે. આવી કોઈ યોજનાઓ અત્યારે અસ્તિત્વમાં નથી એવું બંને વિભાગો દ્વારા જાહેર કરવામાં આવતા નવો રાજકીય વિવાદ ઊભો થવાની શક્યતા છે. લોકોને એવી પણ સલાહ આપવામાં આવી છે કે આવી કોઈ યોજના નથી અને જાહેરાત કરવામાં આવી રહી છે તે ગેરમાર્ગે દોરનારી છે આથી લોકોએ પોતાની વ્યક્તિગત કોઈ વિગતો આપવી નહીં કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિને આવી વિગતો આપવી નહીં. જાહેર નોટિસમાં બંને સરકારી વિભાગો હોય એવું પણ કહ્યું છે કે સંજીવની યોજના કે મહિલા સન્માન યોજના હજુ સુધી અમલમાં છે નહીં એટલે એ વિશે કોઈ પણ પ્રકારના ફોર્મ ભેગા કરવા તે આપવા કે અરજીઓ લેવી કે એકત્ર કરવી એ છેતરપિંડી ગણાશે.

# ‘રાજકીય શિકાર કરવા ન્યાયતંત્રને હથિયાર બનાવવું’ બાંગ્લાદેશ દ્વારા પ્રત્યાર્પણના પગલા અંગે હસીનાના પુત્ર બોલ્યા

**ન્યુઝ GT પોઈન્ટ** ન્યાયતંત્રનું રાજકારણ અન્ય દેશોમાંય પૂરઝડપે થયું છે અને જે રાજા ન્યાય નહીં આપી શકે તે રાજધર્મનું પાલન કરી શકતો નથી અને જ્યાં ન્યાય ન મળે ત્યાં અરાજકતા વિકસે છે. ‘જહાંગીર કા ઈન્સાફ’ માટે મોઘલકાળ પ્રખ્યાત હતો અને માટે જ લાંબા સમય સુધી રાજ કર્યું નહીં તો ભારત રાજા રજવાડાંઓમાં વહેંચાયેલ હતા.

(એજન્સી) વોશિંગ્ટન, તા. ૨૫

બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાના પુત્ર સંજીબ વાઝેદે મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર પર અવામી લીગ નેતૃત્વ સામે ‘‘રાજકીય શિકાર’’ કરવા માટે ‘‘ન્યાયતંત્રને હથિયાર બનાવવા’’નો આરોપ મૂક્યો છે. એક્સ પર વાઝેદે આ આરોપો સાથે વચગાળાની સરકારે ભારત પાસે શેખ હસીનાના પ્રત્યાર્પણની માગ કરી ત્યારબાદ પોસ્ટ કરી છે. ૭૭ વર્ષીય હસીના ૫ ઓગસ્ટથી ભારતમાં રહે છે જ્યારે તેઓ વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના વિશાળ વિરોધ પ્રદર્શન બાદ બાંગ્લાદેશ છોડી ગયા હતા જેણે તેમના અવામી લીગના ૧૬ વર્ષના શાસનને તોડી પાડ્યું હતું. બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલે (ICT) હસીના અને ઘણા ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીઓ, સલાહકારો અને લશ્કરી અને નાગરિક અધિકારીઓ માટે ‘‘માનવતા વિરૂદ્ધના ગુનાઓ અને નરસંહાર’’ માટે ધરપકડ વોરંટ જારી કર્યા છે. વાઝેદે પોસ્ટમાં કહ્યું કે, ‘‘યુનુસના નેતૃત્વ હેઠળના શાસન દ્વારા આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલ દ્વારા હાસ્યાસ્પદ ટ્રાયલ પ્રક્રિયા હાથ ધરવા માટે નિયુક્ત કરાયેલા ન્યાયાધીશો અને ફરિયાદીઓ તેને રાજકીય શિકાર બનાવવા માટે ન્યાયને કોરાણે મુકે છે અને આવામી લીગ નેતૃત્વને હેરાન કરવા માટે વધુ એક ચાલુ હુમલાને ચિહ્નિત કરે છે.’’

અમેરિકામાં રહેતા વાઝેદ એક આઈટી ઉદ્યોગસાહસિક છે અને હસીનાની સરકારમાં આઈસીટી સલાહકાર રહી ચૂક્યા છે. કાંગારૂ ટ્રિબ્યુનલ અને ત્યારબાદ પ્રત્યાર્પણની વિનંતી ત્યારે આવે છે જ્યારે સેંકડો નેતાઓ અને કાર્યકરોને ન્યાયિક રીતે માર્યા જાય છે અને ઘૃણાસ્પદ હત્યાના આરોપો ઘડવામાં આવે છે, કાયદા અમલીકરણ દ્વારા હજારો લોકોને ગેરકાયદેસર રીતે કેદ કરવામાં આવે છે અને લૂંટફાટ, તોડફોડ અને આગચંપી સહિતના હિંસક હુમલાઓ શાસનના અવગણનાને કારણે દરરોજ સજા-મુક્તિ



સાથે ચાલુ રહે છે.’’ સોમવારે, ભારતે નવી દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશન તરફથી ‘શાબ્દિક નોંધ’ અથવા રાજદ્વારી સંદેશાવ્યવહાર પ્રાપ્ત કરવાની પુષ્ટિ કરી હતી પરંતુ તેના પર ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું. ભારત-બાંગ્લાદેશ પ્રત્યાર્પણ સંધિની જોગવાઈઓ હેઠળ, જો ગુનો ‘‘રાજકીય સ્વભાવનો’’ હોય તો પ્રત્યાર્પણનો ઈનકાર કરી શકાય છે. બાંગ્લાદેશના ડિ ફેક્ટો વિદેશ મંત્રી તૌહીદ હુસૈને કહ્યું કે ઢાકા ઈચ્છે છે કે હસીના ન્યાયિક પ્રક્રિયાનો સામનો કરે. વાઝેદે વધુમાં આરોપ લગાવ્યો કે ૨૨ ડિસેમ્બરે યુનુસ શાસન દ્વારા નિયુક્ત આઈસીટી ટ્રિબ્યુનલના મુખ્ય ફરિયાદી તાજુલ ઈસ્લામે યુદ્ધ ગુનેગારોનો બચાવ કરવાના સાબિત રેકોર્ડ હોવા છતાં, હસીના વિરૂદ્ધ ‘‘ઈરાદાપૂર્વક ખોટી માહિતી ફેલાવી’’ એવો દાવો કર્યો હતો કે ઈન્ટરપોલે તેમના વિરૂદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરી હતી અને તેને ‘‘ડો. યુનુસના હિત માટે હાસ્યાસ્પદ ટ્રાયલ ચલાવવાનો ભયાવહ પ્રયાસ’’ ગણાવ્યો હતો. હસીનાના પુત્રે જણાવ્યું કે, ‘‘પરંતુ મીડિયામાં આ સંપૂર્ણ જૂઠાણાના ખુલાસા બાદ ફરિયાદીએ પાછળથી પોતાનું નિવેદન બદલી નાખ્યું અને હવે સત્તાવાર રીતે ભારતને પ્રત્યાર્પણ માટે વિનંતી મોકલી છે.’’

# ૩૬ વર્ષના પ્રતિબંધ પછી સલમાન રશ્દીનું ‘ધ સેતાનિક વર્સીસ’ હવે ભારતમાં કેમ ઉપલબ્ધ ?

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૫


સલમાન રશ્દીનું વિવાદાસ્પદ પુસ્તક ‘‘ધ સેતાનિક વર્સીસ’’ જેને ૧૯૮૮માં રાજીવ ગાંધી સરકારે કટ્ટરપંથીઓના હોબાળા બાદ પ્રતિબંધિત કરી દીધું હતું તે હવે દિલ્હીના એક બુકસ્ટોરમાં ‘‘મર્યાદિત સ્ટોક’’માં ઉપલબ્ધ છે. બ્રિટિશ-ભારતીય નવલકથાકારને આ પુસ્તક માટે ભારે વિરોધનો સામનો કરવો પડ્યો છે જેને વિશ્વભરના મુસ્લિમ સંગઠનો દ્વારા નિંદાત્મક માનવામાં આવે છે. બહરિસન્સ બુકસેલર્સના માલિક રજની મલ્હોત્રાએ જણાવ્યું કે, ‘‘અમને પુસ્તક મળ્યાને થોડા દિવસ થયા છે અને અત્યાર સુધી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. વેચાણ સારું રહ્યું છે.’’ "વિવાદાસ્પદ પુસ્તક આ દુકાનમાં હવે સ્ટોકમાં છે! આ વિવાદાસ્પદ નવલકથાએ દાયકાઓથી તેની કાલ્પનિક વાર્તા કહેવાની અને બોલ્ડ થીમ્સથી કેટલાક વાચકો પર પ્રભાવ પાડ્યો છે. તે તેના પ્રકાશન પછીથી તીવ્ર વૈશ્વિક વિવાદના કેન્દ્રમાં પણ રહી છે, જેના કારણે મુક્ત અભિવ્યક્તિ, શ્રદ્ધા અને કલા પર ચર્ચાઓ શરૂ થઈ છે’’ તેમ પુસ્તકના વિક્રેતાએ જણાવ્યું છે.

**પ્રતિબંધ કેવી રીતે સમાપ્ત થયો ?**

દિલ્હી હાઈકોર્ટે રશ્દીના ‘ધ સેતાનિક વર્સીસ’ના આયાત પરના પ્રતિબંધને પડકારતી અરજી પર કાર્યવાહીનો અંત લાવ્યો અને નોંધ્યું કે અધિકારીઓ પ્રતિબંધ અંગે ૧૯૮૮ની સૂચના રજૂ કરવામાં નિષ્ફળ ગયા હતા અને તે ‘‘માનવું જોઈએ કે તે અસ્તિત્વમાં નથી.’’ ૫ નવેમ્બરના રોજ પસાર કરાયેલા આદેશમાં ન્યાયાધીશ રેખા પલ્લી અને સૌરભ બેનરજીની બેન્ચે જણાવ્યું હતું કે ૨૦૧૯માં દાખલ કરાયેલ અરજી નિરર્થક હતી અને અરજદાર કાયદામાં ઉપલબ્ધ હોય તે રીતે પુસ્તકના સંદર્ભમાં તમામ પગલાં લેવા માટે હકદાર રહેશે. અરજદાર સંદીપન ખાને કોર્ટમાં દલીલ કરી હતી કે તેઓ ૫ ઓક્ટોબર ૧૯૮૮ના રોજ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ દ્વારા જારી કરાયેલ નોટિફિકેશનને કારણે પુસ્તક આયાત કરી શકતા નથી જેમાં કસ્ટમ્સ એક્ટ અનુસાર દેશમાં તેની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

બેન્ચે અવલોકન કર્યું કે, ‘‘જે બહાર આવે છે તે એ છે કે કોઈ પણ પ્રતિવાદી ૫ ઓક્ટોબર ૧૯૮૮ના રોજનું નોટિફિકેશન રજૂ કરી શક્યો નથી જેનાથી અરજદાર કથિત રીતે નારાજ છે અને હકીકતમાં ૨૦૧૯માં રિટ પિટિશન ફાઈલ કરવામાં આવી ત્યારથી તે નોટિફિકેશનના પેન્ડિંગ દરમિયાન નોટિફિકેશનની નકલ રજૂ કરવામાં પોતાની લાચારી દર્શાવી છે.’’ તેથી નિષ્કર્ષ પર આવ્યા છીએ કે, ‘‘ઉપરોક્ત સંજોગોને ધ્યાનમાં રાખીને અમારી પાસે એવું માની લેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી કે આવી કોઈ નોટિફિકેશન અસ્તિત્વમાં નથી અને તેથી અમે તેની માન્યતાની તપાસ કરી શકતા નથી અને રિટ પિટિશનને નિરર્થક તરીકે નિકાલ કરીએ છીએ.’’

**સલમાન રશ્દી કોણ છે ?**




૧૯૪૭માં મુંબઈમાં બ્રિટિશ-અમેરિકન કાશ્મીરી મુસ્લિમ માતાપિતાના ઘરે જન્મેલો રશ્દીના રાજકીય અને ધાર્મિક માન્યતાઓને કારણે અનેક વિવાદો રહ્યા છે. રશ્દીએ ચાર વખત લગ્ન કર્યા છે જેમાં ક્લેરિસા લુઆર્ડ, અમેરિકન નવલકથાકાર મેરિયાન વિગિન્સ, એલિઝાબેથ વેસ્ટ અને ભારતીય-અમેરિકન અભિનેત્રી પદ્મા લક્ષ્મીનો સમાવેશ થાય છે. રશ્દીનું શિક્ષણ મુંબઈની કેથેડ્રલ અને જોન કોનન સ્કૂલ; ઈંગ્લેન્ડના વોરવિકશાયરમાં રગ્બી સ્કૂલ અને કેમ્બ્રિજની કિંગ્સ કોલેજમાં થયું હતું જ્યાંથી તેણે ઈતિહાસમાં બીએ કર્યું હતું. ૨૦૨૨માં ઓગસ્ટમાં પશ્ચિમ ન્યૂ યોર્કમાં એક સાહિત્યિક કાર્યક્રમમાં સ્ટેજ પર થયેલા હુમલા બાદ સલમાન રશ્દીએ એક આંખમાં દૃષ્ટિ ગુમાવી દીધી હતી અને એક હાથનો ઉપયોગ ગુમાવ્યો હતો. બાદમાં રશ્દીએ પોતાના નવા સંસ્મરણ ‘‘નાઈફ’’માં લગભગ જીવલેણ છરાના હુમલાનું વર્ણન કર્યું હતું જેના કારણે તે એક આંખથી નિસ્તેજ થયો હતો અને સાજા થવાની તેની સફરનું વર્ણન કર્યું હતું.

# એમ.એસ. ધોનીની મદદથી ૪,૫૦૦ કરોડ રૂપિયાની કંપની બનાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

તાજેતરના વર્ષોમાં ભારતમાં સ્ટાર્ટઅપ્સમાં નોંધપાત્ર વધારો થયો છે, જે નવીનતા અને ઉદ્યોગસાહસિકતાના નવા યુગની શરૂઆત દર્શાવે છે. ઉદ્યોગસાહસિકો એવા અગ્રેસર વિચારો રજૂ કરી રહ્યા છે જે માત્ર અસાધારણ સફળતા જ નહીં પરંતુ વ્યક્તિગત અને વ્યવસાયિક રીતે લોકોના રોજિંદા જીવન પર કાયમી અસર પણ કરે છે. ખાતાબુક, એક બુકકીપિંગ સ્ટાર્ટઅપ, ૨૦૧૮માં આશિષ સોનોને, ધનેશ કુમાર, વૈભવ કલ્પે, જયદીપ પુનિયા અને રવિશ નરેશ દ્વારા સ્થાપના કરવામાં આવી હતી. બેંગ્લુરૂ, કર્ણાટક સ્થિત, ખાતાબુક બિઝનેસ માલિકો અને વેપારીઓને તેમના ખાતાઓનું સંચાલન કરવામાં અને ઓનલાઈન ચૂકવણી સ્વીકારવામાં મદદ કરે છે. સ્ટાર્ટઅપે વ્યવસાયોને પરંપરાગત મેન્યુઅલ એકાઉન્ટિંગમાંથી ડિજિટલ સોલ્યુશન્સ તરફ સ્થાનાંતરિત કરવામાં મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. કાઈટ ટેક્નોલોજીસ દ્વારા વિકસાવવામાં આવેલી ખાતાબુક એપ્લિકેશન, વેપારીઓને તેમના સ્ટોક રેકોર્ડનું સંચાલન કરવાની સરળ રીત પ્રદાન કરે છે. વપરાશકર્તાઓ એપ્લિકેશન દ્વારા એકાઉન્ટને સરળતાથી હેન્ડલ કરી શકે છે અને ક્રેડિટ બેલેન્સનું નિરીક્ષણ કરી શકે છે. ખાતાબુક સેવા વાપરવા માટે મફત છે અને સુરક્ષિત વ્યવહારોની ખાતરી આપે છે. કર્ણાટકના બેંગ્લુરૂનો વતની, રવીશ નરેશ ખટાબુકના CEO તરીકે સેવા આપે છે. તેણે પ્રતિષ્ઠિત IIT બોમ્બેમાંથી સ્નાતક કર્યું અને અગાઉ હાઉસિંગ ડોટ કોમના સહ-સ્થાપક અને COO હતો. બિઝનેસ આઉટરીચ મુજબ,



રવિશ અને તેની ટીમે ભારતીયોમાં એક રસપ્રદ વલણ જોયું, જ્યારે લોકો ડિજિટલ વ્યવહારો સાથે વધુને વધુ આરામદાયક બની રહ્યા હતા, ત્યારે ઘણાં લોકો હજુ પણ તેમના એકાઉન્ટને મેન્યુઅલી રેકોર્ડ કરવા માટે પરંપરાગત પદ્ધતિઓ પર આધાર રાખે છે. આ અવલોકનથી તેઓ વ્યક્તિઓને ઑનલાઈન એકાઉન્ટિંગમાં સંક્રમણ કરવા પ્રોત્સાહિત કરવા માટે એક સરળ અને સાહજિક ઉકેલ વિકસાવવા તરફ દોરી ગયા. અને આમ ખાતાબુક એપ્લિકેશન બનાવવામાં આવી હતી. તેની શરૂઆતથી ખાતાબુકે પૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન એમએસ ધોની સહિત ઘણા સમર્થકો પાસેથી રોકાણ આકર્ષ્યું છે. ૨૦૨૪માં કંપનીએ ૪,૫૦૦ કરોડ રૂપિયાનું પ્રભાવશાળી મૂલ્યાંકન હાંસલ કર્યું હતું.

# ૫૧૦૦ કરોડ રૂપિયાની કંપની બનાવી, પછી તાતા ગ્રુપને વેચી દીધી, તેમનો ફૂડ વ્યવસાય છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ભારતમાં કેટલાય ઉદ્યોગપતિઓએ તેમના વ્યવસાયને શૂન્યથી બનાવ્યા અને તેમને કરોડોની કિંમતની કંપનીઓમાં ફેરવ્યા. તેમાંથી ઘણાંએ પાછળથી તેમની કંપનીઓ તાતા ગ્રુપ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવી મોટી બ્રાન્ડને વેચી દીધી. આવી જ એક વ્યક્તિ જેણે ૧૯૯૬માં પોતાની કંપની શરૂ કરી અને તેને તાતા ગ્રૂપને વેચી તે છે કેપિટલ ફૂડ્સના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર અજાજ ગુપ્તા, ચિંગ્સ સિક્રેટ અને સ્મિથ એન્ડ જોન્સ બ્રાન્ડના માલિક છે. ગુપ્તાએ તેમની કારકિર્દી સલાહકાર તરીકે શરૂ કરી હતી. તેમણે મેરઠની સીસીએસ યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ આર્ટસની ડિગ્રી મેળવી છે. ગુપ્તા એક માર્કેટિંગ



એજન્સી ચલાવતા હતા પરંતુ હંમેશા પોતાનો બિઝનેસ બનાવવા માંગતા હતા. પછી, તેમણે ચાઈનીઝ ફૂડમાં તક જોઈ અને ૧૯૯૬માં કેપિટલ ફૂડ્સની સ્થાપના કરી. તેઓ જાણતા હતા કે ભારતીય મહિલાઓ બહાર ખાવાને બદલે ઘરે રસોઈ કરવાનું પસંદ કરે છે. પછી ગુપ્તાએ તેમને મદદ કરવા માટે ઉત્પાદનોની આખી ટોપલી લોન્ચ કરી. કંપની ચટણી, મસાલા, ચટણી અને આદુ-લસણની પેસ્ટ વેચે છે. તેની બંને બ્રાન્ડના વિદેશી નામ ચિંગ્સ સિક્રેટ અને સ્મિથ એન્ડ જોન્સ છે. નેસ્લે, યુનિલિવર અને તાતા તેને ખરીદવાની રેસમાં હતા પરંતુ અંતે, તાતા ગ્રુપની FMCG કંપની, તાતા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સે કેપિટલ ફૂડ્સમાં ૧૦૦% હિસ્સો હસ્તગત કર્યો. કેપિટલ ફૂડ્સ, પેકેજ્ડ ફૂડ સેક્ટરમાં એક સુસ્થાપિત ખેલાડી, મજબૂત છત્રી પ્લેટફોર્મ બ્રાન્ડ્સ અને ઝડપથી વિકસતી શ્રેણીઓમાં ઘરના વપરાશ માટે તૈયાર કરાયેલ ઉત્પાદનોની વિશિષ્ટ શ્રેણી ધરાવે છે.

### ઈસ્કોન મંદિરના પૂજારીઓના કથિત બ્રેઈનવોશથી ભાગી ગયેલ દીકરીની હેબિયસમાં નવો વળાંક

# ગુમ થયેલી દીકરીએ પતિ સાથે સામે આવીને પોતાના માતા-પિતા પર ત્રાસ ગુજારવાના કર્યા આક્ષેપો

### હું મારા પતિ સાથે ખુશ છું, પેરેન્ટ્સ મારી નાખવાની ધમકીઓ આપે છે : ઓડિયોમાં દીકરીનું નિવેદન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

રાજ્યમાં વધુ એકવાર પૂજારીઓના કરતૂતની ચર્ચાસ્પદ ઘટના સામે આવતા ચર્ચાસ્પદ બની છે. જેમાં અમદાવાદના એસ.જી. હાઈવે પરના ઈસ્કોન મંદિરના પૂજારીઓના કથિત બ્રેઈનવોશથી દીકરી ભાગી ગઈ હોવાના આક્ષેપો સાથે પિતાએ હાઈકોર્ટમાં હેબિયસકોર્પસ કરી છે. છેલ્લા ૬ માસથી ગુમ થયેલી દીકરીની ભાળ મેળવવા પિતાએ કરેલી અરજીને ધ્યાનમાં રાખી હાઈકોર્ટે યુવતીને કોર્ટ સમક્ષ હાજર કરવા આદેશ કર્યો હતો, જોકે આ કેસમાં હવે નવો વળાંક આવ્યો છે.

ગુમ થયેલી દીકરી તેના પતિ સાથે સામે આવી છે. તેણે વીડિયો સંદેશ થકી પેરેન્ટ્સ દ્વારા પટ્ટાથી ફટકારવામાં આવતી હોવા સહિતના અન્ય ગંભીર આક્ષેપો કર્યા છે. તેમજ એક ઓડિયોમાં સેક્સ્યુઅલ હેરસમેન્ટ કર્યું હોવાનો પણ આક્ષેપ કરી રહી છે.

ઓડિયોમાં દીકરીએ જણાવ્યું છે કે, મેં મારી મરજીથી લગ્ન કર્યા છે અને હું આ લગ્નથી ખૂબ જ ખુશ છું. ૨૭ તારીખે હું મારી મરજીથી ઘરેથી નીકળી હતી. મારા પેરેન્ટ્સે જે ફરિયાદ કરી હતી કે હું કંઈક લઈને ભાગી છું, પરંતુ હું ફ્લાઈટમાં આવી છું તો તમે ચેકિંગ કરી શકો છો કે હું શું-શું લઈને આવી હતી. તેમણે મને ખૂબ જ મારી હતી. હેલ્પ લઈને હું મારા ફ્રેન્ડના ઘરે ચાલી ગઈ હતી, પરંતુ તેઓ કોઈપણ રીતે મને પાછી લાવ્યા હતા અને પાછી લાવ્યા બાદ સેમ બાબતો શરૂ થઈ ગઈ હતી કે તને મારીશું, જબરદસ્તી લગ્ન કરાવી દઈશું, કારણ કે અમે પેરેન્ટ્સ છીએ તો કંઈપણ કરી શકીએ છીએ. મારી જિંદગી ખરાબ કરી દીધી છે, એટલે મારે ત્યાંથી નીકળી જવું પડ્યું. આ લગ્નથી હું ખૂબ જ ખુશ છું અને મારા પાર્ટનર ખૂબ સારા છે અને મને સપોર્ટ પણ કરે છે, પરંતુ મારા પેરેન્ટ્સ આ બાબતો સ્વીકારી શકતા નથી એટલે કોઈપણ રીતે હેરાન કરવા માટે ખોટી ખોટી ફરિયાદો કરી રહ્યા છે. મારી પાસે તેમની ધમકીનાં રેકોર્ડિંગ્સ છે. હું મારી જિંદગીમાં ખૂબ ખુશ છું. મારી એટલી જ વિનંતી છે કે હું કોઈને પરેશાન કરવા માગતી નથી, પરંતુ વિનાકારણે જો મને કોઈ પરેશાન કરવા માગે તો ફરિયાદ હું પણ કરી શકું છું. મેં ફરિયાદ કરી નથી. મારા પેરેન્ટ્સ મને ધમકીઓ આપે છે અને કહે છે કે પાછી આવી જા, તને જીવતી સળગાવી દઈશું. તું જાણતી નથી અમારી પહોંચ ક્યાં સુધી છે. ગોળી મારી દઈશ. મારા પિતા પાસે બંદૂક છે. વધુમાં તેણીએ કહ્યું કે, હું તેમને મળવા નથી માગતી કે, જોવા પણ નથી માંગતી તેઓ ખુશ રહે. મને પણ પરેશાન ન કરે. પ્લીઝ, મને જીવવા દો, કારણ કે આ પહેલાં તો મારી જિંદગી મારા પેરેન્ટ્સે નરક જેવી કરી દીધી હતી. બાળકને ગાળો દેવી, મેન્ટલી ટોર્ચર કરવું કે બેલ્ટ, વાઈપરથી ફટકારવું એની કાયદો છૂટ આપતો નથી. ઘણાને ખબર નથી કે ઘરમાં મારી સાથે કેવો વ્યવહાર કરવામાં આવતો હતો. વારંવાર મને કોલ ન કરવામાં આંવે કે તમારે અહીં આવવું પડશે કે પછી મારા પેરેન્ટ્સ ધમકી આપી રહ્યા છે કે તને ઢસડીને લઈ આવીશું.

આ વિવાદ મુદ્દે ઈસ્કોન મંદિરના હરેશ ગોવિંદ દાસે જણાવ્યું હતું કે ગઈકાલે જ્યારે મીડિયા માધ્યમોમાં વાત આવી ત્યારે ખબર પડી કે આવો કોઈ વિવાદ થયો છે. ખરેખર જે લોકો સામે આક્ષેપ કરવામાં આવે છે એમાં ઈસ્કોન સંસ્થાને કોઈ લેવાદેવા નથી. તે લોકો ઈસ્કોન સાથે જોડાયેલા પણ નથી. આ સમગ્ર મામલે સંદર્ભે પોલીસ અથવા કોઈપણ અમારી પાસે આવશે તો અમે દરેક બાબતે મદદ કરીશું અને તપાસમાં સાથ આપીશું. જે લોકોનાં નામ સામે આક્ષેપ કરવામાં આવે છે તે લોકો ઈસ્કોન સાથે કનેક્ટ નથી.

આ અંગે દીકરીના પિતા અને નિવૃત્ત આર્મીમેને જણાવ્યું કે, ઈસ્કોનમાં આવી ૬૦૦ દીકરીઓ છે ઈસ્કોનના કૃષ્ણબંધુ કરીને ગ્રૂપ છે. એ બધા મુરલી મનોહર, સુંદર મામા, નારદમુનિ એનો દીકરા, માધવાસ રોકબેન્ડ છે. તે વૃંદાવનમાં છે અને પૈસાવાળો અને માથા ભારે છે. એક સરદારજી છે. આ બધાનું ૮-૧૦નું ગ્રૂપ છે. તેમણે દીકરીઓને ખેંચવાની અને ઈસ્કોનના છોકરાઓ સાથે લગ્ન કરાવવાના એનો ધંધો કરી દીધો છે. સામા વાળા પાસેથી ફંડ લે. ભક્તિભાવ તો આડંબર છે, બાકી દીકરીઓને ખેંચવાનો પ્રોગ્રામ બનાવેલો છે.

'તમે વૃંદાવનમાં જઈને જુઓ તો ખબર પડે. ૭૫ ટકા વિદેશની દીકરીઓ ઈન્ડિયાના ઈસ્કોન વાળા સાથે લગ્ન કરીને બેઠી છે. હું વૃંદાવન ગયો તો મને કહ્યું હતું કે, તમારી દીકરી તમને પરત મળી જશે ચિંતા ના કરતા. લોકનાથ સ્વામીને હાથ જોડી કહ્યું મારી દીકરી ? કૃષ્ણ ભગવાનના ગ્રુપે મને મારીને ભગાડી દીધો અને કીધું કે તમે નીકળી જાવ નહિંતર મારી નાંખશે ત્યાંથી ભાગીને હું અમદાવાદ આવ્યો અને કોર્ટમાં ગયો.'

# તાંત્રિક વિધિના નામે સિરિયલ કિલર ભુવાએ વધુ ત્રણ હત્યા કરી હોવાનો ઘટસ્ફોટ

### સુરેન્દ્રનગરમાં માતા-પિતા અને દીકરીની હત્યા કરી કેનાલમાં લાશો ફેંકી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

સમગ્ર ગુજરાતમાં નવલ ભુવા હત્યા કેસમાં અવનવા ખુલાસાઓ સામે આવી રહ્યા છે. ત્યારે નવલ ભુવના વધુ એક કાંડનો ખુલાસો થયો છે. વઢવાણના હત્યારા ભૂવા નવલસિંહના મામલે વધુ એક પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે, જેમાં હત્યારા નવલસિંહ ભૂવાએ સુરેન્દ્રનગરની ત્રણ વ્યક્તિની હત્યા કરી દૂધરેજ નર્મદા કેનાલમાં તેમની લાશ ફેંકી દીધી હતી. એમાં ફરિયાદી ભાવિક પાટડિયાના પિતા દીપેશ પાટડિયા, માતા પ્રફુલાબેન અને બહેન ઉત્સવીની ભૂવા નવલસિંહે હત્યા કરી હતી. એ મામલે સુરેન્દ્રનગર બી ડિવિઝન પોલીસમાં મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.



આ મામલે તાંત્રિક વિધિમાં માતા-પિતા અને પુત્રીની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે, જેમાં નવલસિંહ ભૂવા દ્વારા હત્યા બાદ દૂધરેજ નર્મદા કેનાલમાં ત્રણેયની લાશ ફેંકી દેવામાં આવી હતી. એમાં હત્યા બાદ પોલીસ તપાસમાં કોઈપણ કડી મળી નહોતી, પરંતુ નવલસિંહ ભૂવાનું લોકેશન બનાવના સ્થળની આસપાસ હોવાનું ખૂલવા પામ્યું હતું. ત્યારે આજે મૃતકના પુત્ર ભાવિક દીપેશ પાટડિયા દ્વારા સુરેન્દ્રનગર બી ડિવિઝન પોલીસ મથકે નવલસિંહ ભૂવા વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધાવ્યો છે. સુરેન્દ્રનગર બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ સુરેન્દ્રનગરના વઢવાણ મોટા પીર ચોક રોડ પર શિયાણી પોળમાં રહેતા નવલસિંહ કનુભાઈ ચાવડાએ ફરિયાદી ભાવિક દીપેશ પાટડિયાના પિતા દીપેશ પાટડિયા, માતા પ્રફુલાબેન પાટડિયા અને બહેન ઉત્સવી પાટડિયાને વિધિ કરવાના બહાને મૂળચંદ ગામ પાસે નર્મદા કેનાલ ઉપર બોલાવી તેમને વિધિના બહાને પાણીમાં સોડિયમ પાઉડર પીવડાવી બેભાન કરી ત્રણેયના મોબાઈલ ફોન અને ઘરેણાં લઈ કેનાલમાં ધક્કો મારી પાણીમાં ડુબાડીને મોત નિપજાવ્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

મૃતક દીપેશ પાટડિયાએ બેંકમાંથી ઉપાડેલા રૂ.૬ લાખ, સોનાના દાગીના અને મોટરસાઈકલનો આજદિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી. આ બનાવ અંગે ફરિયાદી ભાવિક દીપેશ પાટડિયાએ જણાવ્યું હતું કે મારા પિતા બનાવના દિવસે લઈ ગયેલા મોટરસાઈકલ, તેમણે પહેરેલા સોનાનાં ઘરેણાં અને બેંકમાંથી બે વખતમાં ઉપાડેલા રૂા.૬ લાખનો આજદિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી. બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભાવિક પાટડિયાએ આઈપીસી કલમ ૩૦૨, ૩૨૮ મુજબ નવલસિહ કનુભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. આ કામના ફરિયાદીના પિતા દીપેશભાઈ તથા માતા પ્રફુલાબેન તેમજ બહેન ઉત્સવી ત્રણેયને વિધિ કરવાના બહાને મૂળચદ ગામ પાસે નર્મદા કેનાલ ઉપર બોલાવીને વિધિના બહાને પાણીમાં સોડિયમ પાઉડર પીવડાવી બેભાન કરી તેમનાં મોબાઈલ ફોન તથા ઘરેણાં લઈ કેનાલમા ધક્કો મારી ડુબાડી દઈ મોત નીપજાવી ગુનો કર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી.

### રમતાં રમતાં સિસોટી ગળી જતાં ગળામાંથી તેનો અવાજ પણ આવતો હતો

# સિવિલ હોસ્પિ.ના ડોક્ટરોએ બાળકની સર્જરી કરી શ્વાસ નળીમાંથી સિસોટી કાઢી

### બાળકોના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા સફળ સર્જરી કરીને બાળકને અપાઈ રાહત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૫

અમદાવાદમાં મજૂરીકામ કરીને ગુજરાન ચલાવતા પરિવારનું ૧૦ વર્ષનું બાળક રમત-રમતમાં પ્લાસ્ટિકની સિસોટી ગળી જતાં પરિવાર ચિંતિત બની ગયું હતું અને દોડધામ મચાવી હતી દરમિયાન પિતાને જાણ થતાની સાથે બાળકને એલજી હોસ્પિટલમાં જઈને એક્સ-રે અને સિટી સ્કેન કરાવ્યું હતું. જેમાં સિસોટી બાળકની શ્વાસનળીમાં ફસાઈ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ બાળકને સિવિલ હોસ્પિટલમાં રિફર કર્યો હતો. જ્યાં બાળકોના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા સફળ સર્જરી કરીને બાળકની શ્વાસનળીમાંથી પ્લાસ્ટિકની સિસોટી કાઢવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, અમદાવાદમાં રહેતા જગદિશભાઈ બોડાણાનો ૧૦ વર્ષનો પુત્ર ક્રિષ્ના રમત-રમતમાં પ્લાસ્ટિકની સિસોટી ગળી ગયો હતો. સિસોટી શ્વાસનળીમાં ફસાઈ જતા ક્રિષ્નાને ઉધરસ શરૂ થઈ ગઈ હતી અને શ્વાસ લે ત્યારે સિસોટીનો અવાજ આવતો હતો. જેની જાણ જગદિશભાઈને થતા તાત્કાલિક પુત્રને એલજી હોસ્પિટલ લઈ ગયા હતા. તે બાદ ત્યાંથી સિવિલમાં લઈ જવાયો હતો. આ મામલે સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, 'સિસોટી ગળી ગયેલા બાળકને સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગમાં દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં રોજ પ્રો. ડૉ. જયશ્રી રામજી, ડૉ. ચિરાગ પટેલ અને એનેસ્થેસિયા વિભાગના ડૉ. તૃપ્તિ શાહની ટીમ દ્વારા બાળકની બ્રોક્રોસ્કોપી કરીને ડાબી તરફની મુખ્ય શ્વાસનળીમાંથી પ્લાસ્ટિકની સિસોટી સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવી હતી. ઓપરેશન કર્યા બાદ બાળકને અન્ય કોઈ તકલીફ ન જણાતા રજા આપવામાં આવી છે.' બળકે હાલમાં સ્વસ્થ સ્થિતિમાં છે.

### લોકોમાં દુષ્કર્મી સામે સતત ફેલાઈ રહેલી રોષની લાગણી

# 'બળાત્કારીને ફાંસી આપો, ઝઘડિયાની દીકરીને ન્યાય આપો'ની માંગ સાથે મુસ્લિમ સમાજે વિરોધ દર્શાવ્યો

### દિલ્હી નિર્ભયાકાંડ બાદ હવે ગુજરાતમાં પણ દર્દનાક ઘટના ઘટી, ત્યારે આ મામલે સરકાર કેમ ચૂપ ? : મુસ્લિમ આગેવાન

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૫

ભરૂચના ઝઘડિયામાં બનેલ દુષ્કર્મની ઘટનામાં બાળકીના મોત બાદ લોકોમાં આરોપી સામે સખત રોષ જોવા મળી રહ્યો છે. સમસ્ત ભરૂચ જિલ્લા મુસ્લિમ સમાજે મહમદપુરા નજીક વિરોધ પ્રદર્શન યોજી આરોપીને ફાંસીના માચડે ચઢાવવાની માંગ કરી હતી

ગત ૧૬ ડિસેમ્બરના રોજ ઝઘડિયાના એક વિસ્તારમાં નરાધમ પડોશીએ તેના જ પડોશમાં રહેતી ૧૦ વર્ષીય બાળકી પર દાનત બગાડી દુષ્કર્મ આચર્યું હતું. આરોપી વિજય પાસવાને ક્રુરતાપૂર્વકનું કૃત્ય આચરી બાળકીના ગુપ્ત ભાગમાં સળિયાથી ગંભીર ઈજા કરી હતી. ૮ દિવસ સુધી જીવવા માટે લડી રહેલ બાળકીએ આખરે ૨ કાર્ડિયાક અરેસ્ટ બાદ દમ તોડી દીધો




(તસવીર :- વાહિદ મશહદી, ભરૂચ)

હતો.બાળકીના મોત બાદ હવે પોલીસે પણ હત્યાની કલમનો ઉમેરો કરવાની તજવીજ સાથે આરોપીને સખ્ત સજા મળે તેવા પ્રયાસો કર્યા છે. સમસ્ત ભરૂચ જિલ્લા મુસ્લિમ સમાજે મહમદપુરા નજીક હાથમાં રાષ્ટ્ર ધ્વજ અને 'બળાત્કારીને ફાંસી આપો ઝઘડિયાની દીકરીને ન્યાય આપો'ના પ્લેકાર્ડ સાથે વિરોધ દર્શાવ્યો હતો. મુસ્લિમ આગેવાન અબ્દુલભાઈ કામઠીના જણાવ્યાં મુજબ બાળકી કોઇ પણ સમાજની હોય બાળકી તે બાળકી જ હોય છે. દિલ્હી નિર્ભયાકાંડ બાદ હવે ગુજરાતમાં પણ દર્દનાક ઘટના ઘટી છે. ત્યારે આ મામલે રાજ્ય અને કેન્દ્ર સરકાર કેમ ચૂપ છે ? તેવા ગંભીર પ્રશ્નો કર્યા હતા તેમજ આરોપીને ફાંસીના માચડે ચઢાવવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે અને દાખલારૂપ કાર્યવાહીના ભાગરૂપે આરોપીને સજા થાય તેવી માંગ કરી હતી.

# ભાવનગર કલેક્ટર કચેરી દ્વારા અશાંત ધારા હેઠળ નામંજૂર કરેલી અરજી ફરી સાંભળવા હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે ભાનનગરના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) દ્વારા જારી કરાયેલા આદેશને રદ કર્યો છે જેમાં મુસ્લિમ ખરીદદાર દંપતી દ્વારા ડિસ્ટર્બ્ડ એરિયા એક્ટ હેઠળ પરવાનગી આપવા માટે કરાયેલી અરજીને ફગાવી દેવામાં આવી હતી. દંપતીએ જેમણે હિંદુ વિક્રેતા પાસેથી મિલકત ખરીદી હતી પરંતુ તેઓને મંજૂરી નહીં મળતા હાઈકોર્ટમાં અરજી કરી હતી. તેની સુનાવણી બાદ તેમને હાઈકોર્ટે આદેશ રદ કરીને ઓથોરિટીને છ સપ્તાહમાં અરજી પર નવેસરથી નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટ મનોજ કણબી દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં તેણે ભાવનગરના કૃષ્ણનગરમાં બોરડી ગેટ ખાતે પંકજ સોસાયટીમાં ૨૫૬ ચોરસ મીટરના પ્લોટની મિલકત વેચી દીધી હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેઓએ જાન્યુઆરી, ૨૦૨૩ માં વેચાણ માટે કરાર કર્યો હતો અને તેનો કબજો ખરીદનાર મોહમ્મદ હસનૈન વિરાણી અને યાસ્મીન વિરાણીને આપવામાં આવ્યો હતો અને તેઓએ પ્લોટમાં રહેતા હોવાનું જણાવ્યું હતું. આ વિસ્તારને અશાંત ધાર હેઠળ સૂચિત કરવામાં આવ્યા છે તેથી તેઓએ SDMની ફરજિયાત પરવાનગી માટે અરજી કરી. જો કે, મામલદાર અને પોલીસ સત્તાવાળાએ નકારાત્મક અભિપ્રાય આપ્યો હતો કારણ કે સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીએ મિલકતના ટ્રાન્સફર સામે વાંધો ઉઠાવ્યો હતો કારણ કે સોસાયટીમાં હિન્દુઓ અને જૈનોની બહુમતી છે. મિલકતના વેચાણને કારણે પણ સાંપ્રદાયિક અશાંતિ સર્જાઈ શકે છે. અરજદારે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે SDMએ અધિનિયમ, ૧૯૯૧ની કલમ ૫(૩)(b)ની જોગવાઈઓ મુજબ કામગીરી કરી નથી, જેમાં સ્થાવર મિલકતના ટ્રાન્સફરનો નિર્ણય લેવા, ટ્રાન્સફર કરનાર અને ટ્રાન્સફર કરનાર વ્યક્તિની મુક્ત સંમતિ અને ટ્રાન્સફર કરવાની દરખાસ્ત કરેલ સ્થાવર મિલકતની વાજબી કિંમત નક્કી કરવામાં આવી છે કે નહીં તેની જોગવાઈ કરવામાં આવી છે. કલેક્ટર કચેરી દ્વારા કરવામાં આવેલા આદેશમાં આવી કોઈ જાણકારી આપવામાં આવી નથી. બીજી બાજુ સરકારી વકીલે રજૂઆત કરી હતી કે સંબંધિત સત્તાવાળાઓ તેમજ વાંધો ઉઠાવનારાઓ પાસેથી સંબંધિત અભિપ્રાયો મેળવ્યા બાદ અરજીનો નિર્ણય લેવામાં આવ્યો છે. બંને પક્ષકારોને સાંભળ્યા પછી, હાઈકોર્ટે આ મામલે કાયદાની જોગવાઈને ધ્યાનમાં રાખીને નવેસરથી નિર્ણય લેવા માટે સત્તામંડળને પાછો મોકલવામાં આવે છે.

# શૈક્ષણિક અને આર્થિક હિત માટે મુસ્લિમ ધોબી સમાજ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

અમદાવાદ, તા.૨૫

તા.૨૪-૧૨-૨૦૨૪ને મંગળવારના રોજ સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત મુસ્લિમ ધોબી સમાજ ના પ્રતિનિધીઓ તેમજ અમદાવાદ મુસ્લિમ ધોબી સમાજના અગ્રણીઓ દ્વારા સમાજના શૈક્ષણિક અને આર્થિક હિતો માટે રૂબરૂ મળી મહત્વપુર્ણ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં (૧) SEBCની યાદીમાં સ્પષ્ટતા : હિન્દુ અને મુસ્લિમ ધોબી સમાજ માટે સ્પષ્ટ ઉલ્લેખ લાવવા માંગ કરી જેથી બંને સમુદાયોને સરકારશ્રી તરફથી સમાન લાભો મળી શકે. ૨) EWS માટે ખાસ ઠરાવ : ગરીબી રેખા હેઠળ પછાત કુટુંબો માટે EWS પ્રમાણપત્ર મેળવવા યોગ્ય માર્ગદર્શક જાહેર કરવા માટે રજૂઆત. ૩) વિશેષ સર્વે : ગુજરાતમાં ધોબી સમાજનો સર્વે કરી તેમની શૈક્ષણિક અને આર્થિક સ્થિતિનું યોગ્ય મૂલ્યાંકન કરવું. વગેરે જેવા મુદ્દાઓ પર રજૂઆત કરી હતી.

ગુજરાત મુસ્લિમ ધોબી સમાજના પ્રમુખ સરફરાઝ કાલુભાઈ શેખ અને સેક્રેટરી પ્રો. ડો. મઝહર અફઝલભાઈ શેખે જણાવ્યું કે "ધોબી સમાજ રાજ્યના પછાત વર્ગોમાં પામવા છતાં ટેકનીકલ સ્પષ્ટતાના અભાવે SEBC, EWS અને માઈનોરીટીને મળતા લાભોથી વંચિત છે. જો સરકાર પછાત વર્ગ પંચ દ્વારા વિશેષ સર્વે કરાવશે તો સમાજની દયનીય પરિસ્થિતિનો ખ્યાલ આવશે."

મુખ્યમંત્રીએ સમાજના આગેવાનો દ્વારા કરેલ રજૂઆતને ગંભીરતાપૂર્વક સાંભળી સંબંધિત અધિકારીઓને તાત્કાલિક આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવા સાથે વહેલી તકે મુસ્લિમ ધોબી સમાજના હિતમાં સકારાત્મક નિર્ણય લઈ સરકાર વતી આશ્વાસન આપ્યું હતું.

ઉપરોક્ત રજૂઆત દરમ્યાન ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, સીનીયર કોંગ્રેસ આગેવાન અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, અમદાવાદ મુસ્લિમ ધોબી સમાજના પ્રમુખ નાસરભાઈ કાસમભાઈ શેખ, ઉપપ્રમુખ સાકીરભાઈ હસનભાઈ, યુનુસભાઈ પરદેશી, રિયાજભાઈ શફીભાઈ, મોઈન કાલુભાઈ તથા એડવોકેટ શબ્બીરભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉસ્માનપુરામાં મકાનનો એક ભાગ ધરાશાયી થતા શખ્સ દટાયો

### ફાયર બ્રિગેડે વ્યક્તિને બહાર કાઢી સારવાર અર્થે મોકલ્યો



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

શહેરના ઉસ્માનપુરા વિસ્તારમાં આવેલા અંડરબ્રિજ નજીક શાંતિનિકેતન નામની બિલ્ડિંગનું જૂનું મકાન ઉતારતી વખતે એક ભાગ પડતા એક વ્યક્તિ બટાયો હતો. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તે વ્યક્તિને બહાર કાઢીને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. જુના મકાનને તોડીને નવું બનાવવા મકાનની કામગીરી કરવા માટે મકાન તોડવામાં આવી રહ્યું હતું, તે સમયે આ ઘટના બની હતી. ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ, આજે સવારના સમયે ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો કે ઉસ્માનપુરા વિસ્તારમાં શાંતિનિકેતન સોસાયટી આવેલી છે. તેમાં એક મકાનને રિનોવેશન કરવા માટે તોડવામાં આવી રહ્યું હતું, તે દરમિયાનમાં એક ભાગ ધરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં એક વ્યક્તિ કાટમાળ નીચે દટાયો હતો. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા નવરંગપુરા ફાયર સ્ટેશનની બે ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમે દટાયેલા વ્યક્તિને સહી સલામત બહાર કાઢીને સારવાર વખતે હોસ્પિટલ મોકલ્યો છે, અન્ય કોઈ જાનહાની થઈ નથી.

# અમદાવાદ મ્યુ.કમિશનરને AMCને ટેક્નોલોજી પ્રમાણે ચલાવવામાં રસ નથી ? : અતિક સૈયદ

### વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ સુધીમાં કુલ ૪૮ ઈ-ટેન્ડરો બહાર પડાયા જે પૈકી પાંચ ઈ-ટેન્ડરો રદ કરાયા

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેર દિવસેને દિવસે વિકાસ કરી રહ્યો છે. તેમ જ વસ્તીની દૃષ્ટિએ ૮૦ લાખથી વધુ નાગરિકો શહેરમાં રહે છે. AMC દ્વારા શહેરના નાગરિકોને હાલના તબક્કે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનું વ્યાપ વધતાં પરિવર્તન થયું છે તે પ્રમાણે સુવિધા આપવા માટે ઈ ગવર્નન્સ ખાતાને કામગીરી સોપવામાં આવી છે. AMC દ્વારા ટેક્નોલોજી પ્રમાણે શહેરની સમસ્યાઓનો નિકાલ અને AMCના વહીવટી તંત્રને વધારે સક્ષમ બનાવવા માટે ઈ ગવર્નન્સ દ્વારા ઈ ટેન્ડરો બહાર પાડવામાં આવે છે. ઈ ટેન્ડરોના માધ્યમથી વિવિધ પ્રકારની સુવિધા પ્રાઈવેટ કોન્ટ્રાકટરો/કંપનીઓ પાસેથી લઈ શહેરની વિવિધ સમસ્યા અને વહીવટી તંત્રને કામગીરીમાં સરળતા રહે તે માટેની કામગીરી લેવામાં આવે છે. આ અંગે અમદાવાદ શહેર કોંગ્રેસના લઘુમતી વિભાગના કાર્યકારી પ્રમુખ એડવોકેટ અતિક સૈયદે જણાવ્યું હતું કે, મળેલ માહિતી મુજબ અમદાવાદ મ્યુ.કોર્પોરેશનના મ્યુ. કમિશનર અને વહીવટી તંત્રના અધિકારીઓ પોતે જ AMCને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના ક્ષેત્રે આગળ ના વધે તેવું અમોને મળેલ માહિતીથી સાબિત થઈ રહ્યું છે. ઈ ગવર્નન્સ દ્વારા વર્ષ ૨૦૨૨થી વર્ષ ૨૦૨૪ સુધીમાં કુલ-૪૮ ઈ ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે. જેમાં વર્ષ-૨૦૨૨માં ૧૩ ઈ ટેન્ડરો, વર્ષ ૨૦૨૩માં ૧૫ ઈ ટેન્ડરો , વર્ષ ૨૦૨૪માં ૨૦ ઈ ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે. બહાર પાડેલ ઈ ટેન્ડરોમાં કુલ મળી-૫ ઈ ટેન્ડરો મ્યુ. કમિશનર દ્વારા રદ કરવામાં આવ્યા છે.

વધુમાં વર્ષ ૨૦૨૪માં બહાર પાડેલ ૨૦ ઈ ટેન્ડરોમાંથી ૧૩ ઈ ટેન્ડરો અને વર્ષ ૨૦૨૩માં બહાર પાડેલ ઈ ટેન્ડરો માથી ૧ ઈ ટેન્ડર આજ દિન સુધી મંજૂર જ કરવામાં આવ્યા નથી . જે ઈ ટેન્ડરો બહાર પાડેલ છે એમાં આજ દિન સુધીમાં ઈ ટેન્ડરો મ્યુ. કમિશનરની મંજૂરીમાં ઈન પ્રોસેસ છે.

૧. ટેક્સ વિભાગમાં ૧૬૪ કમ્પ્યુટરનું ઈ ટેન્ડર (વર્ષ-૨૦૨૩)

૨. NHL મેડિકલ કોલેજમાં ૪૦૧ કમ્પ્યુટર અને ૭૦ લેસર પ્રિટરનું ઈ ટેન્ડર

૩. AMCમાં ૨૦૦૦ કમ્પ્યુટર અને ૧૩૦૦ લેસર પ્રિટર ઈ ટેન્ડર

૪. ટેક્સ વિભાગમાં ટેબલેટ કમ્પ્યુટરનું ઈ ટેન્ડર

૫. એસ્ટેટ વિભાગમાં કમ્પ્યુટરમાં પ્રોસેસર ઈન્સ્ટોલનું ઈ ટેન્ડર (AMC)

૬. એસ્ટેટ વિભાગમાં-નગર વિકાસ ખાતા લેટેસ્ટ ઓટોકેટ સૉફ્ટવેર ઈન્સ્ટોલનું ઈ ટેન્ડર

૭. રીટેન્ડર-AMCની ઓફિસિયલી સાઈટ હાર્ડવેર-સૉફ્ટવેર ઈન્સ્ટોલનું ઈ ટેન્ડર

૮. રી ટેન્ડર-ફાયર વિભાગમાં ફાયર સર્વિસ ICTનું ઈ ટેન્ડર

૯. AMC કન્સલ્ટન્ટ ફોર IT પ્રોજેકટેસ-ઈ ટેન્ડર (AMC)

૧૦. શહેરના વિવિધ અંડરપાસમાં વરસાદી પાણીની સ્તર જાણવા માટે મોનિટરિંગ સિસ્ટમ અને સીસીટીવી કેમરાનું ઈ ટેન્ડર

૧૧. AMCના તમામ ૭ ઝોનમાં ટેક્સ વિભાગમાં ઈ સરકાર મોડ્યુલ ઈન્સ્ટોલનું ઈ ટેન્ડર

૧૨.AMCમાં વિવિધ પ્રકારના સર્ટિફિકેટ નોંધણી કરવાનું ઈ ટેન્ડર

૧૩.અમદાવાદ શહેરમાં આવેલ તમા મશીનહૉલનું મેપિંગ અને ગણતરીનું ઈ ટેન્ડર

૧૪.ફાયર વિભાગમાં ફાયર સ્ટેશનમાં ICTનું ઈન્સ્ટોલિંગ ઈ ટેન્ડર

ઉપરોક્ત તમામ ૧૪ ઈ ટેન્ડરો આજ દિન સુધી મ્યુ. કમિશનર દ્વારા મંજૂર કરવામાં આવ્યા નથી. AMCના શાસક પક્ષ દ્વારા શહેરને આધુનિકરણ કરવા માટે મોટા મોટા પ્રચારો કરવામાં આવે છે, સત્ય હકીકત ઉપરોક્ત માહિતીથી સાબિત થાય છે કે મ્યુ. કમિશનર AMCને આધુનિકરણ કરવા માગતા નથી. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે ઉપરોક્ત AMCને ફાયદો કરે એવા ૧૪ ઈ ટેન્ડરો આજ દિન સુધી મ્યુ. કમિશનર દ્વારા કેમ મંજૂર કરવામાં આવ્યા નથી ? વધુમાં મ્યુ. કમિશનર પોતે અન્ય અધિકારીઓ સાથે મિટિંગ અને અધિકારીઓને નોટિસો આપવામાં સમય ફાળવે છે તેટલો સમય પોતાના હસ્તકની જવાબદારી અને ફરજ નિભાવી કાર્ય કરતાં હોય તો અમદાવાદ શહેરને વધુ આધુનિક બનાવી શકાય.

અતિક સૈયદે વધુમાં કહ્યું કે, મેયર અને મ્યુ. કમિશનરને માંગણી છે કે તાકીદે ઉપરોક્ત ૧૪ ઈ ટેન્ડરો પ્રજાના હિતમાં યોગ્ય કાર્યવાહી કરી મંજૂર કરવામાં આવે જેનાથી શહેર વધુ આધુનિક બનાવી શકાય.

# ઈઝરાયેલી દળોના કબજાવાળા વેસ્ટ બેંક પરના ડ્રોન હુમલામાં ૮ લોકોનાં મોત

(એજન્સી) તા.૨૫

ઈઝરાયેલી સૈનિકો અને લશ્કરી વિમાનોએ કબજાવાળા વેસ્ટ બેંકના તુલકારમ અને નૂર શમ્સ શરણાર્થી શિબિરો પર હુમલામાં બે મહિલાઓ અને એક કિશોર સહિત ઓછામાં ઓછા આઠ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે, પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે તુલકરમ શરણાર્થી શિબિરમાં ઈઝરાયેલી ડ્રોન હુમલા અને સૈનિકો દ્વારા ગોળીબારમાં સાત લોકો મૃત્યુ પામ્યા છે, અને નજીકના નૂર શમ્સ કેમ્પમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. મંગળવારે વહેલી પરોઢે શરૂ થયેલા ઈઝરાયેલી સૈન્ય હુમલાઓના લોહિયાળ દિવસ પછી આ માહિતી આપવામાં આવી હતી.મંત્રાલયે જણાવ્યું કે બે પેલેસ્ટીની મહિલાઓ - ખાવલા અલી અબ્દુલ્લા અબ્દો, ૩૦, અને બારા ખાલિદ હુસૈન, ૩૦ - અને ૧૮ વર્ષીય ફાથી સઈદ સલીમ ઓબેદ તુલકારમ પર ઈઝરાયેલના હુમલામાં મૃત્યુ પામેલા સાત લોકોમાં સામેલ છે સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે છાતી અને પેટમાં ગોળી વાગવાથી કિશોરનું મૃત્યુ થયું અને ડ્રોન હુમલામાં બે મહિલાઓના



મોત થયા છે. નૂર શમ્સ કેમ્પમાં પીડિતાની ઓળખ મહમૂદ મુહમ્મદ ખાલિદ અમર તરીકે કરવામાં આવી હતી, જેને ઈઝરાયેલી સૈનિકોએ ગોળી મારી હતી અને બાદમાં કેમ્પના અબુ બકર અસ-સિદ્દિક મસ્જિદમાં જમીન પર મૃત હાલતમાં મળી આવ્યા હતા. ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે નૂર શમ્સમાં ઈઝરાયેલના ડ્રોન હુમલામાં ઘણા લોકો ઘાયલ પણ થયા છે.

ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું કે તેણે તુલકારમમાં 'આતંક-વિરોધી' ઓપરેશનમાં એક પેલેસ્ટીનીની હત્યા કરી હતી, જ્યારે તેના દળોએ ૧૮ અન્ય લોકોની ધરપકડ કરી હતી અને ડઝનેક હથિયારો જપ્ત કર્યા હતા. ઈઝરાયેલી સૈન્યએ બાદમાં ખાતરી કરી કે ઈઝરાયેલી વિમાને નૂર શમ્સ શરણાર્થી શિબિર પર હુમલો કર્યો હતો.

# ઈઝરાયેલના હુમલામાં ગાઝાના બે નાગરિક સુરક્ષા કર્મચારીઓનાં મોત

(એજન્સી) તા.૨૫

બચાવ અને કટોકટી સેવાઓ કહે છે કે પેલેસ્ટીની પ્રદેશ પર ઈઝરાયેલના તાજેતરના હુમલાઓમાં ગાઝાના નાગરિક સંરક્ષણ દળોના ઓછામાં ઓછા બે સભ્યો મૃત્યુ પામ્યા છે. મંગળવારે ગાઝા શહેરમાં સિવિલ ડિફેન્સ હેડક્વાર્ટરને નિશાન બનાવતા ડ્રોન હુમલામાં ફાયર ફાઈટર નબિલ બહલોલ અને તેના પુત્રનું મોત થયું હતું. અન્ય નાગરિક સંરક્ષણ કાર્યકર, નજીબ સકર, ગાઝા શહેરના દરાજ પડોશમાં ઈઝરાયેલી દળો દ્વારા બોમ્બમારામાં મૃત્યુ પામ્યા હતા.સિવિલ ડિફેન્સના સભ્ય અહેમદ અલ-મધૌને જણાવ્યું કે, 'અમને ઈમરજન્સી ડી-એસ્કેલેશન સંદેશ મળ્યો. રહેણાંક મકાન પર ઈઝરાયેલના હવાઈ હુમલાના પરિણામે લાગેલી આગને ઓલવવામાં મદદ માંગવામાં આવી હતી.' તેમણે જણાવ્યું કે, 'અમે ઘટનાસ્થળે પહોંચી ગયા. રસ્તામાં અમને એક ફોન આવ્યો કે જ્યાં અમે જઈ રહ્યા હતા તે જગ્યાએ ફરીથી બોમ્બ વિસ્ફોટ થયો છે. જ્યારે અમે ત્યાં ગયા ત્યારે અમે જોયું કે અમારા સાથી નાગરિક સંરક્ષણ ટીમના સભ્યો સહિત ડઝનેક લોકો મૃત્યુ પામ્યા છે. જે ટુકડાઓમાં વેરવિખેર થઈ ગયા હતા.' અલ જઝીરાના ગાઝા સંવાદદાતા તારિક અબુ અઝુમે જણાવ્યું કે ગાઝાના નાગરિક સંરક્ષણ કાર્યાલયોને ઈઝરાયેલી દળો દ્વારા નિશાન બનાવવાની ઘટનાઓ વધી રહી છે. અમે ૧૪



કેન્દ્રો વિશે વાત કરી રહ્યા છીએ, જેમાં ફાયર એન્જિન અને એમ્બ્યુલન્સ સહિત ૫૬ વાહનો નાશ પામ્યા છે. તેમણે જણાવ્યું કે 'નાગરિક સંરક્ષણ કર્મચારીઓ ઉત્તરી ગાઝામાં અસરકારક રીતે કામ કરવામાં અસમર્થ છે, જ્યાં જમીન પર તેમના સભ્યો પર વારંવાર ઈઝરાયેલી હુમલાઓને કારણે તેમની સેવાઓ લગભગ સંપૂર્ણપણે ભાંગી પડી છે. અબુ અઝૌમે જણાવ્યું કે પરિણામે, નાગરિકો જવાબદારી લઈ રહ્યા છે અને બોમ્બ ધડાકાવાળી ઈમારતોના કાટમાળ નીચેથી પીડિતોને બહાર કાઢવા સહિત જોખમી બચાવ કામગીરી હાથ ધરવા એકત્ર થઈ રહ્યા છે.

# ઈઝરાયેલી સેનાએ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી લેબેનોનમાં અનેક ઘરોનો વિનાશ સર્જ્યો

(એજન્સી) તા.૨૫

એનાદોલુએ અહેવાલ અનુસાર, ૨૭ નવેમ્બરના યુદ્ધવિરામ કરારના તાજેતરના ઉલ્લંઘનમાં ઈઝરાયેલી કબજાની સેનાએ રવિવારના દિવસે દક્ષિણ લેબનોનમાં ઘણાં ઘરોને ઉડાવી દીધા. લેબેનીઝ અહેવાલો અનુસાર, ઓછામાં ઓછાં ૨૮૬ ઈઝરાયેલ દ્વારા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

રાજ્યની સમાચાર એજન્સી એનએનએએ જણાવ્યું હતું કે, બિન્ત જબીલ જિલ્લાના હાનિન શહેરમાં ઘરો નાશ પામ્યા હતા. પ્રસારણકર્તાએ ઉમેર્યું હતું કે, બિન્ત જબીલ જિલ્લાના કેટલાક નગરો યુદ્ધવિરામની શરૂઆતથી જ ઈઝરાયેલી ધ્વંસ અભિયાનનો સામનો કરી રહ્યા છે.

ઈઝરાયેલના ઉલ્લંઘનમાં ઓછામાં ઓછાં ૩૦ લોકો માર્યા ગયા છે અને ૩૭ અન્ય ઘાયલ થયા છે. યુદ્ધવિરામની શરતો હેઠળ, ઈઝરાયેલે તેના દળોને બ્લુ લાઇનની દક્ષિણે, ડી ફેક્ટો બોર્ડર,તબક્કાવાર પાછી ખેંચી લેવાની જરૂર છે, જ્યારે લેબેનીઝ સૈન્ય ૬૦ દિવસની અંદર દક્ષિણ લેબનોનમાં તૈનાત કરવાનું છે.



સપ્ટેમ્બરથી લેબેનોનમાં ઈઝરાયલી હુમલામાં ૪,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા અને ૧૬,૫૦૦થી વધુ ઘાયલ થયા. લેબેનીઝ આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર,૧૦ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

# ઈઝરાયેલે ગાઝામાં પેલેસ્ટીનીઓના મૃતદેહોને કૂતરાઓને ખાવા માટે છોડી દીધા : ગાઝા નાગરિક સંરક્ષણનો આરોપ

(એજન્સી) તા.૨૫

ગાઝા પટ્ટીમાં સિવિલ પ્રોટેક્શન ઓથોરિટીએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલી કબજો પેલેસ્ટીનીઓની હત્યા કરી રહ્યુ છે અને રખડતા કૂતરાઓને ખાવા માટે તેમના મૃતદેહને શેરીઓમાં છોડી રહ્યુ છે અને આંતરરાષ્ટ્રીય કાયદાના સ્પષ્ટ ઉલ્લંઘન કરી રહ્યું છે.ગાઝામાં સિવિલ ડિફેન્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલી દળો પટ્ટીમાં તેમના આક્રમણના વિસ્તારોમાં શહીદોના મૃતદેહો સુધી પહોંચતા અટકાવી રહ્યા છે અને જ્યારે પણ તેઓ આવે છે ત્યારે તેઓ સીધા જ એમ્બ્યુલન્સ અને બચાવ ટીમોને નિશાન બનાવી રહ્યા છે. પેલેસ્ટીનીઓના મૃતદેહો પણ મળ્યા જે હાડપિંજર થઈ ગયા હતા અને ઝેઈટૌન પડોશ, શુજૈયા, તાલ અલ-હવા, જબાલિયા, તાલ અલ-ઝાતાર, બીત હનુન અને ખાન યુનિસ અને રફાહ સહિતના વિવિધ વિસ્તારોમાં કૂતરાઓઓ મૃતદેહ ચપળતા જોયા હતા. સિવિલ પ્રોટેક્શને ઈન્ટરનેશનલ કમિટી ઓફ રેડ ક્રોસ (ICRC) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ને યુદ્ધમાં મૃતકોના મૃતદેહોને સંભાળવા માટેની માર્ગદર્શિકા અમલમાં મૂકવા ઈઝરાયેલના કબજા પર દબાણ કરવા વિનંતી કરી. અલ જઝીરા ન્યૂઝ નેટવર્ક દ્વારા પ્રસારિત કરવામાં આવેલા ફૂટેજમાં, ઈઝરાયેલી સૈનિકો ઉત્તર ગાઝામાં મૃત પેલેસ્ટીનીઓના મૃતદેહો સાથે રખડતા કૂતરાઓની જેમ દુર્વ્યવહાર કરતા જોવા મળ્યા હતા. એક અખબારી નિવેદનમાં, પેલેસ્ટીની પ્રતિકાર જૂથ હમાસે જણાવ્યું હતું કે,ઈઝરાયલી સૈનિકોની સામે પેલેસ્ટીની શહીદોના મૃતદેહને ખાઈ રહેલા રખડતા કૂતરાઓની છબીઓ કબજાની સેનાના વર્તનમાં ક્રૂરતા અને ઉદાસી, ગુનાહિતતા અને અમાનવીયતાના સ્તરને પ્રકાશિત કરે છે અને તેનું ફાશીવાદી નેતૃત્વ દર્શાવે છે. તેમણે ઈઝરાયેલી દળો પર બેટ લાહિયામાં કમલ અડવાન હોસ્પિટલ સહિત નાગરિકો અને જટિલ માળખાગત સુવિધાઓને નિશાન બનાવવાનો પણ આરોપ મૂક્યો હતો, જેના કારણે પાણીની



ટાંકીઓ, ઈંધણ પુરવઠો અને ઓક્સિજન સુવિધાઓને નુકસાન થયું હતું. હમાસે ગાઝામાં ઈઝરાયેલની ક્રિયાઓને યુદ્ધ અપરાધો તરીકે વખોડી કાઢી,આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપ, માનવતાવાદી સહાય અને નાગરિક સુરક્ષાની હાકલ કરી,ચાલુ નરસંહાર માટે જવાબદારી પર ભાર મૂક્યો. ૫ ઑક્ટોબર,૨૦૨૩થી ઈઝરાયેલે હમાસના પુનઃસંગઠનને રોકવા માટે ઉત્તરી ગાઝામાં મોટા પાયે જમીની આક્રમણ શરૂ કર્યું છે, જ્યારે પેલેસ્ટીનીઓએ ઈઝરાયેલ પર કબજો જમાવવાનો અને તેના રહેવાસીઓને બળજબરીથી વિસ્થાપિત કરવાનો આરોપ મૂક્યો છે. દાયકાઓથી પેલેસ્ટીનીઓ પર જુલમ ગુજારતા ઈઝરાયલી શાસન સામે હમાસના ઓપરેશન અલ-અક્સા આક્રમણને પગલે ઈઝરાયેલે ૭ ઓક્ટોબર,૨૦૨૩ના રોજ ગાઝા પર યુદ્ધ શરૂ કર્યું હતું. ત્યારથી, ગાઝા પર ઈઝરાયેલના હુમલાના પરિણામે ૪૫,૨૨૭ પેલેસ્ટીનીઓ, મુખ્યત્વે સ્ત્રીઓ અને બાળકોના મૃત્યુ થયા છે, અને ૧૦,૭૫૦૩ અન્ય ઘાયલ થયા છે, હજારોથી વધુ ગુમ થયા છે અને મૃત હોવાનું માનવામાં આવે છે.

# 'આ બાળકોને મારી નાખવાની જરૂર છે' : ઈઝરાયેલ ગાઝામાં 'પોતાની માનવતા ગુમાવી રહ્યું છે'

(એજન્સી) તા.૨૫

સાયકોલોજિકલ કાઉન્સિલના પૂર્વ અધ્યક્ષ અને જેરૂસલેમની હિબ્રુ યુનિવર્સિટીના એમેરિટસ પ્રોફેસર, પ્રોફેસર યોએલ એલિઝુર દ્વારા હારેટ્ઝમાં પ્રકાશિત વિગતવાર વિશ્લેષણ અનુસાર, ઈઝરાયેલી સૈનિકો ગાઝામાં વધુને વધુ ક્રૂરતા અને યુદ્ધ અપરાધોમાં સામેલ થઈ રહ્યા છે, વધુ 'નિર્દય' બની રહ્યા છે. વૈચારિક રીતે હિંસક સૈનિકો દેખાય છે. લેખમાં કમાન્ડર દ્વારા ચાર વર્ષના બાળક પર ઉશ્કેરણી વગરના હુમલા સહિત અવ્યવસ્થિત ઘટનાઓની વિગતો આપવામાં આવી છે. લેખમાં સૈનિકોને ટાંકીને કહેવામાં આવ્યું કે, 'કમાન્ડર અચાનક દોડવા લાગે છે, છોકરાને પકડે છે અને તેના હાથની કોણી અને પગ ભાંગી નાખે છે. તે તેના પેટ પર ત્રણ વાર ઠોકર મારીને ચાલ્યો જાય છે.' જ્યારે પ્રશ્ન પૂછવામાં આવ્યો, ત્યારે કમાન્ડરે જવાબ આપ્યો કે 'આ બાળકોને તેઓના જન્મના દિવસથી જ મારી નાખવા જોઈએ આવી કાર્યવાહીનો વિરોધ કરનારા સૈનિકોને ગંભીર પરિણામો ભોગવવા પડે છે. મેક્સ ક્રેશે, એક અનામત ફાઈટર કે જેમણે 'ગાઝાને સ્તરીકરણ' અને માનવતા વિરૂદ્ધના અન્ય ગુનાઓ સામે પોતાનો વિરોધ જાહેર કર્યો હતો, તેને તીવ્ર સામાજિક બહિષ્કારનો સામનો કરવો પડ્યો. "તેઓએ મને મારી ટીમમાંથી કાઢી મૂક્યો. તેઓએ સ્પષ્ટ કર્યું કે તેઓ મને નથી જોઈતા,' તેમણે જણાવ્યું, અને ઉમેર્યું કે જ્યારે તેઓ ફરજ પરથી પાછા ફર્યા ત્યારે તેઓ 'માનસિક રીતે કચડાયેલા' અનુભવે છે. અહેવાલમાં SD ટિમન અટકાયત



કેન્દ્રમાં ખાસ કરીને અવ્યવસ્થિત પ્રથાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, જ્યાં ૭ ઓકટોબર ૨૦૨૩થી અટકાયતીઓના મૃત્યુની ૩૬ તપાસ ચાલુ છે. એક અનામત સૈનિકે ક્રૂરતાના સામાન્યીકરણનું વર્ણન કર્યું કે 'મેં ત્યાં ક્રૂર લોકો જોયા. જે લોકો અન્યને પીડા પહોંચાડવામાં આનંદ માણતા હતા. સૌથી વધુ અવ્યવસ્થિત બાબત એ હતી કે તેઓ કેટલી સરળતાથી અને કેટલી ઝડપથી પોતાની જાતને અલગ કરી લે છે.' અન્ય સૈનિકે સ્વીકાર્યું કે 'અહીં સંપૂર્ણ અમાનવીયીકરણ છે. તે મને હેરાન કરે છે કે તે મને પરેશાન કરતું નથી. પ્રક્રિયા સામાન્ય થઈ રહી છે, અને અમુક સમયે, તે પરેશાન કરવાનું બંધ કરે છે.' સંબંધિત વિકાસમાં, હારેટ્ઝે એક મુખ્ય સંપાદકીય શીર્ષક પ્રકાશિત કર્યું છે, 'ઈઝરાયેલ ગાઝામાં તેની માનવતા ગુમાવી રહ્યું છે'. અખબારે સૈનિકો દ્વારા 'અનિયંત્રિત અંધેર'ના પુરાવા ટાંક્યા, ખાસ કરીને નેત્ઝારીમ કોરિડોરમાં, એક અનૌપચારિક 'મૃતદેહોની કતાર'ના અસ્તિત્વની વિગત આપે છે, જ્યાં, ડિવિઝન કમાન્ડરના જણાવ્યાં અનુસાર, 'જો તેઓ એકત્રિત કરવામાં ન આવે તો, કૂતરાઓના પેક આવે છે. તેમને ખાઓ.' સંપાદકીયમાં અવ્યવસ્થિત ઘટનાઓ જાહેર કરવામાં આવી હતી જેમાં 'માત્ર એક છોકરો, કદાચ ૧૬ વર્ષનો' ડઝનેક ગોળીઓ ચલાવવામાં આવી હતી, જ્યારે 'સૈનિકો ગોળીબાર કરી રહ્યા હતા અને હસતા હતા.' અન્ય એક ઘટનામાં, તેના ત્રણ મિત્રો ગોળીબારમાંથી બચી ગયા પછી, ગાઝાના રહેવાસીને અમારા સ્થાનની નજીક ગોઠવવામાં આવેલા પાંજરામાં મૂકવામાં આવ્યો હતો, તેના કપડાં ઉતારી દેવામાં આવ્યા હતા. સૈનિકો દ્વારા પસાર થયા અને થૂંકયા હતા.'

# ગાઝામાં દર કલાકે એક પેલેસ્ટીની બાળક મૃત્યુ પામે છે : UNRWAના પ્રમુખ

(એજન્સી) તા.૨૫

યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ (યુએનઆરડબ્લ્યુએ)ના કમિશનર જનરલે જણાવ્યું છે કે ઈઝરાયેલના ચાલુ હુમલાના પરિણામે ગાઝા પટ્ટીમાં દર કલાકે એક પેલેસ્ટીની બાળકનું મૃત્યુ થાય છે. તેમણે જણાવ્યું કે 'યુદ્ધની શરૂઆતથી ગાઝામાં ૧૪,૫૦૦ બાળકો મૃત્યુ પામ્યા હોવાના અહેવાલ છે,' ફિલિપ લાઝારિનીએ યુનિસેફના આંકડાઓને ટાંકીને સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'બાળકોની હત્યાને વાજબી ઠેરવી શકાય નહીં. દર કલાકે એક બાળકની હત્યા થાય છે. આ સંખ્યાઓ નથી. આ અધૂરી જિંદગી છે. બાળકોની હત્યાને વાજબી ઠેરવી શકાય નહીં.' જેઓ બચી જાય છે તેઓ શારીરિક અને ભાવનાત્મક રીતે ઘાયલ થાય છે, લઝારિનીએ જણાવ્યું હતું. 'ગાઝામાં છોકરા-છોકરીઓ શિક્ષણથી વંચિત છે અને કાટમાળ નીચે દટાઈ ગયા છે. આ બાળકો માટે સમય પૂરો થઈ રહ્યો છે. તેઓ પોતાનું જીવન, તેમનું ભવિષ્ય અને સૌથી વધુ તેમની આશા ગુમાવી રહ્યાં છે.' વોર ચાઈલ્ડ એલાયન્સ દ્વારા પ્રાયોજિત ગાઝા-આધારિત એનજીઓ દ્વારા હાથ ધરવામાં આવેલ જરૂરિયાતોના મૂલ્યાંકન મુજબ, સર્વેક્ષણમાં ૯૨ ટકા પેલેસ્ટીની બાળકો 'વાસ્તવિકતાને સ્વીકારી શકતા નથી'; ૭૯ ટકા સ્વપ્નોથી પીડાય છે; અને ૭૩ ટકા લોકો આક્રમકતાના લક્ષણોથી પીડાય છે. વોર ચાઈલ્ડ યુકેના ચીફ એક્ઝિક્યુટિવ હેલેન પેટિનસને જણાવ્યું કે, 'આ રિપોર્ટ દર્શાવે છે કે ગાઝા બાળકો માટે વિશ્વની



સૌથી ભયાનક જગ્યાઓમાંથી એક છે.' 'હોસ્પિટલો, શાળાઓ અને ઘરોના વિનાશ તેમજ મનોવૈજ્ઞાનિક વિનાશની શ્રેણીએ બાળકો માટે અદૃશ્ય પરંતુ ઓછા વિનાશક ઘા છોડી દીધા છે, જેઓ આ યુદ્ધ માટે કોઈ જવાબદારી લેતા નથી.' અભ્યાસમાં એવા પરિવારોના ૫૦૪ બાળકોના માતા-પિતા અથવા સંભાળ રાખનારાઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું જેમાં ઓછામાં ઓછું એક બાળક અપંગ, ઈજાગ્રસ્ત અથવા ત્યજી દેવાયું હતું. યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ ઓફિસના તાજેતરના મૂલ્યાંકન મુજબ, ગાઝામાં મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા યુનિસેફના અંદાજ કરતા વધારે છે. તેમાં જાણવા મળ્યું છે કે ગાઝામાં ઈઝરાયેલ દ્વારા મૃત્યુ પામેલા ૪૫,૩૦૦ પેલેસ્ટીનમાંથી ૪૪ ટકા બાળકો હતા.

# UNRWA પ્રમુખનું કહેવું છે કે ઈઝરાયેલે ગાઝામાં યુદ્ધના તમામ નિયમો તોડ્યા છે

(એજન્સી) તા.૨૫

પેલેસ્ટીની ઈન્ફોર્મેશન સેન્ટરે અહેવાલ આપ્યો છે કે યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફયુજીસ (યુએનઆરડબ્લ્યુએ)ના કમિશનર-જનરલએ જણાવ્યું છે કે ઈઝરાયેલી કબજાવાળા રાજ્ય દ્વારા ગાઝા પટ્ટીમાં યુદ્ધના તમામ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. ગાઝામાં પેલેસ્ટીનીઓ ૧૪ મહિનાથી વધુ સમયથી ઈઝરાયેલના




નરસંહારનો સામનો કરી રહ્યા છે. 'બધા યુદ્ધોના નિયમો હોય છે,' ફિલિપ લાઝારિનીએ ગઈકાલે સોશિયલ મીડિયા પર કહ્યું. 'તે બધા નિયમો તોડવામાં આવ્યા છે.' UNRWA ચીફે જણાવ્યું કે શાળાઓ અને હોસ્પિટલો પર હુમલા સામાન્ય બની ગયા છે. 'દુનિયા સુન્ન ન હોવી જોઈએ.' તેમણે જણાવ્યું કે ગાઝામાં નાગરિકોને રાહતની જરૂર છે, તેમણે યુદ્ધવિરામ માટે માંગ કરી અને જણાવ્યું કે વધુ સમય બગાડવો જોઈએ નહીં.

# ગાઝા મ્યુનિસિપાલિટીએ ચાલુ યુદ્ધ વચ્ચે પર્યાવરણીય આપત્તિની ચેતવણી આપી

(એજન્સી) તા.૨૫

ગાઝા સિટી મ્યુનિસિપાલિટીએ ઈઝરાયેલના આક્રમણને કારણે પાણીની અછત, ગટરના લીકેજ અને કચરાના સંચયના પરિણામે શહેરમાં તોળાઈ રહેલી પર્યાવરણીય આપત્તિની ચેતવણી આપી છે. નગરપાલિકાએ અહેવાલ આપ્યો કે ઈઝરાયેલ દ્વારા ગટર વ્યવસ્થાના સ્ટેશનો પર બોમ્બ વિસ્ફોટથી શેખ રડવાન તળાવમાં ગંદુ પાણી વહી રહ્યું છે, જેનાથી પર્યાવરણીય પ્રદૂષણનું જોખમ વધી રહ્યું છે. મ્યુનિસિપાલિટી અનુસાર, ઈઝરાયેલના હુમલામાં ૮૫ ટકાથી વધુ ભારે ઈજનેરી સાધનો અને ૫૦ ટકા ગંદાપાણી અને કચરો ટ્રીટમેન્ટ સિસ્ટમનો નાશ થયો છે.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# માત્ર રૂપિયો જ નહિ પણ આખું અર્થતંત્ર ખાડામાં જઈ રહ્યું છે

ડૉલર સામે રૂપિયાનું મૂલ્ય સતત ઘટી રહ્યું છે અને તે રૂા.૮૫થી પણ ગગડીને વધુ નીચે આવી ગયું છે. આ અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે યુએસ ફેડરલ રિઝર્વની નીતિઓમાં ફેરફારને કારણે આવું થયું છે. કોરોના રોગચાળા બાદ વિશ્વના તમામ દેશો મંદીની ઝપટમાં આવી ગયા હતા. તેને દૂર કરવા માટે, દરેક વ્યક્તિએ પોતપોતાની રીતે પગલાં લીધાં છે. યુએસ ફેડરલ રિઝર્વે તેના વ્યાજદરમાં સાડા ચાર ટકાનો ઘટાડો કર્યો છે. આ રીતે ડૉલરની સ્થિતિ મજબૂત થઈ છે.

ઘણા રોકાણકારો ભારતમાંથી પૈસા પાછા ખેંચીને અમેરિકા ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી છે ત્યારથી, રોકાણકારોને એવું લાગવા માંડ્યું છે કે ત્યાં રોકાણ કરવું સૌથી વધુ નફાકારક છે. તેથી, ઘણા રોકાણકારોએ ભારતમાંથી પૈસા પાછા ખેંચી લીધા અને અમેરિકા ગયા છે. તેના કારણે વિદેશી મુદ્રા ભંડારમાં પણ ઘટાડો થવા લાગ્યો છે. ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો લગભગ થોડા સમય માટે અટકી ગયો હતો, એ પછી નિષ્ણાતોએ કહેવાનું શરૂ કર્યું કે સરકાર વિદેશી મુદ્રા ભંડારમાંથી ડૉલર કાઢીને રૂપિયાના મૂલ્યને અંકુશમાં રાખી રહી છે. પરંતુ હવે તે પદ્ધતિ પણ કામ કરી રહી નથી.

ડૉલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો વેપાર, પ્રવાસન, શિક્ષણ વગેરેને અસર કરે છે. ભારત તેને જોઈતું મોટા ભાગનું બળતણ તેલ અન્ય દેશો પાસેથી ખરીદે છે. આવી સ્થિતિમાં જ્યારે પણ કાચા તેલની કિંમત વધે છે ત્યારે સરકારનો ખર્ચ વધી જાય છે. આ સિવાય દવાઓ, ખાદ્ય તેલ, ઈલેક્ટ્રોનિક ઘટકો વગેરે માટેના કાચા માલ માટે પણ આપણે અન્ય દેશો પર નિર્ભર છીએ. વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ પરનો બોજ પણ વધી જાય છે. તેથી રૂપિયાના મૂલ્યમાં ઘટાડો ચિંતાજનક છે.

રૂપિયાના મૂલ્યમાં ઘટાડાના કેટલાક કારણો સ્પષ્ટ છે. જેમ જેમ વેપાર ખાધ વધે છે તેમ ડૉલર સામે રૂપિયાનું મૂલ્ય ઘટતું જાય છે. જો કે નિકાસ વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, સ્થાનિક બજાર અને સ્વદેશીને પ્રોત્સાહન આપવાના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે નિકાસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વેપાર ખાધને દૂર કરવા માટે, ઘણી વિદેશી વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાનો અને સ્વદેશી માલને સમર્થન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો, તેની પણ થોડી અસર થઈ છે. પરંતુ હજુ પણ વેપાર ખાધ ઘટતી નથી. ખાસ કરીને ચીન સાથેની આપણી વેપાર ખાધ સતત વધી રહી છે. ફુગાવાને કાબૂમાં રાખવા માટે રિઝર્વ બેંકે રેપો રેટ સતત ઊંચો રાખ્યો છે, પરંતુ સ્થિતિ એવી છે કે બજારમાં મૂડીનો અપેક્ષિત પ્રવાહ આવી રહ્યો નથી. તેનું મુખ્ય કારણ લોકોની આવકમાં વધારો ન થવાનું છે. આવકમાં વધારો ન થવાનું કારણ સરકારની નબળી આર્થિક નીતિઓ છે. આ સ્થિતિ વિદેશી રોકાણને અસર કરે છે. જ્યારે બાહ્ય રોકાણકારોને લાગે છે કે દેશમાં ગ્રાહક ખર્ચ ઘટી રહ્યો છે, તેઓ ત્યાં રોકાણ કરવાનું ટાળે છે.

છેલ્લા કેટલાક સમયથી આપણો વિકાસદર અને તેમાં ઉત્પાદન ક્ષેત્રની સ્થિતિ સંતોષકારક નથી. આવી સ્થિતિમાં ડૉલરનો પ્રવાહ ઘટ્યો છે. આ સ્થિતિમાં રૂપિયાનું મૂલ્ય અભૂતપૂર્વ રીતે ઘટવા લાગ્યું છે. ભારતમાં આ ટ્રેન્ડ સતત ચાલુ છે આનાથી અર્થતંત્રની ચિંતા વધશે તે સ્વાભાવિક છે. સરકાર અર્થવ્યવસ્થાને પાંચ ટ્રિલિયન ડૉલર સુધી લઈ જવા માટે વાતો કરે છે. પરંતુ રૂપિયાના ઘટતા વલણને જોતા તેની ખાતરી આપી શકાય તેમ નથી. સરકાર આવા જુમલા આપવાને બદલે વાસ્તવિકતા સ્વીકારીને પોતાની નીતિઓ સુધારો એ જરૂરી છે.

# સંસદમાં ભાજપે બતાવી દીધું છે કે તે કોઈપણ મુદ્દાને હિંસાથી દફનાવી શકે છે

## ભાજપનું લક્ષ્ય, વિપક્ષોએ ઉઠાવેલા આંબેડકરના મુદ્દાથી દૂર રહેવું અને જાણીતા વિપક્ષી ચહેરાઓને કલંકિત કરવાનું છે

ભારતીય જનતા પાર્ટી સ્પષ્ટપણે દેશને હિંસક અરાજકતામાં ધકેલવામાં સક્ષમ છે અને આતુર મીડિયા તો હંમેશા ઉપલબ્ધ જ છે.

૧૯ ડિસેમ્બરે સંસદમાં રીતસર હિંસક દશ્યો સર્જાયા અને રાહુલ ગાંધીને ઘેરવાનું કાવતરું ઘડાયું. જેમાં રાહુલ ગાંધી પર આરોપ લગાવાયો કે તેમના લીધે એક મહિલા સાંસદે અસ્વસ્થતા અનુભવી છે.

રાહુલની સામે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમો સાથેની FIR દાખલ કરવામાં આવી છે. આરોપ લગાવનાર ભાજપના નાગાલેન્ડના સાંસદ, આદિવાસી સમુદાયના હોવાથી ગાંધી ઉપર એસસી/એસટી એટ્રોસિટી એક્ટ હેઠળની કલમો લગાવાઈ છે.

રાહુલ ગાંધી પર હત્યાના પ્રયાસનો પણ આરોપ છે. આ આરોપને અધિકૃત દેખાડવા માટે, ભાજપના બે સાંસદોને ICUમાં દાખલ કરાવી દેવામાં આવ્યા હતા. દાખલ થયેલા પ્રતાપ સારંગીના કપાળ પરની નાની પટ્ટી લગાવામાં આવી હતી, જે ધીરે ધીરે પાઘડીમાં ફેરવાઈ ગઈ હતી. હોસ્પિટલના વડાએ કેમેરા પર નિવેદન આપ્યું છે કે, તેઓ નિરીક્ષણ હેઠળ છે અને તેમની સ્થિતિને સ્થિર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આમ તો આ બધું હાસ્યાસ્પદ જ લાગે છે પણ જો આપણે તેની પાછળની વ્યૂહરચના જાણીશું તો આપણે સમજી શકીશું કે આ કેટલું ભયાવહ છે.

**હોંશિયારીપૂર્વકનું આયોજન**

રાહુલ ગાંધી પરનો આ હુમલો સુનિયોજિત અને ચતુરાઈથી કોરિયોગ્રાફ કરવામાં આવ્યો છે. રાહુલ ગાંધી થોડા સમયથી જાતિની વસ્તી ગણતરી પર ભાર મૂકતા હોવાથી તેમણે એક અનુસૂચિત જનજાતિની એક મહિલા પર જુલમ કર્યો હોવાના ગંભીર આરોપને હથિયાર બનાવીને તેમને મારવા ઉપયોગી નિવડી શકે છે.

એવી જ રીતે, ઉત્તરપૂર્વના રાજ્ય મણિપુરમાં છેલ્લા ઘણા સમયથી સતત હિંસા થઈ રહી છે. વિપક્ષ આ હિંસા અંગે સરકારનું સતત ધ્યાન દોરીને તેને જવાબદાર ઠેરવે છે. વિપક્ષના પ્રયાસોને બદનામ કરવા ઉત્તરપૂર્વના રાજ્ય નાગાલેન્ડના એક મહિલા સાંસદે તેની પ્રતિષ્ઠા છીનવી લેવાનો આરોપ લગાવીને અસ્વસ્થતા ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે, જેથી મણિપુરમાં ભાજપની નિષ્ફળતાનો સામનો કરવામાં મદદ મળી શકે. આ બધું પારદર્શક છે અને ભાજપને પાક્કી ખાતરી છે કે ભારતમાં તેનું સૌથી મોટું સમર્થક અને પ્રચારક મીડિયા, આ સસ્તા જૂઠાણાને સત્યમાં ફેરવી નાખશે.

ઘણા વિશ્લેષકો આમાં તટસ્થ વલણ અપનાવીને કહેશે કે, કંઈક તો થયું હશે તો જ આરોપ લગાવામાં આવ્યો છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષ પાસેથી ખુલાસો માંગીને તેમને જવાબદાર ઠેરવવામાં આવશે. છેવટે, બે વૃદ્ધ હોસ્પિટલમાં દાખલ છે અને એક મહિલા સાંસદ રોદળાં રડી રહી છે! એક દિવસ પહેલા સુધી, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને ભાજપ બચાવની ભૂમિકામાં હતા. ડૉ.આંબેડકરનું સન્માન કરનારાઓએ તેમને તેમની અહંકારી અને અપમાનજનક ટિપ્પણી અંગે સંસદમાં સ્પષ્ટતા કરવાની ફરજ પાડી હતી. વિપક્ષો માટે આ એક સ્વાભાવિક મુદ્દો હતો. પરંતુ ભાજપે તેના સ્વભાવ મુજબ, વિપક્ષના વિરોધનો જવાબ આક્રમકતાથી આપવાનું નક્કી કર્યું હતું.

**હિંસાની ભૂમિકા**

કોઈપણ વિરોધનો નાશ કરવાનો સૌથી અસરકારક રસ્તો હિંસા છે. છેલ્લા ૧૦ વર્ષમાં સરકાર વિરોધી દરેક વિરોધનો જવાબ ભાજપે હિંસાથી આપ્યો છે. ડિસેમ્બર, ૨૦૧૭માં ભીમા કોરેગાંવમાં કાર્યક્રમમાં ભાગ લેનારા સરકારના ટીકાકારોઓ પર પણ હિંસા ગુજાવામાં આવી હતી. જે પછી, તેમને આ હિંસા માટે જવાબદાર ઠેરવીને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. એપ્રિલ ૨૦૧૮માં જ્યારે દલિતોએ ભારત બંધનું એલાન આપ્યું ત્યારે પણ પોલીસ અને અન્ય તત્વોએ ભેગા મળીને દલિત દેખાવકારો પર હિંસા આચરી હતી. સેંકડો દલિતો પર વિવિધ ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

જ્યારે નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ ૨૦૧૯ની ચળવળ શરૂ થઈ, ત્યારે સરકાર અને ભાજપના નેટવર્કે ફરી હિંસા ગુજારી હતી. આપણે ઘણી વાર ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં પ્રદર્શનકારીઓ પર હિંસા થતી જોઈ છે. શાહીન બાગ વિરોધ સ્થળો પર પણ સુનિયોજિત હુમલા કરવામાં આવ્યા હતા. ખેડૂતોના આંદોલન દરમિયાન આપણે ટિકરી અને સિંધુ બોર્ડર પર ધરણા પર બેઠેલા ખેડૂતો પર કરવામાં આવેલા હુમલાઓના સાક્ષી છીએ. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, દિલ્હી યુનિવર્સિટી, હૈદરાબાદ યુનિવર્સિટી, જામિયા મિલ્લિયા ઈસ્લામિયા અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં સરકારના ટીકાકારો પર કરવામાં આવેલા હિંસક હુમલાઓ ભૂલી શકાય તેવા નથી. હિંસા હંમેશા મૂંઝવણ અને શંકા પેદા કરતી હોય છે. જે પહેલો આરોપ મૂકે છે તેનો હાથ ઉપર રહે છે જ્યારે બીજી બાજુએ સ્પષ્ટતા આપવી પડતી હોય છે. ભાજપ દરેક જાહેર આંદોલન કે વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ફેલાવીને,જે મુદ્દા પર વિરોધ થઈ રહ્યો હતો તેને ચર્ચામાંથી ગાયબ કરી નાખે છે. સમગ્ર મીડિયા પણ ભાજપ તરફી હોવાથી, તે હંમેશા વિપક્ષને જ નિશાન બનાવીને તેને હિંસક દર્શાવવા માટે કોઈપણ હદ સુધી જાય છે.

**સંસદમાં પહેલી વખત**

અત્યાર સુધી આ હિંસા રસ્તા સુધી જ સિમિત હતી પણ હવે તો બીજેપી આ હિંસાને સંસદમાં લઈ આવી છે. સંસદની અંદર ભાજપ તરફથી અપમાનજનક અને અભદ્ર વર્તનના ઘણા ઉદાહરણો જોવા મળ્યા છે. ૧૯ ડિસેમ્બરે તેની એક મૌખિક ચર્ચા શારીરિક હિંસામાં ફેરવાઈ ગઈ. આ પહેલા પણ અન્ય સરકારો વખતે પણ વિપક્ષે અનેક વખત વિરોધ કરેલા જ છે, જેમાં શાસક પક્ષ હંમેશા સંયમથી વર્તે છે. પરંતુ કોઈપણ શાસક પક્ષે ક્યારેય આ રીતે વિરોધનો જવાબ આપ્યો છે? ભાજપે હંમેશા શાંતિથી વિપરીત જ કર્યું છે. ૧૯ ડિસેમ્બરે ભાજપે જે કર્યું તેની ગંભીરતા સમજવાની જરૂર છે. તે એવી તમામ અસરકાર જગ્યાઓ પર રાહુલ ગાંધીની વિશ્વસનીયતા અસરકારક છે તેને ખતમ કરી દેવા માંગે છે. ગત વખતે તેમની સંસદીય સદસ્યતાને સમાપ્ત કરવા પાછળ પણ આ જ કારણ હતું. આ વખતે પણ તેમનું વિપક્ષના નેતા તરીકેનું પદ છીનવી લેવાનું કહેતા ભાજપને આપણે સાંભળી રહ્યા છીએ.

ઈચ્છુક સ્પીકર પણ આ માંગણી માટેની રાહ જોઈ રહ્યા છે. હકીકત એ છે કે રાહુલ ગાંધી એ એકમાત્ર વિપક્ષી નેતા છે જેમનો ચહેરો આખું ભારત ઓળખે છે. તેથી તેમના ગળામાં ગાળિયો નાખીને તેમના ચહેરાને કલંકિત કરીને તેમના વિરોધને નિષ્ક્રિય કરી શકાય તે માટેની વાત છે.

મીડિયાએ આ પ્રચાર ઉત્સવમાં એક પાશવી આનંદ સાથે ઝંપલાવ્યું છે. કોંગ્રેસ અને વિપક્ષો માટે, જનતાને ભાજપના આ ઘૃણાસ્પદ ષડયંત્ર વિશે જાગૃત કરવાનો પડકાર છે. સાથે સાથે લોકશાહીમાં વિશ્વાસ ધરાવનારા દરેકની સમાન ફરજ છે કે ભાજપની આ નાપાક યોજના વિશે લોકોને જાગૃત કરવામાં આવે કે વિરોધ કરવાનો તો વિપક્ષનો અધિકાર છે. વિપક્ષને બેઅસર કરીને ભગવો પક્ષ રાજ્યના તંત્ર પર કબજો જમાવવા ઈચ્છે છે. આમ કરીને ભાજપ વાસ્તવમાં સરકારને જવાબદાર બનાવવાના તેમના સાધનથી લોકોને વંચિત કરી રહી છે.

**- અપૂર્વાનંદ**

**(સૌ. : ધ વાયર.ઈન)**

# UAEમાં લગ્ન પહેલા આનુવંશિક પરીક્ષણ ફરજિયાત કરવામાં આવશે

(એજન્સી) અબુધાબી, તા.૨૫

સંયુક્ત અરબ અમીરાત (UAE)માં આરોગ્ય અને નિવારણ મંત્રાલય (MoHAP)એ બુધવાર, ૨૫ ડિસેમ્બરે જાહેરાત કરી કે જાન્યુઆરી ૨૦૨૫થી લગ્ન પહેલાની સ્ક્રીનિંગના ભાગરૂપે તમામ અમીરાતી યુગલો માટે આનુવંશિક પરીક્ષણ ફરજિયાત રહેશે. આ આદેશ અમીરાત જીનોમ કાઉન્સિલના નિર્દેશોના આધારે છે, જે તાજેતરની UAE સરકારની વાર્ષિક બેઠકો દરમિયાન મંજૂર કરવામાં આવ્યું હતું. એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું હતું કે, આ નિર્ણય દેશના આરોગ્યસંભાળ ક્ષેત્રમાં એક નમૂનારૂપ પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે, જેનો ઉદ્દેશ્ય ભાવિ પેઢીના સ્વાસ્થ્યને સુરક્ષિત કરવાનો છે અને પરિવારોને લાંબાગાળાની સુખાકારી અને ઉચ્ચ ગુણવત્તાની જીવનશૈલીનો લાભ મળે તેના માટે છે. આ પહેલ આરોગ્યસંભાળ નવીનતામાં વૈશ્વિક નેતા બનવાના યુએઈના નિર્ધારને પણ દર્શાવે છે, ખાસ કરીને આનુવંશિક રોગ નિવારણ અને પ્રજનન દવાઓના ક્ષેત્રોમાં આ અભિગમ UAE સેન્ટેનિયલ વિઝન ૨૦૭૧ સાથે સુસંગત આરોગ્યસંભાળ વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે તેવી અપેક્ષા છે. પરીક્ષણમાં ૮૪૦થી વધુ તબીબી પરિસ્થિતિઓ સાથે સંકળાયેલા ૫૭૦ જનીનો આવરી લેવામાં આવ્યા છે અને કુટુંબનું આયોજન કરતી વખતે યુગલોને તેમના સ્વાસ્થ્યની સ્થિતિના આધારે માહિતગાર નિર્ણયો લેવામાં મદદ કરશે. આ ઓક્ટોબરમાં અબુધાબીમાં અમીરાતી યુગલો માટે ફરજિયાત આનુવંશિક પરીક્ષણ આનુવંશિક પરિસ્થિતિઓને શોધવા અને અટકાવવાનું શરૂ કર્યું હતું.

# ઉત્તરાખંડમાં બસ ખાડીમાં ખાબકતાં ૩નાં મોત, ૨૪ ઘાયલ

(એજન્સી) તા.૨૫

ઉત્તરાખંડના કુમાઉં મંડલના ભીમતાલમાં આજે મોટી દુર્ઘટના બની છે. અલ્મોડાથી હલ્દવાની જઈ રહેલી રોડવેઝ બસ ભીમતાલ-રાનીબાગ મોટર માર્ગના આમડાલી નજીક ૧૫૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી. બસમાં ૨૭ લોકો સવાર હતા. જેમાં હાલ ચાર લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે. જ્યારે કેટલાક ગંભીર રીતે ઘાયલ થયા છે. દુર્ઘટનાની માહિતી મળતાં જ પોલીસ-તંત્રએ ઘટનાસ્થળે પહોંચીને બચાવ-રાહત કામગીરી હાથ ધરી છે. ખીણમાંથી ઘાયલોને બહાર કાઢવામાં ખૂબ મુશ્કેલી થઈ રહી છે. ઘાયલોને દોરડાં અને ખભા પર રાખીને પોલીસ અને સ્થાનિક લોકો દ્વારા રેસ્ક્યુ કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ ૧૫



એમ્બ્યુલન્સ હલ્દવાની મોકલવામાં આવી છે. મોટા સ્તરે બચાવ ટીમ કામે લાગી છે. હાલ ઘાયલોને સીએચસી ભીમતાલ લઈ જવાયા છે. જ્યારે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ અકસ્માતને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે.

# પૂજા હેગડેએ 'રેટ્રો'નો ફર્સ્ટ લૂક શેર કર્યો, સૂર્યાની ફિલ્મમાં તેના અસામાન્ય નવા અવતારથી ચાહકોને પ્રભાવિત કર્યા

(એજન્સી) તા.૨૫

સૂર્યા અને દિગ્દર્શક કાર્તિક સુબ્બારાજની બહુપ્રતિક્ષિત ફિલ્મનું નામ આખરે સામે આવ્યું છે. આ ફિલ્મનું નામ 'રેટ્રો' રાખવામાં આવ્યું છે. આ સાથે નિર્માતાઓએ ક્રિસમસના અવસર પર એક આકર્ષક ટાઈટલ પ્રોમો પણ બહાર પાડ્યો. 'રેટ્રો' એક ગેંગસ્ટર ડ્રામા છે, જેમાં પૂજા હેગડે પણ મહત્ત્વના રોલમાં જોવા મળશે. સૂર્યાએ પોતાના ઓફિશિયલ પર ટાઈટલ ટીઝરની લિંક શેર કરી છે તે જ સમયે પૂજા હેગડેએ પણ તેના સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા ફિલ્મની ઝલક શેર કરી છે. બે મિનિટ અને પાંચ સેકન્ડના આ ટીઝરમાં સૂર્યા અને પૂજા હેગડેના પાત્રો બનારસના એક ઘાટના કિનારે બેઠેલા બતાવવામાં આવ્યા છે. પૂજા લાઈટ પિંક સાડીમાં જોવા મળી રહી છે, જ્યારે સૂર્યા બ્લેક કુર્તામાં જોવા મળી રહી છે. પૂજા હાથ પર પવિત્ર દોરો બાંધે છે. સૂર્યા તેની આંખોમાં જુએ છે અને તમિલમાં કહે છે, 'હું મારા ગુસ્સાને કાબૂમાં રાખીશ. હું મારા પિતા સાથે કામ કરવાનું છોડી દઈશ. હિંસા, ગુંડાગીરી, લાઠી-ગોળી-હું હવે બધું જ છોડી દઈશ. હું હસવાનો અને ખુશ રહેવાનો પ્રયત્ન કરીશ. હું પ્રયત્ન કરીશ. મારા જીવનનો હેતુ શુદ્ધ પ્રેમ છે. હવે મને કહો, શું આપણે લગ્ન કરી લેવા જોઈએ ?'

# ઝારખંડની ચૂંટણીના એક મહિના પછી પણ ભાજપે હજુ સુધી વિપક્ષના નેતાની પસંદગી કરી નથી : તેની પાછળનું કારણ શું છે ?

## આ વિધાનસભા ચૂંટણીમાં આદિવાસી મત-આધાર તેમજ OBCના વર્ગો ગુમાવ્યા પછી ભાજપને LoP માટે આદિવાસી કે બિન-આદિવાસી પસંદ કરવા કે કેમ તે અંગે અચોક્કસ નથી, નેતાઓ કહે છે કે, સમગ્ર વ્યૂહરચના પર પુનર્વિચાર કરવો પડશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

હરિયાણા કોંગ્રેસ અને ઝારખંડ ભાજપ વચ્ચે એક સમાનતા છે. આ બંને પક્ષોએ ઓક્ટોબર-નવેમ્બરની ચૂંટણીમાં પરાજયનો સામનો કર્યા પછી આ બે રાજ્યોમાં વિપક્ષ તરીકે વિધાનસભામાં ધારાસભ્યને વિપક્ષના નેતાને પસંદ કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. હરિયાણામાં ભૂપિન્દરસિંહ હુડ્ડા, રણદીપ સૂરજેવાલા અને કુમારી સેલજાની ત્રણ શિબિરો વચ્ચેની લડાઈને લીધે આ નિર્ણય લેવામાં વિલંબ થયો છે અને ઝારખંડમાં ભાજપની મુશ્કેલીઓ ઘણી વધારે છે. ઝારખંડમાં ૨૦૧૯ અને ૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણીમાં બે હાર બાદ ભાજપે આદિવાસીઓ અને કુર્મીઓ સહિત અન્ય પછાત વર્ગો (ઓબીસી)ના અમુક વર્ગોનો મોટો મત-આધાર ગુમાવ્યો છે. કુર્મીઓએ પણ ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન (AJSU) માટે કુર્મી નેતૃત્વની આઉટસોર્સિંગ હોવા છતાં ચૂંટણીમાં ભાજપને સમર્થન આપ્યું ન હતું. રાજ્યના એક વરિષ્ઠ પક્ષના નેતાએ કહ્યું કે, પક્ષે તેની હારનું વિશ્લેષણ કર્યું અને પ્રતિસાદ મેળવ્યો. અમે આરક્ષિત બેઠકો પર આદિવાસી મતો પાછા લાવી શક્યા નથી અને પક્ષે પછાત વર્ગના મતના અમુક વિભાગો અને કુર્મીઓ પણ ગુમાવ્યા હતા. ઝારખંડ યુનિટની ચૂંટણી ચાલી રહી હોવાથી પાર્ટીએ નવા પ્રદેશ પ્રમુખની પણ પસંદગી કરવી પડશે. સતત બે હાર બાદ પાર્ટીએ રાજ્યમાં જાતિ સંતુલન વ્યૂહરચના ફરીથી માપવાની છે. જો વિપક્ષનો નેતા આદિવાસી સમુદાયમાંથી હશે, તો રાજ્ય પ્રમુખ બિન-આદિવાસી હોવો જોઈએ. ઘણા વરિષ્ઠ નેતાઓ ઝારખંડ વિધાનસભાની ચૂંટણી હારી ગયા હોવાથી આદિવાસી નેતાઓમાં પ્રતિભા પૂલ મર્યાદિત છે અને જો પક્ષે તેનો આદિવાસી સંપર્ક ચાલુ રાખવો હોય તેમાંથી પસંદ કરવું પડશે. જેના કારણે ધારાસભ્ય પક્ષના નેતાની પસંદગી કરવામાં વિલંબ થઈ રહ્યો છે.

ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ના નેતૃત્વ હેઠળના ગઠબંધને આ વર્ષે ઝારખંડમાં ૮૧ વિધાનસભા બેઠકોમાંથી ૫૬ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધને ૨૪ બેઠકો જીતી હતી. ડિસેમ્બરની શરૂઆતમાં ઝારખંડ વિધાનસભાનું પ્રથમ સત્ર બોલાવવામાં આવ્યું હતું, ત્યારે ભાજપે વિધાનસભા પક્ષના નેતાની પસંદગી કરવામાં કોઈ ઉતાવળ દર્શાવી ન હતી કારણ કે, કેન્દ્રીય નેતૃત્વ સંસદના સત્રમાં વ્યસ્ત હતું. અગાઉ પણ જ્યારે રાજ્યના નેતાઓ ૩ ડિસેમ્બરે દિલ્હીમાં કેન્દ્રીય નેતાઓને મળ્યા હતા, ત્યારે પક્ષ ઝારખંડ માટે ધારાસભ્ય પક્ષના નેતાની પસંદગી પર નિર્ણય લેવામાં આવ્યો ન હતો અને કેન્દ્રીય નેતૃત્વએ તેના બદલે રાજ્યના નેતાઓને રાજ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું હતું. ભાજપના રાજ્યસભા સાંસદ આદિત્ય સાહુએ કહ્યું કે, પાર્ટીએ લાંબાગાળે વિચારવું પડશે. તેણે ચૂંટણીમાં કેટલાક પછાત જાતિના મતો પણ ગુમાવ્યા હતા અને નામોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા બધું ધ્યાનમાં રાખવું પડશે. આદિવાસી નેતાઓમાં ભાજપ માટે એકમાત્ર વિકલ્પ મરાંડી છે, જેમણે સામાન્ય બેઠક (ધનવર) પરથી રાજ્યની ચૂંટણી જીતી હતી અને ચંપાઈ સોરેન જેઓ અનામત બેઠક (સેરાઈકેલા) પરથી જીત્યા હતા. હાલમાં ઝારખંડ ભાજપના કાર્યકારી અધ્યક્ષ બિન-આદિવાસી રવિન્દ્ર રાય છે. અમર બૌરીથી લઈને નીલકંઠ મુંડા, ભાનુપ્રતાપ શાહી અને બિરાંચી નારાયણ સુધીના પક્ષના મોટાભાગના અન્ય અગ્રણી નેતાઓ રાજ્યની ચૂંટણી હારી ગયા હતા. પાર્ટીના પૂર્વ પ્રદેશ પ્રમુખે કહ્યું કે, ૨૦૧૯માં ભાજપે મરાંડીને સામેલ કરીને કોર્સ કરેક્શન કર્યું હતું અને તેમને પહેલા વિપક્ષના નેતા અને બાદમાં પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા હતા. પાર્ટીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી અને વિધાનસભા ચૂંટણીમાં મરાંડીના નેતૃત્વમાં લડ્યા હતા પરંતુ આદિવાસીઓ તરફથી અપેક્ષિત સમર્થન મળ્યું ન હતું. ભાજપે ૨૮ અનામત આદિવાસી બેઠકોમાંથી માત્ર એક વિધાનસભા બેઠક જીતી અને લોકસભાની ચૂંટણીમાં તમામ પાંચ આદિવાસી બેઠકો ગુમાવી હતી. પાટીએ પાછલા પાંચ વર્ષોમાં તેનું સંપૂર્ણ ધ્યાન આદિવાસી આઉટરીચ પર રાખ્યું છે પરંતુ સમુદાયે આખરે JMM નેતા હેમંત સોરેનને મત આપ્યો હતો. હવે મૂંઝવણ એ છે કે, શું આદિવાસીઓને આકર્ષવાનું ચાલુ રાખવું કે જેઓ વસ્તીના ૨૮ ટકા છે પરંતુ જેએમએમની તરફેણમાં છે અથવા તેની મુખ્ય સ્થળાંતર, ઉચ્ચ જાતિ અને ઓબીસી વોટ-બેંકનું રક્ષણ કરવું જોઈએ. પૂર્વ રાજ્ય એકમ વડાના જણાવ્યા અનુસાર આગામી પાંચ વર્ષ માટે ભાજપે જેએમએમ સામે આક્રમક રીતે લડવાનું છે અને રાજ્યમાં નવા નેતૃત્વને પ્રોત્સાહન આપવા અને પ્રયોગ કરવો અવકાશ છે. પરંતુ પાર્ટીમાં બીજો વિચાર એ છે કે, જો આપણે આદિવાસી વર્ગને છોડી દઈએ તો તે અન્ય રાજ્યોમાં આપણને નુકસાન પહોંચાડી શકે છે. તેથી જ પાર્ટી પ્રદેશ અધ્યક્ષ અને ધારાસભ્ય પક્ષના નેતા બંને માટે નામ પસંદ કરવા માટે સમય લઈ રહી છે. રાયે જણાવ્યું હતું કે, ઝારખંડમાં આદિવાસીઓ એક મહત્ત્વપૂર્ણ વર્ગ છે અને પક્ષ તેમને છોડી શકે નહીં. આદિવાસીઓ માટે આ રાજ્યની રચના કરવામાં આવી હતી. તેથી આપણે બે પોસ્ટમાં આદિવાસી અને બિન-આદિવાસીઓને સંતુલિત કરીને સ્થાન આપવું પડશે, પરંતુ નિર્ણય આખરે હાઈકમાન્ડ દ્વારા લેવાનો રહેશે. ભાજપ તેના ધારાસભ્ય પક્ષના નેતાની પસંદગી અંગે ઉદાસીન છે અને શાસક જેએમએમ વિપક્ષી પાર્ટી પર નિશાન સાધે છે.

જેએમએમએ સૌપ્રથમ સૂચન કર્યું કે ભાજપે ઝારખંડમાં આસામના મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાને વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કરે. જેએમએમના જનરલ સેક્રેટરી સુપ્રિયો ભટ્ટાચાર્યએ બે અઠવાડિયા પહેલા મીડિયાને જણાવ્યું હતું કે, અમે ઈચ્છીએ છીએ કે, ભાજપ હિમંતા બિસ્વા સરમાને વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કરે. અમે તેમનું સ્વાગત કરીશું કારણ કે, તેમણે તાજેતરના મહિનાઓમાં આસામ કરતાં ઝારખંડમાં વધુ સમય વિતાવ્યો છે.

જેએમએમના પ્રવક્તા મનોજ પાંડેએ રાંચીમાં મીડિયાને કહ્યું કે, ભાજપ વિપક્ષના નેતાની પસંદગી કરી શક્યું નથી. રાજ્યની ચૂંટણીમાં જીતેલા ૨૧ ધારાસભ્યોમાંથી કોઈને પસંદ કરવાની તેની મજબૂરી છે. જો ભાજપમાં કોઈ લાયક ધારાસભ્ય નથી તો ભાજપના ધારાસભ્યોએ ચંપાઈ સોરેનને તેમના નેતા તરીકે સ્વીકારવા જોઈએ. ઝારખંડમાં ભાજપનું સતત પતન થઈ રહ્યું છે. ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીએ ૩૭ બેઠકો જીતી હતી અને AJSU સાથે મળીને સરકાર બનાવી હતી. ૨૦૧૯ની ચૂંટણીમાં તેણે માત્ર ૨૫ બેઠકો જીતી હતી અને આ વર્ષે રાજ્યની ચૂંટણીમાં સંખ્યા ઘટીને ૨૧ થઈ ગઈ હતી. આ વર્ષે ભાજપની હાર પાછળનું મુખ્ય પરિબળ આદિવાસીઓ માટે આરક્ષિત ૨૮ મતવિસ્તારોમાં તેનું ખરાબ પ્રદર્શન હતું. ૨૦૧૯માં જેએમએમ-કોંગ્રેસ ગઠબંધને ૨૮ અનામત બેઠકોમાંથી ૨૫ જીતી હતી જ્યારે ભાજપ માત્ર બે જ જીતી શક્યો હતો. આદિવાસીઓ ઝારખંડમાં લગભગ ૨૮ ટકા વસ્તી ધરાવે છે, તેમનો પ્રભાવ રાજ્યના ૨૪માંથી ૨૧ જિલ્લાઓમાં ફેલાયેલો છે. ૨૦૧૪માં ભાજપ આદિવાસી પટ્ટામાં મોટો સ્કોર કરીને ઝારખંડમાં સત્તામાં આવ્યો હતો. તેણે ૧૧ અનામત બેઠકો જીતી હતી જ્યારે JMMને ૧૩ અને AJSUને બે બેઠકો મળી હતી. ૨૦૧૯માં રઘુબર દાસની આગેવાની હેઠળની ભાજપ સરકાર અને આદિવાસીઓ વચ્ચે વિરોધ ઊભો થયો હતો. આ વર્ષે જયરામ મહાતો પરિબળને કારણે ભાજપે માત્ર આદિવાસી પટ્ટા જ નહીં પરંતુ કુર્મી મતો પણ ગુમાવ્યા છે. ૨૯ વર્ષીય પીએચડી વિદ્યાર્થી અને કુર્મી નેતા ઝારખંડમાં એક અગ્રણી ઓબીસી નેતા છે. બિનસત્તાવાર અંદાજ મુજબ કુર્મીઓ ઝારખંડની વસ્તીના ૧૨-૧૪ ટકા છે. મહાતોના ઝારખંડ લોકતાંત્રિક ક્રાંતિકારી મોરચા (JLKM)એ ૧૬ બેઠકો પર NDAની તકોને નુકસાન પહોંચાડ્યું છે. ઝારખંડ બીજેપી નેતાએ કહ્યું કે, અમે ચૂંટણી પહેલા જયરામ મહાતોની અસરનો અંદાજ લગાવ્યો ન હતો. તે નેતૃત્વની એક મોટી નિષ્ફળતા હતી. તેઓ ભાજપ સાથે ચૂંટણી પૂર્વેની વાટાઘાટોમાં માત્ર પાંચ બેઠકો જ લડવા માટે કહી રહ્યા હતા, પરંતુ અમે યુવા નેતાની આવી વધુ અસરની અપેક્ષા રાખી ન હતી અને AJSU પર આધાર રાખવાનું પસંદ કર્યું હતું. આમ અમે કુર્મી વોટ-બેંક ગુમાવી દીધી જ્યારે આદિવાસીઓએ જેએમએમનો વિકલ્પ પસંદ કર્યો અને અન્ય ઘણા પછાત વર્ગોએ પણ અમને ટેકો આપ્યો ન હતો.

# અન્ના યુનિવર્સિટીમાં વિદ્યાર્થિની પર દુષ્કર્મની ઘટનાના વિરોધમાં વિદ્યાર્થીઓનો જોરદાર દેખાવ, રાજકીય પક્ષો વચ્ચે આક્ષેપબાજી

## બળાત્કારના બનાવ બારામાં અત્યાર સુધીમાં એકની ધરપકડ થઈ, યુનિવર્સિટીના ગિન્ડી કેમ્પસમાં મંગળવારે રાત્રે ઘટના બની હોવાનું જાહેર થયું, શાસક અને વિપક્ષ દ્વારા એકમેક પર દોષારોપણ

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૫

ચેન્નાઈની જાણીતી અન્ના યુનિવર્સિટીના કેમ્પસમાં એક વિદ્યાર્થિની પર દુષ્કર્મ થયાની ઘટનાથી ભારે હોબાળો મચી જવા પામ્યો છે અને શાસક ડીએમકે તથા વિરોધ પક્ષો વચ્ચે આ ઘટનાએ રાજકીય સમરાંગણની સ્થિતિ ઊભી કરી દીધી છે અને સામસામે આક્ષેપબાજી થઈ રહી છે. વિદ્યાર્થીઓમાં પણ ભારે રોષ ફેલાયો છે. અન્ના ડીએમકે અને ભાજપે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બદલ એમ.કે. સ્ટાલિન સરકાર પર માછલા ધોયા છે જ્યારે શાસક ડીએમકે દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, રાજકીય પક્ષો આ ઘટનાને રાજકીય રંગ આપી રહ્યા છે. શિક્ષણમંત્રી ગોવી ચેઝિયાને એવી પોસ્ટ લખી હતી કે, અન્ના યુનિવર્સિટીની ઘટનાને રાજકીય રંગ આપવા માટે પ્રયત્ન કરી રહેલા લોકો તે ભૂલી જાય છે કે, એમના શાસનકાળ દરમિયાન પોલાચી ખાતે જાતીય હુમલાની અને દુષ્કર્મની ઘટનાઓ બની હતી ત્યારે પીડિતાને ફરિયાદ કરવાની પણ હિંમત થઈ નથી કેમ કે શાસક હોય દબાણ કર્યું હતું તેથી પીડિતા પોલીસ ફરિયાદ પણ કરી શકી નહોતી. અમે યુનિવર્સિટીમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે યોગ્ય પગલાં લઈશું. પૂર્વ મુખ્યમંત્રી અને AIADMK નેતા એડાપ્પડી કે. પલાનીસ્વામીએ ઘટનાને ખૂબ જ શરમજનક અને આંચકારૂપ ગણાવી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે, મુખ્યમંત્રી સ્ટાલિને કાયદો અને વ્યવસ્થાને નેવે મૂકી દીધા છે. હું અપરાધીઓની તાત્કાલિક ધરપકડ કરવા માટે ડીએમકે સરકારને અનુરોધ કરૂં છું અને બદમાશોને મહત્તમ સજા મળવી જોઈએ. તમિલનાડુ ભાજપના પ્રમુખ કે. અન્નામલાઈએ પણ એમ.કે. સરકારની ભારે ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, રાજ્યમાં મહિલાઓ વિરોધી અપરાધો અત્યંત આકાશની સપાટીને આંબતા થયા છે તમિલનાડુ માટે આ અપરાધ નવો છે ગેંગરેપ થયો છે છેલ્લા થોડા સમયથી મહિલાઓ સામેના અપરાધોમાં ભારે વધારો થયો છે અને સર્વોચ્ચ સપાટી પર પહોંચી ગયા છે અને આપણને આ ઘટના શરમથી ઝૂકાવી દે છે. દરમિયાન સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ઓલ ઈન્ડિયા વુમેન વેલ્ફેર ફેડરેશન દ્વારા ચેન્નાઈમાં યુનિવર્સિટીની સામે ભારે ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. અહીં એક વિદ્યાર્થિની પર બે બદમાશોએ ગેંગરેપ કર્યો હતો અને તેની સાથેના વિદ્યાર્થીને સખત માર માર્યો હતો. વિદ્યાર્થીઓએ ભારે ઉગ્ર દેખાવો કર્યા હતા અને અપરાધીઓ સામે કડક કાર્યવાહી કરવાની માગણી કરી હતી. જાણવા મળ્યા મુજબ આ ઘટના અંગે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે અને તેની પૂછપરછ થઈ રહી છે પોલીસે બીજા અપરાધીને પકડવા માટે ચાર ટીમની રચના કરી છે.

**હદીસ બોધ**

એકબીજાની સાથે ભલાઈથી વર્તો-એથી ભાઈચારો વધશે.
(હદીસ બોધ)

**બોધ વચન**

જે લોકો જીવવા માટે યોગ્ય હોય છે, તે મોતથી ડરતા નથી.
-થિયો દોર રૂઝવેલ્ટ

**આજની આરસી**

૨૬ ડિસેમ્બર ગુરૂવાર ૨૦૨૪
૨૩ જમાદિલ આખર હિજરી ૧૪૪૬
માગશર વદ અગિયારસ સંવત ૨૦૮૧

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૫૩ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૦ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૧૮ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૦૧ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**તૂ શાખસે કયું ફૂટા, મૈં શાખસે કયું તૂટા**
**એક જઝબ-એ-પૈદાઈ, એક લઝઝત-એ-યકતાઈ !**

વૃક્ષમાં ફૂટતી નવી કૂંપળને જન્મનો ઉત્સાહ છે અને પાંદડા ખરે છે તેને અનેરો આનંદ છે. નવા જન્મનારને રસ્તો કરી આપે છે. દુનિયામાં માનવીનો જન્મ એ તેનો જીવરૂપી આવવાનો ઉત્સાહ છે, જ્યારે મૃત્યુ એ એક લઝઝત, મજા છે, દરેક જન્મનારનો અંત અવશ્ય છે, માટે આપણે આખેરતની તૈયારી કરી લેવી જોઈએ

**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

### ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી મેલબોર્નમાં બોક્સિંગ ડે ટેસ્ટનો પ્રારંભ

# ઓસ્ટ્રેલિયામાં બોક્સિંગ ડે ટેસ્ટમાં કેવો છે ભારતનો રેકોર્ડ

**● ભારતે અત્યાર સુધી ઓસ્ટ્રેલિયામાં નવ બોક્સિંગ ડે ટેસ્ટ મેચ રમી છે, બંને ટીમો વચ્ચે પ્રથમ બોક્સિંગ ડે ટેસ્ટ ૧૯૮૫માં રમાઈ જે ડ્રો રહી હતી**

**● એમસીજીમાં ૩૩ વર્ષ સુધી વિજયથી વંચિત રહેનાર ટીમ ઈન્ડિયાએ પોતાની ગત બે મેચોમાં વિજયી પરચમ લહેરાવ્યો છે**

મેલબોર્ન, તા.૨૫

પાંચ મેચોની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટ ૨૬ ડિસેમ્બરથી ઐતિહાસિક મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી)માં રમાશે. આ બોક્સિંગ ડે ટેસ્ટ છે. લાંબા સમયથી એમસીજીમાં દર વર્ષ બોક્સિંગ ડે ટેસ્ટ રમાઈ રહી છે. બોક્સિંગ ડે ટેસ્ટ તે મેચ છે જે ૨૬ ડિસેમ્બર એટલે કે ક્રિસમસના આગામી દિવસે શરૂ થાય છે. ઓસ્ટ્રેલિયન ધરતી પર બોક્સિંગ ડે ટેસ્ટમાં ભારતીય ટીમના રેકોર્ડની વાત કરીએ તો ભારતે અત્યાર સુધી ઓસ્ટ્રેલિયામાં નવ બોક્સિંગ ડે ટેસ્ટ મેચ રમી છે. બંને ટીમો વચ્ચે ઓસ્ટ્રેલિયામાં પ્રથમ બોક્સિંગ ડે ટેસ્ટ ૧૯૮૫માં રમાઈ હતી. જે ડ્રો રહી હતી. ત્યારે ભારતનું નેતૃત્વ દેપિલ દેવે કર્યું હતું અને ઓસ્ટ્રેલિયાના કપ્તાન એલેન બોર્ડર હતા. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ સતત ભારત સામે પાંચ બોક્સિંગ ડે ટેસ્ટ જીતી છે જ્યારે ૨૦૧૪માં એમએસ ધોનીના નેતૃત્વમાં એમસીજીમાં રમાયેલી મેચ ડ્રો થઈ હતી. ભારતને અહીંયા બોક્સિંગ ડે ટેસ્ટમાં ૩૩ વર્ષ સુધી ખુશી નસીબ થઈ ન હતી. ૩૩ વર્ષ સુધી જીત માટે તરસ્યા બાદ ભારતે ફરી ડબલ ધમાલ મચાવી ભારતે એમસીજીમાં પોતાની ગત બે મેચોમાં વિજય મેળ્યો છે. આવામાં ટીમ ઈન્ડિયા આ વખતે જ્યારે અહીંયા ઉતરશે તો જુસ્સો બુલંદ હશે. ભારતે ૨૦૧૮માં વિરાટ કોહલીના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયાને બોક્સિંગ ડે ટેસ્ટમાં ૧૩૭ રનો હરાવ્યું હતું. ૨૦૨૦માં એમસીજીમાં ઓસ્ટ્રેલિયાને આઠ વિકેટે કચડ્યું હતું ત્યારે ભારતનું નેતૃત્વ અજિંક્ય રહાણે કરી રહ્યો હતો. કોહલી ૨૦૨૦માં ઓસ્ટ્રેલિયા પ્રવાસે એક ટેસ્ટ રમ્યા બાદ લીવ પર ભારત પરત ફર્યો હતો. ત્યારબાદ બાકીની ત્રણ મેચોમાં રહાણેએ કેપ્ટનશીપ કરી હતી. ગાબા ટેસ્ટ ડ્રો થયા બાદ પૂછડિયા બેટસમેનોના સંઘર્ષની પ્રશંસા કરતા ભારતીય કપ્તાન રોહિત શર્માએ કહ્યું કે આનાથી ટીમમાં બાકી મેચો માટે આત્મવિશ્વાસ જાગ્યો છે. ગાબામાં ઓપનર કેએલ રાહુલના ૮૪ રન બાદ રવીન્દ્ર જાડેજાએ ૭૭ રનની ઈનિંગ રમી હતી. આકાશ દીપ (૩૧) અને બુમરાહ (અણનમ ૧૦)એ અંતિમ વિકેટ માટે ૪૭ રનની ભાગીદારી કરી ભારતને ફોલોઓનથી બચાવ્યું હતું. રોહિતે કહ્યું કે જાડેજા અને રાહુલની પ્રશંસા કરવી પડશે. ત્યારબાદ આકાશ દીપ અને બુમરાહે જે સંઘર્ષ બતાવ્યો તે જોઈને સારૂં લાગ્યું છે.

## ભારત માટે 'કરો યા મરો'નો જંગ ઓસ્ટ્રેલિયાએ ટીમમાં બે ફેરફાર કર્યા

મેલબોર્ન, તા.૨૫ : ભારતીય ક્રિકેટ ટીમ માટે હવે કરો યા મરોની સ્થિતિ છે. આઈસીસી વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૫ સિઝનની ફાઈનલમાં પહોંચવા માટે હવે પૂરૂં જોર લગાવવાની જરૂર છે. જો તેને ક્વોલીફાઈ કરવાની નજીક પહોંચવું છે તો કોઈપણ ભોગે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયાને હરાવવું પડશે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાની હાલત પણ કંઈક આવી જ છે. બોક્સિંગ ડે ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયાએ બે ફેરફાર સાથે પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી દીધી છે. બીજું ટીમ ઈન્ડિયા આવતીકાલે ટોચના સમયે પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરશે. જો કે ફેરફારની સ્થિતિ ઘણી ઓછી દેખાઈ રહી છે. ઈનિંગની શરૂઆત કપ્તાન રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ કરી શકે છે જ્યારે શુભમન ગિલ ત્રીજા સ્થાનેથી છઠ્ઠા સ્થાને ખસી શકે છે. જો પિચ સ્પિનરોને મદદરૂપ થાય તેવી હશે. તો નીતિશકુમાર રેડ્ડીના સ્થાને વોશિંગ્ટન સુંદરનો ટીમમાં સમાવેશ થઈ શકે છે. રવીન્દ્ર જાડેજાએ જે રીતે બ્રિસ્બેનમાં બેટિંગ કરી એવું લાગે છે કે પ્લેઈંગ ઈલેવનમાં તેનું સ્થાન જળવાઈ રહેશે. ટીમ ઈન્ડિયા ત્રણ ઝડપી બોલર અને બે સ્પિન ઓલરાઉન્ડર સાથે ઊતરી શકે છે.

# જાતિ અત્યાચાર કેસમાં બેંગ્લુરૂ પોલીસે IIMB ડાયરેક્ટર, એક મહિલા પ્રોફેસર સહિત ૭ ફેકલ્ટી સભ્યો વિરૂદ્ધ FIR દાખલ કરી

(એજન્સી) બેંગ્લોર, તા.૨૫

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) બેંગ્લોરમાં જાતિ આધારિત ભેદભાવ અંગેના ધ મૂકનાયકના વિગતવાર અહેવાલ બાદ બેંગલુરુ પોલીસે સંસ્થાના ડિરેક્ટર, ડીન (ફેકલ્ટી) અને અન્ય છ ફેકલ્ટી સભ્યો વિરૂદ્ધ FIR નોંધી છે. ભારતમાં IIMની સ્થાપના પછી આ પ્રથમ વખત બન્યું છે કે જ્યારે સેવા આપતા ડિરેક્ટર પર જાતિ આધારિત ભેદભાવનો આરોપ મૂકવામાં આવ્યો હોય અને ફેકલ્ટી સભ્ય સામે અત્યાચાર કરવા બદલ FIRમાં નામ આપવામાં આવ્યું હોય.




બેંગલુરૂ પોલીસે નોંધેલી FIRમાં આઈઆઈએમ બેંગ્લોરના ડિરેક્ટર ડૉ. ઋષિકેશ ટી. કૃષ્ણન અને ૭ પ્રોફેસરો ડૉ. દિનેશ કુમાર, ડૉ. સૈનેશ જી, ડૉ. શ્રીનિવાસ પ્રાખ્યા, ડૉ. ચેતન સુબ્રમણ્યમ, ડૉ. આશિષ મિશ્રા, ડૉ. શ્રીલતા જોનાલાગેદ્દા અને ડૉ. રાહુલના નામ છે. આ વ્યક્તિઓ જાતિ આધારિત અત્યાચાર અને પ્રણાલીગત ભેદભાવ માટે એસસી-એસટી એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ જોગવાઈઓ હેઠળ આરોપી છે.

ધી મૂકનાયકે ગુરૂવારે ડિરેક્ટોરેટ ઑફ સિવિલ રાઈટ્સ એન્ફોર્સમેન્ટ (DCRE) તપાસના તારણો પર વિગતવાર અહેવાલ પ્રકાશિત કર્યા પછી માઈકો લેઆઉટ પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરવામાં આવી છે. આ DCRE રિપોર્ટનો ખુલાસો થયો છે જે IIM બેંગ્લોરમાં વૈશ્વિક સ્તરે પ્રખ્યાત દલિત વિદ્વાન એસોસિયેટ પ્રોફેસર ગોપાલ દાસને પ્રણાલીગત જાતિ આધારિત ઉત્પીડનનો સામનો કરવો પડ્યો છે. ૨૬ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ, DCRE માટેના અધિક પોલીસ મહાનિર્દેશક (ADGP) એ કર્ણાટક સમાજ કલ્યાણ વિભાગને એક અહેવાલ સુપરત કર્યો, જેમાં પ્રોફેસર દાસના આરોપોની પુષ્ટિ થઈ છે. આ રિપોર્ટમાં ખાસ કરીને IIM બેંગ્લોરના ડિરેક્ટર ડૉ. ઋષિકેશ ટી. કૃષ્ણન, ડીન (ફેકલ્ટી) ડૉ. દિનેશ કુમાર અને અન્ય ફેકલ્ટી સભ્યોના નામ આવ્યા હતા.

૧૯ ડિસેમ્બરે ધી મૂકનાયકે એક સંશોધનાત્મક વાર્તા પ્રકાશિત કરી, એ પછી આ મુદ્દા પર દેશવ્યાપી ધ્યાન ગયું હતું. આ અહેવાલમાં SC-ST (PoA) અધિનિયમ અને BNS ૨૦૨૩ બંને હેઠળના ઉલ્લંઘનો દર્શાવવામાં આવ્યા છે.

પ્રોફેસર દાસ, પ્રતિષ્ઠિત IIT ખડગપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સતત પાંચ વર્ષ સુધી સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ટોચના ૨% સંશોધકો પૈકી એક છે અને તેઓ એપ્રિલ ૨૦૧૮માં IIM બેંગ્લોરમાં જોડાયા હતા. તેમના શ્રેષ્ઠ શૈક્ષણિક પ્રદર્શન છતાં, દાસે તેમની દલિત ઓળખને કારણે લક્ષિત ઉત્પીડનનો આક્ષેપ કર્યો, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

● સામૂહિક ઈમેલ દ્વારા તેમની જાતિની જાહેરાત. ● વૈકલ્પિક અભ્યાસક્રમો અને પીએચડી કાર્યક્રમોમાંથી બાકાત. ● સંસ્થાકીય સંસાધનોની ઍક્સેસનો ઈન્કાર. ● અનધિકૃત મીડિયા કમ્યુનિકેશન માટે કારણ દર્શક નોટિસ સહિત બદલો લેવાની ક્રિયાઓ. જાન્યુઆરી ૨૦૨૪માં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથેની મીટિંગ દરમિયાન દાસે આ આરોપો સૌપ્રથમ જાહેર કર્યા હતા. રાષ્ટ્રપતિના કાર્યાલય દ્વારા ઔપચારિક તપાસનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. DCRE રિપોર્ટ પર કાર્યવાહી કરતા, કર્ણાટકના સમાજ કલ્યાણ વિભાગે બેંગલુરુ પોલીસ કમિશનરને ૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ આરોપીઓ વિરૂદ્ધ FIR દાખલ કરવા સૂચના આપી હતી. જો કે, પોલીસ વિભાગ દ્વારા કેસ નોંધવામાં વિલંબને કારણે લોકોની ટીકા થઈ હતી.

ધ મૂકનાયકના અહેવાલને પગલે, નાગરિક સમાજ સંગઠનોએ ઝડપી પગલાં લેવા માટે આહવાન કર્યું હતું. શુક્રવાર ૨૦ ડિસેમ્બરે, વધતા દબાણ હેઠળ, SC-ST એક્ટ અને BNS ૨૦૨૩ની કડક કલમોનો ઉપયોગ કરીને આખરે FIR નોંધવામાં આવી છે.

આંબેડકર સેન્ટર ફોર જસ્ટિસ એન્ડ પીસ (ACJP)ના રાષ્ટ્રીય અધ્યક્ષ, નાગસેન સોનારેએ ધ મૂકનાયક સાથે તેમનો અભિપ્રાય શેર કરતા જણાવ્યું હતું કે, આઈઆઈએમના ઈતિહાસમાં આ એક ઐતિહાસિક ક્ષણ છે. પ્રથમ વખત, વર્તમાન ડાયરેક્ટર જાતિ આધારિત ભેદભાવ આચરતા અને SC-ST-OBC વિદ્યાર્થી સમુદાયને હાંસિયામાં ધકેલીને ફેકલ્ટી સભ્યો સામે અત્યાચાર કરતા જોવા મળ્યા છે. એફઆઈઆરની નોંધણી સાથે, અમે કર્ણાટક પોલીસને સખત વિનંતી કરીએ છીએ કે તે તરત જ ડિરેક્ટર ડૉ. ઋષિકેશ ટી. કૃષ્ણન અને ડૉ. ગોપાલ દાસ સામેના આ અત્યાચારોમાં સામેલ અન્ય સાત ફેકલ્ટી સભ્યોની ધરપકડ કરે. SC-ST-OBC સમુદાયો હવે આવા અત્યાચારને સહન કરશે નહીં. અમે ફેકલ્ટી, સ્ટાફ અને વિદ્યાર્થીઓ સામેના જ્ઞાતિ ભેદભાવના દરેક કેસમાં લડવા તૈયાર છીએ.

# ટેસ્ટ રેન્કિંગમાં નંબર વન બોલર બુમરાહે બનાવ્યો અદ્ભુત રેકોર્ડ

## બુમરાહ ટેસ્ટ ઈતિહાસમાં સૌથી વધારે રેટિંગ પોઈન્ટ પ્રાપ્ત કરનાર સંયુક્ત રૂપથી પ્રથમ ભારતીય બની ગયો છે

નવી દિલ્હી, તા.૨૫

આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં જસપ્રીત બુમરાહ હાલ નંબર વન બોલર છે પણ બોક્સિંગ ડે ટેસ્ટ મેચ પહેલા તેણે વધુ એક સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. ત્રીજી ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન બાદ બુમરાહ ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં એક ઝડપી બોલર તરીકે સૌથી વધારે રેટિંગ પોઈન્ટ પ્રાપ્ત કરનાર બોલર બની ગયો છે જ્યારે કોઈપણ ભારતીય ટેસ્ટ બોલર દ્વારા પ્રાપ્ત કરાયેલ સર્વોચ્ચ રેટિંગ પોઈન્ટની બરાબરી પણ તેણે કરી લીધી છે. અશ્વિને પોતાની કારકીર્દીમાં સૌથી



વધારે ૯૦૪ પોઈન્ટ પ્રાપ્ત કર્યા હતા. બુમરાહે પણ આટલા જ પોઈન્ટ પ્રાપ્ત કરી લીધા છે. બુમરાહ થોડા સમય પહેલા જ આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં નંબર વન બોલર બન્યો હતો અને બ્રિસ્બેન ટેસ્ટ મેચમાં નવ ક્રિકેટ ઝડપ્યા બાદ તેના રેટિંગ પોઈન્ટમાં ૧૪ પોઈન્ટનો વધારો થયો અને તે ૮૯૦થી ૯૦૪ પર પહોંચી ગયો છે. આ પહેલા ભારત માટે ડિસેમ્બર ૨૦૧૬માં ૯૦૪ રેટિંગ પોઈન્ટ અને નંબર વનનું સ્થાન અશ્વિને પ્રાપ્ત કર્યું હતું. જે હાલમાં જ સંન્યાસ લઈ ચૂક્યો છે. બુમરાહે અત્યાર સુધી આ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ૨૧ વિકેટ ઝડપી છે. જેનાથી તેને બોલિંગ રેન્કિંગમાં ટોચના સ્થાને પોતાની લીડને ૪૮ રેટિંગ પોઈન્ટ સુધી વધારવામાં મદદ મળી છે. પહેલા ટોચની રેન્કિંગવાળો રબાડા (૮૫૬) હાલ બીજા અને હેઝલવુડ (૮૫૨) યાદીમાં ત્રીજા સ્થાને છે. જો કે રવીન્દ્ર જાડેજાને વિકેટ નહીં મળવાથી નુકસાન થયું છે અને તે ટોપ ટેનમાંથી બહાર થઈ ગયો છે. વન-ડે રેન્કિંગની વાત કરીએ તો પાકિસ્તાનના સૈમ ઐયુબ અને દ.આફ્રિકાના કલાસેને લાંબી છલાંગ લગાવી છે. સૈમ ઐયુબ ૫૭ સ્થાનની છલાંગ સાથે ૨૩મા સ્થાને પહોંચી ગયો છે જ્યારે કલાસેન ટોપ ફાઈવમાં પ્રવેશવામાં સફળ થયો છે.

# દલિત છોકરાને કેમ મોડા આવ્યા તેમ પૂછતા પ્રિન્સિપાલ અને શિક્ષકે માર માર્યો; કોર્ટના આદેશ પર FIR દાખલ

**છોકરાને કથિત રીતે પેટમાં મુક્કો મારવામાં આવ્યો હતો, જેના કારણે આંતરડામાં સોજો આવી ગયો હતો, સગીરના માતા-પિતાનો આરોપ છે કે તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી, ત્યારબાદ પરિવારે સ્થાનિક કોર્ટનો સંપર્ક કર્યો હતો, જેણે FIR દાખલ કરવાનો આદેશ આપ્યો હતો**

(એજન્સી) લખનૌ, તા.૨૫

આ ઘટના ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ લછન નગરની એક પ્રાથમિક શાળામાં બની હતી. રાનીનો પુત્ર, કમલ, જે ધોરણ ૫નો વિદ્યાર્થી છે, તે વર્ગમાં મોડા આવવા બદલ શિક્ષકોનો રોષનો ભોગ બન્યો હતો.




એક દલિત વિદ્યાર્થીના માતા-પિતાએ તેમના પુત્ર પર હુમલો કરવા બદલ વિરૂદ્ધ FIR નોંધાવતા સીતાપુરમાં એક સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય અને શિક્ષક પર SC/AT એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ધોરણ ૫ના વિદ્યાર્થી, છોકરાને આચાર્ય, દુર્ગેશ કુમાર અને શિક્ષક, સંદીપ કુમાર દ્વારા માર મારવામાં આવ્યો હતો, જ્યારે તેણે શાળાએ મોડા આવવા માટે બંનેને પૂછપરછ કરી હતી. છોકરાએ બંનેને યાદ અપાવ્યું કે તાજેતરમાં શાળાએ મોડા આવવા બદલ તેઓએ તેને કેવી રીતે સજા કરી. આનાથી બંને ગુસ્સે થયા જેમણે કથિત રીતે સગીરને માર માર્યો. છોકરાને કથિત રીતે પેટમાં મુક્કો મારવામાં આવ્યો હતો, જેના કારણે આંતરડામાં સોજો આવી ગયો હતો. સગીરના માતા-પિતાનો આરોપ છે કે તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી, ત્યારબાદ પરિવારે સ્થાનિક કોર્ટનો સંપર્ક કર્યો હતો, જેણે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. આ ઘટના ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ લછન નગરની એક પ્રાથમિક શાળામાં બની હતી. રાનીનો પુત્ર, કમલ, જે ધોરણ ૫નો વિદ્યાર્થી છે, તેણે વર્ગમાં મોડા આવવા માટે શિક્ષકોના રોષનો ભોગ બનવું પડ્યું. તેમણે તેમને અગાઉના પ્રસંગની યાદ અપાવી જ્યારે તેઓએ તેને મોડા આવવા બદલ ઠપકો આપ્યો. આનાથી શિક્ષકો ગુસ્સે થયા, જેમણે તેની પર હુમલો કરતા પહેલા કથિત રીતે જાતિવાદી અપશબ્દોનો ઉપયોગ કર્યો. રાનીની અરજીમાં કહેવામાં આવ્યું છે કે કમલને મુક્કો મારવામાં આવ્યો હતો અને લાત મારવામાં આવી હતી, જેના કારણે તેના પેટમાં ગંભીર સોજો આવી ગયો હતો. ઘટના બાદ કમલ રડતા રડતા ઘરે પાછો આવ્યો અને તેની માતાને તેની સાથે જે બન્યું તેની વાત કહી. તેના પુત્રની સલામતી અને સુખાકારી માટે ચિંતિત, રાનીએ આ બાબતને ઉકેલવા માટે શાળાની મુલાકાત લીધી પરંતુ તેની સાથે દુશ્મન જેવો વ્યવહાર કરવામાં આવ્યો. તેણે આક્ષેપ કર્યો હતો કે શિક્ષકોએ અપમાનજનક અને અનાદરભર્યું વર્તન કર્યું, તેને શાળાના પરિસરમાંથી બહાર ધકેલી દીધી. ત્યારબાદ, રાની કમલને તબીબી તપાસ માટે લઈ ગઈ, જ્યાં અલ્ટ્રાસાઉન્ડમાં તેના આંતરડામાં સોજો હોવાનું બહાર આવ્યું, જે હુમલાની ગંભીરતાની પુષ્ટિ કરે છે. રાનીએ વધુમાં દાવો કર્યો હતો કે તેણે લહરપુર પોલીસ સ્ટેશનમાં ઔપચારિક ફરિયાદ સબમિટ કરી હતી અને સીતાપુરના તત્કાલીન પોલીસ અધિક્ષક સહિત વરિષ્ઠ અધિકારીઓને અનેક લેખિત અપીલ કરી હતી. તેના પ્રયત્નો છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. હતાશ અને નિરાશ થઈને તેણે આખરે અધિકારીઓને રજિસ્ટર્ડ પત્રો મોકલ્યા, પરંતુ તેનું પણ કોઈ પરિણામ આવ્યું નહીં. રાનીએ બે શિક્ષકો પર જાતિ આધારિત ભેદભાવ અને શિક્ષક તરીકેની તેમની ફરજોમાં બેદરકારીનો આરોપ મૂક્યો છે. અરજીમાં આરોપીઓ અને સ્થાનિક સત્તાવાળાઓ વચ્ચેની મિલીભગતનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે, જેણે એફઆઈઆર નોંધવામાં અવરોધ ઊભો કર્યો છે. SHO, લહરપુર, મુકુલ પ્રકાશ વર્માએ જણાવ્યું હતું કે આચાર્ય અને શિક્ષક વિરૂદ્ધ BNS ૧૧૫ (જાણીજોઈને ઈજા પહોંચાડવી), ૩૫૨ (ઈરાદાપૂર્વક અપમાન) અને ST/SC એક્ટના આરોપો હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

## દલિત છોકરાને જન્મદિવસની પાર્ટીમાં આમંત્રિત કરાયો, નગ્ન કરી માર મારી તેના પર પેશાબ કરવામાં આવ્યું; આત્મહત્યા કરી

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૫

એક સગીર છોકરો આદિત્ય ઉત્તરપ્રદેશમાં તેના ગામમાં કથિત રીતે ગંભીર જાતિના ભેદભાવ અને ઉત્પીડનનો સામનો કર્યા પછી આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યો. ઘટના બાદ રાજ્ય પોલીસે સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે. ANI સાથે વાત કરતા, સર્કલ ઓફિસર (CO) પ્રદીપ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, આદિત્ય નામના છોકરાએ ફાંસી લગાવી અને પીએસ કમ્પાનગંજમાં કેસ નોંધવામાં આવ્યો છે. સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. કારણ પરસ્પર મતભેદ હોવાની શંકા છે. જો કે, પીડિત પરિવારે આરોપ લગાવ્યો છે કે, આદિત્યને તેના મૃત્યુ પહેલા ભારે ઉત્પીડન કરવામાં આવ્યું હતું. તેના કાકા વિજય કુમારના જણાવ્યા અનુસાર, સગીર છોકરાને ગામમાં જન્મદિવસની પાર્ટીમાં બોલાવવામાં આવ્યો હતો જ્યાં તેની પર હુમલો કરવામાં આવ્યો હતો. અમને ખબર નથી કે આ બધું પૂર્વ આયોજિત હતું કે નહીં, પરંતુ તેને નગ્ન કરીને માર મારવામાં આવ્યો હતો અને તેની પર પેશાબ પણ કરવામાં આવ્યો હતો. પીડિતાના કાકાએ આક્ષેપ કર્યો હતો, જ્યારે અમે ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશન ગયા, ત્યારે અમારી ફરિયાદ નોંધવામાં આવી ન હતી. વિજયે વધુમાં આક્ષેપ કર્યો હતો કે, ઔપચારિક ફરિયાદ નોંધાવવાના તેમના પ્રયાસોને શરૂઆતમાં અવગણવામાં આવ્યા હતા. તેમણે કહ્યું, આ ઘટના ૨૦ ડિસેમ્બરે બની હતી, પરંતુ અમને તેના વિશે બીજા દિવસે જાણ થઈ હતી. આદિત્ય મોડી રાત્રે ઘરે આવ્યો હતો અને બીજા દિવસે સવારે ઘટના સંભળાવી હતી. અમારા પ્રયત્નો છતાં, અધિકારીઓએ ત્રણ દિવસ સુધી અમારી ફરિયાદ નોંધી ન હતી. તેઓએ તેને ફરીથી ત્રાસ આપ્યો, જેના કારણે તેણે આત્મહત્યા કરી.

પોલીસ આ મામલે તપાસ કરી રહી છે અને વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

### એકનાથ શિંદે કાંબલીને પાંચ લાખની મદદ કરશે

મુંબઈ, તા.૨૫

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલી માટે મહારાષ્ટ્ર સરકારે મદદનો હાથ લંબાવ્યો છે. વિનોદ કાંબલી પોતાની ખરાબ હેલ્થના કારણે હોસ્પિટલમાં દાખલ છે. ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેએ કાંબલી માટે આર્થિક મદદની જાહેરાત કરી છે. ઉપ મુખ્યમંત્રીના ઓએસડી મંગેશ ચિવટે પૂર્વ ક્રિકેટરને મળવા હોસ્પિટલ ગયા હતા. કાંબલીની મુલાકાત સાથે જ ઉપમુખ્યમંત્રી શિંદે તરફથી પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરાઈ છે. કાંબલીને આ રકમ શ્રીકાંત શિંદે ફાઉન્ડેશન તરફથી મળશે.

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**

**રજિ.ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સલામત લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૧૫૨૫૦૨૭.00/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૦૫-માર્ચ-૨૦૨૨ | ૧૦૦૩૮૨૮૦૨૬૩ | કમલેશકુમાર એચ. મહેરિયા, હેમાંગિની કે. મહેરિયા અને કમલેશકુમાર એચ. મહેરિયા સી/ઓ પ્રેક્સિસ હોમ રિટેલ લિમિટેડ | ભા. રૂ. ૨૨૦૩૨૦૦.૦૦/- | ભા. રૂ. ૨૨૦૩૨૦.00/- | ૧૬-જાન્યુ- ૨૦૨૫ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૧૫-જાન્યુ- ૨૦૨૫ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૦૯-જાન્યુ-૨૦૨૫ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : પ્રગતિ તેજાની સંપર્ક નં. ૮૮૬૬૬૫૬૨૯૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા ફ્લેટ નં.જી-૩૦૩, ત્રીજો માળ, ક્ષેત્રફળ ૮૫ ચો.વાર એટલે કે ૭૧.૦૭ ચો.મી. બિનવહેંચાયેલ ભાગની જમીનના હિસ્સા સાથે ક્ષેત્રફળ ૩૭ ચો.મી. સ્કીમ નામે 'શિવેશ-૧૯૫' તરીકે સ્થિત અત્રે જમીન ધરાવતા સર્વે નં.૮૪૩/૧/એ અને ૮૪૫/૨ ફાઈનલ પ્લોટ નં.૧૯૫/૧+૧૯૭/૨ આઈપીએસ ૧૩ મોજે વાવોલ, તા. ગાંધીનગર, જિ. અને રજિ. સબ જિ. ગાંધીનગર અને ખૂંટ તરફ : પૂર્વ : બ્લોક-એચ, પશ્ચિમ : ફ્લેટ નં.જી-૩૦૨, ઉત્તર : બ્લોક-એફ અને દક્ષિણ : ફ્લેટ નં.જી-૩૦૪

ડિસ્ક્લેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તારીખ : ૨૬.૧૨.૨૦૨૪**

# છત્તીસગઢ : અમિત શાહના ડોક્ટર આંબેડકર વિશેના વિધાનોના વિરોધ રૂપે રાયપુરમાં કોંગ્રેસની વિશાળ વિરોધ રેલી

### કોંગ્રેસના રાજીવ ચોકમાં આવેલા વડા મથકેથી વિરોધ કૂચ શરૂ થઈ અને આંબેડકર ચોકમાં પરિપૂર્ણ થઈ

(એજન્સી) રાયપુર, તા.૨૫

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ડોક્ટર આંબેડકર સામે કરવામાં આવેલા ઉચ્ચારણો સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કરવા માટે રાયપુર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મંગળવારે બાબાસાહેબ આંબેડકર સન્માન કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું. અમિત શાહના વિધાનોને વિરોધમાં યોજાયેલી કૂચ કોંગ્રેસના રાજીવ ચોક ખાતે આવેલા વડા મથકેથી શરૂ થઈ હતી અને આંબેડકર ચોકમાં પરિપૂર્ણ થઈ હતી. રાયપુર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગિરીશ દુબેએ અમિત શાહ સામે પગલાં લેવાની માગણી કરતું આવેદનપત્ર રાષ્ટ્રપતિને મોકલવા માટે જિલ્લા વહીવટી તંત્રને સુપરત કર્યું હતું. બાબાસાહેબ પ્રતિ અપમાનજનક ઉચ્ચારણો કરવા બદલ અને એમના રાષ્ટ્ર નિર્માણના વિલક્ષણ યોગદાનને ઓછું ચીતરવા બદલ અમિત શાહ સામે પગલાં લેવા જિલ્લા કોંગ્રેસ



સમિતિએ રાષ્ટ્રપતિને અનુરોધ કર્યો છે. આંબેડકર ચોકમાં કોંગ્રેસના રાજ્યસભાના સભ્ય ફૂલોદેવી નેતમ, પૂર્વ સાંસદ છાયા વર્મા, ધારાસભ્ય કુલદીપ જુણેજા, મેયર એજાજ ઢેબર, સહિતના કોંગ્રેસના નેતાઓ કૂચમાં જોડાયા હતા. કોંગ્રેસના આગેવાનોએ અમિત શાહના વિધાનો સામે સખત વિરોધ વ્યક્ત કર્યો હતો અને પ્રતિજ્ઞા લીધી હતી કે અમિત શાહે કરેલા વિધાનોથી અમે ઓબીસી તથા અનુસૂચિત જાતિ અને જનજાતિ સમાજોને જાગૃત કરીશું.

# પશ્ચિમ બંગાળ : ગુજરાતમાં બી.આર. આંબેડકરની પ્રતિમાની તોડફોડ અંગે TMCએ ભાજપની નિંદા કરી

### TMC એ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની બી.આર. આંબેડકર પરની તાજેતરની ટિપ્પણીની નિંદા કરતા રાજ્યભરમાં વિરોધ રેલીઓ કાઢી હતી. બી.આર. આંબેડકરના પોસ્ટરો સાથે મંત્રીઓ સહિત પાર્ટીના નેતાઓએ દરેક બ્લોક સ્તરે રેલીઓ કાઢી હતી

(એજન્સી) કોલકાતા, તા.૨૫

તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ મંગળવારે ગુજરાતમાં બીઆર આંબેડકરની પ્રતિમાની તોડફોડ કરવામાં આવ્યા પછી ભારતીય જનતા પાર્ટી (BJP)ની ટીકા કરી હતી. TMC એ કહ્યું કે, આપ ક્રોનોલોજી સમજીએ: અમિત શાહ સંસદના ફ્લોર પર બાબાસાહેબ આંબેડકરનું અપમાન કરે છે. તેમને માફી માંગવાનું કહેવાને બદલે, મોદી તેમનું સમર્થન કરે છે. પસ્તાવો તો દૂર, ગૃહપ્રધાન પોતાની ક્રિયાઓનો બચાવ કરે છે. હવે, બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની PM અને HMના ગૃહ રાજ્ય ગુજરાતમાં તોડફોડ કરવામાં આવી છે, ભાજપ બંધારણીય સિદ્ધાંતો માટે તિરસ્કાર ધરાવે છે, બાબાસાહેબ જે મૂલ્યો માટે લડત આપતા હતા તેના પ્રત્યે તેમને અણગમો છે, અને દલિત સમુદાય પ્રત્યેનો તેમનો અણગમો વધુ સ્પષ્ટ થઈ ગયો છે. સોમવારે ટીએમસીએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની બીઆર આંબેડકર પરની તાજેતરની ટિપ્પણીની નિંદા



કરતા રાજ્યભરમાં વિરોધ રેલીઓ કાઢી હતી. બીઆર આંબેડકરના પોસ્ટરો સાથે મંત્રીઓ સહિત પાર્ટીના નેતાઓએ દરેક બ્લોક સ્તરે રેલીઓ કાઢી હતી. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા ક્રિસમસ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરતી વખતે મુખ્યમંત્રી મમતા બેનરજીએ પણ સંસદમાં બીઆર આંબેડકર વિરૂદ્ધ કેન્દ્રીય ગૃહ મંત્રીની ટિપ્પણીની નિંદા કરી હતી. વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસ અને ટીએમસી હંમેશા બીઆર આંબેડકરનું 'અપમાન' કરે છે.

# IRCTCએ ખાનગી ટ્રેનોમાં વિલંબ માટે મુસાફરોને વળતર ચૂકવવાનું બંધ કર્યું : RTI

### IRCTCની શરૂઆત રેલવેની તમામ કેટરિંગ અને પ્રવાસન પ્રવૃત્તિઓનું સંચાલન કરવાના મૂળભૂત ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી

(એજન્સી) તા.૨૫

IRCTCએ માહિતી આપી છે કે તેણે પાંચ વર્ષ પહેલા ખાનગી ટ્રેનોમાં વિલંબ પર મુસાફરોને વળતર આપવાની યોજના બંધ કરી દીધી હતી. માહિતી અધિકાર (RTI) કાયદા હેઠળ સમાચાર એજન્સી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં આ માહિતી પ્રાપ્ત થઈ છે. રેલ્વે મંત્રાલયે રેલ્વેની તમામ કેટરિંગ અને પ્રવાસન પ્રવૃત્તિઓનું સંચાલન કરવાના મૂળભૂત ઉદ્દેશ્ય સાથે ભારતીય રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC)ની સ્થાપના કરી હતી. તે હાલમાં ટિકિટ બુકિંગ અને ખાનગી ટ્રેનોનું સંચાલન કરે છે. IRCTC અનુસાર, આ યોજના હેઠળ, ૪ ઓક્ટોબર ૨૦૧૯થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી મુસાફરોને વળતર તરીકે ૨૬ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૩-૨૪માં જ મુસાફરોને ૧૫.૬૫ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું હતું. RTIના જવાબમાં IRCTCએ જણાવ્યું હતું કે, 'ખાનગી ટ્રેનોના વિલંબ અથવા દોડવાના કિસ્સામાં વળતર આપતી યોજના ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪થી બંધ કરવામાં આવી છે.' કોર્પોરેશને આ પગલું ગોપનીય હોવાનું કહીને આમ કરવા પાછળના કારણો જણાવવાનો ઈનકાર કર્યો છે. RTI જવાબ અનુસાર, IRCTC બે તેજસ ટ્રેન ચલાવે છે-એક નવી દિલ્હીથી લખનૌ (૪ ઓક્ટોબર ૨૦૧૯થી) અને બીજી અમદાવાદથી મુંબઈ (૧૭ જાન્યુઆરી ૨૦૨૦થી). મુસાફરોને વળતર ચૂકવવા પાછળનું કારણ તેમને આ ટ્રેનો તરફ આકર્ષવાનું હતું, જે માર્કેટિંગ પ્રવૃત્તિઓનો એક




ભાગ હોવાનું તેણે જણાવ્યું હતું. RTI જવાબમાં જણાવ્યું હતું. કે,૨૦૧૯-૨૦માં રૂા. ૧.૭૮ લાખનું વળતર, ૨૦૨૦-૨૧માં શૂન્ય, ૨૦૨૧-૨૨માં રૂા.૯૬,૦૦૦, ૨૦૨૨-૨૩માં રૂા.૭.૭૪ લાખ અને ૨૦૨૩-૨૪માં રૂા.૧૫.૬૫ લાખનું વળતર નિગમ દ્વારા મુસાફરોને આપવામાં આવ્યું છે. ટ્રેનના વિલંબના કિસ્સામાં મુસાફરને વળતરની રકમના પ્રશ્ન પર, તેણે જણાવ્યું હતું કે ૬૦થી૧૨૦ મિનિટના વિલંબ માટે મુસાફરોને વળતર તરીકે ૧૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા અને ૧૨૦થી૨૪૦ મિનિટના વિલંબ માટે ૨૫૦ રૂપિયા આપવામાં આવ્યા હતા. IRCTCના જણાવ્યા અનુસાર, ટ્રેન ૨૬ થવા પર, મુસાફરોને સંપૂર્ણ ભાડું પરત કરવામાં આવ્યું હતું અને વિલંબના કિસ્સામાં, મુસાફરોને ભોજન અને પાણીની સુવિધા પણ આપવામાં આવી હતી.

# આંબેડકર પર અમિત શાહના નિવેદનને વખોડીને કલબુર્ગીમાં બંધનું આયોજન કરવામાં આવ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

સંસદમાં બીઆર આંબેડકર પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના તાજેતરના નિવેદનની નિંદા કરવા દલિત સંગઠનો દ્વારા આપવામાં આવેલા બંધના એલાનને પગલે મંગળવારના રોજ કલબુર્ગીમાં દેખાવકારો રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિવાદ ત્યારે ફાટી નીકળ્યો જ્યારે અમિત શાહે હુબલીમાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન કથિત રીતે એવી ટિપ્પણી કરી હતી કે સમાજના કેટલાક વર્ગો આંબેડકરના યોગદાનનો અનાદર કરે છે. આ ટિપ્પણીઓએ ભારતના રાજકીય અને સામાજિક ઉત્ક્રાંતિમાં આંબેડકરની ભૂમિકાને કથિત રીતે નકારી કાઢી હતી, જેણે દલિત સંગઠનો, આંબેડકરવાદી કાર્યકરો અને અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને નારાજ કર્યા હતા, જેમણે આ નિવેદનને આંબેડકરના વારસાને નબળી પાડવાના પ્રયાસ તરીકે જોયા હતા. નોંધપાત્ર દલિત વસ્તી ધરાવતા કલબુર્ગીમાં વિવિધ દલિત સંગઠનો, રાજકીય પક્ષો અને સામાજિક કાર્યકરો દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

દુકાનો, વ્યવસાયો અને જાહેર કચેરીઓ બંધ રહેતાં શહેરમાં સંપૂર્ણ બંધ જોવા મળ્યો



હતો. જાહેર પરિવહન સેવાઓ પણ ખોરવાઈ ગઈ હતી અને તંગ વાતાવરણને કારણે ઘણી શાળાઓ અને કોલેજોએ રજા જાહેર કરી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, વિવિધ દલિત સંગઠનો દ્વારા આપવામાં આવેલા બંધના એલાનને પગલે બસ, ઓટો રિક્ષા અને ટેક્સીઓ ચાલતી ન હોવાથી શહેર સંપૂર્ણ રીતે બંધ છે અને દુકાનો પણ બંધ છે. બંધના સમર્થકો આંબેડકરની પ્રતિમાઓ સહિત શહેરભરના અગ્રણી સ્થાનો પર એકઠાં થયા હતા, તેઓએ વિરોધ પ્રદર્શનો કર્યા હતા અને અમિત શાહ અને ભારતીય જનતા પાર્ટી (BJP) નેતૃત્વ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ગંજ વિસ્તારની નગરેશ્વર સ્કૂલથી ડેપ્યુટી કમિશનરની ઓફિસ સુધી એક વિશાળ વિરોધ માર્ચનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# તહેવારોની ભીડને પહોંચી વળવા માટે બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે વિશેષ ટ્રેનોની પશ્ચિમ રેલવેની જાહેરાત

### ટ્રેન નંબર ૦૯૬૨૪ બાંદ્રા ટર્મિનસ-અજમેર વીકલી સ્પેશિયલ ગુરૂવારે બાંદ્રા ટર્મિનસથી ૧૦.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૦.૧૫ કલાકે અજમેર પહોંચશે

(એજન્સી) તા.૨૫

મુસાફરોની સુવિધા માટે અને તહેવાર દરમિયાન મુસાફરોના વધારાના ધસારાને દૂર કરવા માટે, પશ્ચિમ રેલવેએ બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે વિશેષ ભાડા પર બે વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૦૯૬૨૪/૦૯૬૨૩ બાંદ્રા ટર્મિનસ- અજમેર (સાપ્તાહિક) વિશેષ (૪ ટ્રીપ્સ) ટ્રેન નંબર ૦૯૬૨૪ બાંદ્રા ટર્મિનસ-અજમેર વીકલી સ્પેશિયલ ગુરૂવારે બાંદ્રા ટર્મિનસથી ૧૦.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૦.૧૫ કલાકે અજમેર પહોંચશે. આ ટ્રેન ૨૬મી ડિસેમ્બર, ૨૦૨૪ અને ૨જી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૬૨૩ અજમેર -બાંદ્રા ટર્મિનસ વીકલી સ્પેશિયલ બુધવારે અજમેરથી ૧૦.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૬.૪૫ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૫મી ડિસેમ્બર, ૨૦૨૪ અને ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે. આ ટ્રેન માર્ગમાં બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, ઉધના, વડોદરા, રતલામ,



ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, દુર્ગાપુરા, જયપુર અને કિશનગઢ સ્ટેશન પર બંને દિશામાં ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, એસી ૩-ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચનો સમાવેશ થાય છે. ટ્રેન નંબર ૦૯૦૨૭/૦૯૦૨૮ બાંદ્રા ટર્મિનસ-અજમેર (સાપ્તાહિક) સુપરફાસ્ટ અનરિઝર્વ્ડ ઉર્સ સ્પેશિયલ (૬ ટ્રિપ્સ) ટ્રેન નંબર ૦૯૦૨૭ બાંદ્રા ટર્મિનસ-અજમેર વીકલી અનરિઝર્વ્ડ સ્પેશિયલ ગુરૂવારે બાંદ્રા ટર્મિનસથી ૧૨.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૬.૨૫ કલાકે અજમેર પહોંચશે. આ ટ્રેન ૨૬મી ડિસેમ્બર, ૨૦૨૪ અને ૨જી અને ૯મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૨૮ અજમેર–બાંદ્રા ટર્મિનસ વીકલી અનરિઝર્વ્ડ સ્પેશિયલ શુક્રવારે અજમેરથી ૧૦.૨૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૪.૨૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૭મી ડિસેમ્બર, ૨૦૨૪ અને ૩જી અને ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે. આ ટ્રેન માર્ગમાં બોરીવલી, પાલઘર, દહાણુ રોડ, વાપી, વલસાડ, ઉધના, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, મંદસોર, નિમચ, ચિત્તૌરગઢ, ભીલવાડા, બીજનગર અને નસીરાબાદ સ્ટેશન પર બંને દિશામાં ઉભી રહેશે. આ ટ્રેનમાં જનરલ સેકન્ડ ક્લાસ કોચનો સમાવેશ થાય છે. ટ્રેન નંબર ૦૯૬૨૪. માટે બુકિંગ ૨૫.૧૨.૨૦૨૪થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખુલશે. હોલ્ટના સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# પૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાને મણિપુરના ગવર્નર બનાવાયા, આરીફ મોહમ્મદ ખાન બિહારના ગવર્નર તરીકે નિયુક્ત; પાંચ રાજ્યોને નવા ગવર્નર મળ્યા

### સૌથી લાંબો સમય કેન્દ્રના ગૃહ સચિવ તરીકે ફરજ બજાવવાનું અનોખું સન્માન અને સિદ્ધિ મેળવનાર અજય ભલ્લાએ આ વર્ષે ઓગસ્ટમાં એમની પાંચ વર્ષની મુદત પરિપૂર્ણ કરી, ૧૯૮૪ની બેચના આસામ મેઘાલય કેડરના નિવૃત્ત IAS અધિકારી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

પૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાને અશાંતિગ્રસ્ત મણિપુરના રાજયપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. છેલ્લા લાંબા સમયથી અને ખાસ કરીને એક વર્ષથી મૈતેઈ અને કૂકી-જો જૂથો વચ્ચે હિંસક અથડામણો અને સંઘર્ષ ચાલુ છે એ દરમિયાન પૂર્વ સક્ષમ અમલદારને ગવર્નર તરીકે મોકલવામાં આવ્યા છે. મોદી સરકારની છેલ્લી બે ટર્મ દરમિયાન મંત્રી રહેલા પૂર્વ લશ્કરી વડા વિજયકુમાર સિંહને મિઝોરમના રાજયપાલ તરીકે નિમણૂક આપવામાં આવી છે જ્યારે કેરાલાના ગવર્નર આરીફ મોહમ્મદ ખાનને હવે બિહારના રાજયપાલ બનાવવામાં આવ્યા છે. બિહારમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી અનુસાર પાંચ રાજ્યોને નવા રાજયપાલ મળ્યા છે. કેરાલાના ગવર્નર તરીકે



આરીફ ખાનની જગ્યાએ વિશ્વનાથ આરલેકરને ગવર્નર બનાવવામાં આવ્યા છે. સૌથી લાંબો સમય કેન્દ્રીય ગૃહ સચિવ તરીકે ફરજ બજાવવાની અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂકેલા એ આ વર્ષે ઓગસ્ટમાં એમની પાંચ વર્ષની મુદત પૂરી કરી હતી. તેઓ ૧૯૮૪ના આસામ મેઘાલય કેડરના નિવૃત્ત આઈએએસ અધિકારી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભલ્લાને મણિપુરના ગવર્નર તરીકે નિયુક્ત કર્યા છે. અત્યાર સુધી આસામના ગવર્નર લક્ષ્મણ પ્રસાદ આચાર્ય પાસે મણિપુરનો વધારાનો હવાલો હતો. જ્યારે નિવૃત્ત જનરલ વી.કે. સિંઘને મિઝોરમના ગવર્નર બનાવવામાં આવ્યા છે તેઓ તેમના ઉંમરના પ્રશ્ન અને અન્ય મુદ્દાઓને લઈને સરકાર સાથે લાંબા સંઘર્ષ બાદ ૨૦૧૨માં લશ્કરી વડાપદથી નિવૃત્ત થયા હતા. તેઓ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓ પહેલા ભાજપમાં જોડાયા હતા અને ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદથી ચૂંટણી જીત્યા હતા. એ પછી ૨૦૧૯માં પણ તેઓ આ વિસ્તારમાંથી જ વિજેતા થયા હતા. એ પછી આ વર્ષે તેમણે ચૂંટણી લડી નહોતી. એ રીતે કેરાલાના ગવર્નર આરીફ મોહમ્મદ ખાનને બિહારમાં મૂકવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિએ ઓરિસ્સાના રાજયપાલ રઘુવરદાસનું રાજીનામું સ્વીકારી લીધું છે. એમના સ્થાને ઓડિશાના નવા ગવર્નર તરીકે મિઝોરમના ગવર્નર હરિબાપુ ભામપતિને નિયુક્ત કરવામાં આવ્યા છે તેમ રાષ્ટ્રપતિ ભવનની યાદી જણાવે છે.

# જમ્મુ-કાશ્મીરના ગામમાં રહસ્યમય બીમારીએ પખવાડિયામાં નવમો જીવ લીધો


(એજન્સી) જમ્મુ, તા.૨૫

નિષ્ણાંતોની ટીમોએ જમ્મુ-કાશ્મીર ગામમાંથી જ્યાં એક રહસ્યમય બીમારીએ ગભરાટ ફેલાવ્યો હતો, નમૂનાઓ એકત્રિત કર્યાના દિવસો પછી સોમવારના રોજ અન્ય એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, જેણે છેલ્લાં પખવાડિયામાં બીમારીને કારણે મૃત્યુની કુલ સંખ્યાને નવ સુધી પહોંચાડી દીધી છે. દિવસો અગાઉ, રાજૌરી જિલ્લાના બદલ ગામમાં PGI ચંદીગઢ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વાઈરોલોજી અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલના નિષ્ણાંતોની ટીમો હોસ્ટ કરી હતી, જેમણે બીમારીને સમજવાની અને ખોરાક અને પાણીના નમૂનાઓ એકત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, ટીમો હજુ કોઈ નિષ્કર્ષ પર પહોંચવાની બાકી છે. જે મહિલાનું સોમવારે મૃત્યુ થયું હતું, તેની ઓળખ રાજીમ અખ્તર તરીકે થઈ હતી, તે પહેલાંથી જ તેના ત્રણ સગીર બાળકોને આ બીમારીમાં ગુમાવી ચૂકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તે ૧૨ ડિસેમ્બરે તેના બાળકોને રાજૌરીની સરકારી મેડિકલ કોલેજમાં લઈ ગઈ હતી. તેના મૃત્યુ પછી, તે ૧૯ ડિસેમ્બરે ઘરે પરત ફર્યા કારણ કે તેણીમાં કોઈ બીમારીના કોઈ લક્ષણો દેખાતા ન હતા. જો કે, સોમવારે, તેણીની તબિયત બગડી હતી અને તેણીને જીએમસી રાજૌરી લાવવામાં આવી હતી, જ્યાં તેણીએ અંતિમ શ્વાસ લીધા હતા. રહસ્યમય બીમારીને કારણે છેલ્લાં પખવાડિયામાં તેનું નવમું મૃત્યુ છે. તેમાં એક પરિવારના સાત અને બીજા પરિવારના બેનો સમાવેશ થાય છે. જમ્મુ- કાશ્મીર આરોગ્ય અને તબીબી શિક્ષણ મંત્રી, સકીના ઈતુ અને જળ શક્તિ મંત્રી જાવેદ રાણા, રાજૌરી જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે, પણ પરિસ્થિતિની સમીક્ષા કરવા વિસ્તારની મુલાકાત લીધી છે.

# કેરળમાં ખ્રિસ્તી સમુદાય સુધી ભાજપના આઉટરિચ પ્રોગ્રામને પ્રતિક્રિયાનો સામનો કરવો પડી રહ્યો છે

(એજન્સી) તા.૨૫

ભારતીય જનતા પાર્ટી (BJP) કેરળમાં ખ્રિસ્તી સમુદાય સુધી વિસ્તરી રહેલી પહોંચને નોંધપાત્ર સામાજિક-રાજકીય વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. નાતાલની પૂર્વસંધ્યાએ દેખીતી કટાક્ષ સાથેની એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, મલંકારા ઓર્થોડોક્સ સીરિયન ચર્ચના થ્રીસુર ડાયોસીસના મેટ્રોપોલિટન બિશપ યુહાનોન મેલેટિયસ, ખ્રિસ્તી સમુદાયને આકર્ષવાના ભાજપના પ્રયાસનો તીવ્ર વિરોધ કર્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદ (VHP) દ્વારા તાજેતરમાં પલક્કડની એક સરકારી શાળામાં નાતાલની ઉજવણીમાં વિક્ષેપ પાડવાના કથિત પ્રયાસના સંદર્ભમાં મેટ્રોપોલિટન બિશપે નોંધ્યું હતું કે પારણું (ઈસુ ખ્રિસ્તના જન્મનું નિરૂપણ)નો કેટલીક જગ્યાએ આદર કરવામાં આવે છે અને અન્ય સ્થળોએ તેની તોડફોડ કરવામાં આવી હતી. બિશપનું આ નિવેદન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચર્ચના નેતાઓને સંબોધિત કર્યાના અને નવી દિલ્હીમાં કેથોલિક બિશપ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા (CBCI) દ્વારા આયોજિત નાતાલની ઉજવણીમાં ભાગ લીધાના એક દિવસ પછી કરવામાં આવ્યું હતું. મોદીએ બાઈબલમાંથી ટાંકીને કહ્યું કે ઈસુ




ખ્રિસ્ત કરુણા અને નિઃસ્વાર્થ સેવાનું પ્રતીક છે. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસિસ્ટ) [CPI(M)] અને કોંગ્રેસે ક્રિસમસમાં વિક્ષેપનો વિરોધ કર્યો હતો અને હાજપ પર પ્રહાર કર્યા હતા. ભાજપની નજર કેરળમાં ખ્રિસ્તી સમુદાયના મતો પર છે. વિપક્ષના નેતા વી.ડી. સતીસને ખ્રિસ્તીઓ પ્રત્યેના ભાજપના આ પ્રેમને ને ઘેટાંના રૂપમાં વરુ સમાન ગણાવ્યા. તેમણે કહ્યું કે નાલેપિલીની ઘટનાએ સંઘ પરિવારનું સાચું લઘુમતી વિરોધી પાત્ર જાહેર કર્યું છે. ખ્રિસ્તી-મુસ્લિમ દુશ્મનાવટ વચ્ચે, ભાજપ કેરળમાં આ સમુદાયનો ટેકો મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભાજપે પણ નાતાલની ઉજવણીમાં વિક્ષેપની ટીકા કરી છે અને કેન્દ્રીય રાજ્ય મંત્રી જ્યોર્જ કુરિયને આ ઘટનાની નિંદા કરી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ કે. સુરેન્દ્રને ધ હિંદુને જણાવ્યું હતું કે પાર્ટીએ તેના વાયનાડ જિલ્લા પ્રમુખને ખ્રિસ્તી વિરોધી ટિપ્પણી કરવા બદલ હાંકી કાઢ્યા છે. શ્રી સુરેન્દ્રને કહ્યું કે તેમને શંકા છે કે નાલેપિલીની ઘટના ખ્રિસ્તીઓ સુધી ભાજપની પહોંચને અટકાવવા માટે કોંગ્રેસ દ્વારા રચવામાં આવેલા રાજકીય કાવતરાનો ભાગ છે. તેમણે કહ્યું કે ખ્રિસ્તી ઘરો અને ચર્ચના નેતાઓના નિવાસસ્થાનો સુધી ભાજપની સ્નેહ યાત્રા અવિરત ચાલુ રહેશે. વીએચપીના રાજ્ય સચિવ વિજી થમ્પીએ ધ હિંદુને જણાવ્યું હતું કે પલક્કડના કોલેનગોડેમાં વીએચપી અને બજરંગ દળના કાર્યકરોએ પ્રાથમિક શાળાના બાળકોને સંતના પોશાક પહેરીને નજીકના ઘરોમાં કેરોલ પર હસ્તાક્ષર કરવા મોકલવાના શાળાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે કાર્યકરોએ ધ્યાન દોર્યું કે શાળાની કાર્યવાહી ન્યાયના નિયમોનું ઉલ્લંઘન કરે છે. શ્રી થમ્પીએ જણાવ્યું હતું કે કાર્યકરોએ મુખ્ય શિક્ષિકાને પણ ફરિયાદ કરી હતી. તેઓએ કોઈ મુશ્કેલી ઊભી કરી નથી. પરંતુ પોલીસે રાજકીય દબાણ હેઠળ કાર્યકરોની ધરપકડ કરી અને રિમાન્ડ પર લીધા હતા.

હેરિટેજ સિટી અમદાવાદમાં 'કાંકરિયા કાર્નિવલ'નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# રાજ્યના શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની સાથે મનોરંજન રિ-ક્રિએશનની વ્યવસ્થાઓ કરાઈ

## સુશાસન દિવસે અમદાવાદને રૂા.૮૬૮ કરોડના વિકાસ કામોની મુખ્યમંત્રીએ આપી ભેટ



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં 'કાંકરિયા કાર્નિવલ- ૨૦૨૪'ના પ્રારંભ પ્રસંગે જણાવ્યું કે, વિશ્વ વિરાસતમાં સ્થાન પામેલું અમદાવાદ આધુનિક વિકાસ સાથે કાંકરિયા કાર્નિવલને પણ ઉજવે છે તે વડાપ્રધાનના 'વિરાસત ભી વિકાસ ભી'ના મંત્રને સાકાર કરે છે.

કાંકરિયા કાર્નિવલ દ્વારા વિકસિત ગુજરાત, વિકસિત ભારત થીમ આધારિત કાર્યક્રમોથી રાજ્યના વિકાસમાં સહભાગી થવાની પ્રેરણા સૌને મળશે.

અમદાવાદના શહેરીજનોને શહેરી સુખાકારી અને ઈઝ ઓફ લિવિંગ આપતા રૂા.૮૬૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ પણ સુશાસન દિવસે મુખ્યમંત્રીએ આપી છે.

મુખ્યમંત્રીએ આ સંદર્ભે કહ્યું કે, સુશાસન, એટલે સમાજના નાનામાં નાના, સામાન્ય માનવી, છેવાડાના માનવીને સુવિધા-સગવડ અને સુખાકારી આપતું શાસન. રાજ્યના શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની સાથે શહેરીજનોને મનોરંજન રિ-ક્રિએશન માટેની વ્યવસ્થાઓ ઊભી થઈ છે. આપણાં શહેરોમાં જનસુખાકારી વધે, હેપ્પીનેસ ઈન્ડેક્સ ઊંચા આવે, સ્માર્ટ સસ્ટેનેબલ અને વર્લ્ડ ક્લાસ સિટીઝ બને તેવી નેમ છે. સામાન્ય પરિવાર અને શ્રમજીવી પરિવારોના બાળકોને મનોરંજન માણવા મળે તે માટે આ કાંકરિયા કાર્નિવલની પહેલ વડાપ્રધાને કરાવી છે. તેમના આગવા વિઝનથી ૨૦૦૬માં રૂપિયા ૩૬ કરોડના ખર્ચે કાંકરિયા લેક ફ્રંટનું નિર્માણ કરવામાં આવ્યું છે. વધુ સુખાકારી માટે કાર્નિવલ દરમિયાન સ્વચ્છતા જાળવવા, પાણીનો બગાડ ન કરવા અને હેરિટેજ સિટી અમદાવાદને વધુ સ્વચ્છ, સુઘડ અને રળીયામણું બનાવવાની અપીલ પણ મુખ્યમંત્રીએ કરી હતી.

આ અવસરે અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈને કાંકરિયા કાર્નિવલની ઉત્તરોત્તર સફળતા અને કાર્નિવલના નવીન આયામોની શહેરીજનોના મનોરંજનમાં રહેલી ભૂમિકા વર્ણવી હતી. મુખ્યમંત્રીએ રૂા.૮૪૨ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું તેમાં જિમ, લાઈબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર, વેજીટેબલ માર્કેટ, નવી શાળા, પાર્ટી પ્લોટ, કોમ્યુનિટી હોલ, આંગણવાડી, વોટર પ્રોજેક્ટ ડ્રેનેજ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીએ આ તકે કાંકરિયા કાર્નિવલ પરેડને ફ્લેગ-ઓફ કરાવી હતી. તેમણે પરેડના વિવિધ આકર્ષણો જેવા કે ટેબ્લો, મ્યૂઝિક બેન્ડ, કલાકારોની પ્રસ્તુતિ અને કરતબો નિહાળીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શિક્ષણ બોર્ડની શાળાના વિદ્યાર્થીઓએ નિયત સમયમાં સૌથી વધુ કેન્ડી ખાવાનો વિશ્વ વિક્રમ નોંધાવ્યો છે, તે અંગેનું ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર મહાપાલિકાને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં એનાયત કરાયું હતું.

# બોપલ નજીક મણિપુર સહિત શહેરભરમાં ગેરકાયદેસર દબાણો બાબતે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરના બોપલ-સાણંદ તરફથી રોડ પર મણિપુર રેલ્વે અંડરપાસ પાસેના રસ્તાઓ સહિત શહેરભરમાં પર ગેરકાયદે દબાણો હટાવવા માટે જાહેર હિતની અરજી ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. જોકે સમગ્ર મામલે આ જ બાબતની અરજી પેન્ડિંગ હોવાથી હાઈકોર્ટ અરજદારને તેમાં જોડાઈ જવા માટે સૂચન કર્યું હતી. આ મામલે વધુ સુનાવણી આગામી તા.૩ જાન્યુઆરીના રોજ રાખવામાં આવી છે.

જાહેર હિતની અરજીમાં દાદ મંગાઇ હતી કે શહેરના જાહેર માર્ગો અને ફુટપાથ પરથી ગેરકાયદે દબાણો, લારી-ગલ્લાવાલા અને પાથરણાવાળાઓને હટાવવા જોઈએ. મામલે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વધુ એક મહત્ત્વની જાહેરહિતની રિટ અરજી દાખલ થઈ છે. અરજીમાં જો કે, અમ્યુકોએ કોર્ટનું ધ્યાન દોર્યું કે, દબાણો મામલે અગાઉ થયેલી પિટિશન પેન્ડીંગ જ છે. જેથી હાઈકોર્ટે અરજદારપક્ષને પેન્ડીંગ પીઆઈએલમાં જોડાવા માટે સૂચન કર્યું હતું.

કેસની વિગતો અનુસાર બોપલથી મણિપુર તરફ જતાં ત્યાં બનેલા મણિપુર અન્ડરપાસમાં બાર મીટરની જગ્યામાંથી દસ મીટર જતી રહી અને બે મીટર જગ્યામાં પાનના ગલ્લા, ચાની કીટલી, દુકાનો સહિતના દબાણો થઈ ગયા છે અને તેના લીધે ટ્રાફિક સહિતની ગંભીર જટિલ સમસ્યા ઉભી થઈ છે. આ માત્ર આ વિસ્તારની જ સમસ્યા નથી પરંતુ આ પરિસ્થિતિ સમગ્ર અમદાવાદ શહેરની પણ છે. અમદાવાદ શહેરમાં જાહેર માર્ગો અને ફુટપાથો પર ગેરકાયદે રીતે લારી-ગલ્લાવાળા, કાચી દુકાનો, શેડ્સ-પાથરણાંવાળા સહિતના અસંખ્ય દબાણો થઈ ગયા છે. જેના કારણે રસ્તાઓ સાંકડા થઈ ગયા છે અને ટ્રાફિક ચક્કાજામના દ્રશ્યો સામાન્ય બન્યા છે. તો સાથે સાથે ટ્રાફિક અને વાહનોના કારણે પ્રદૂષણની પણ ગંભીર સમસ્યા બની છે. બીજીબાજુ, ફુટપાથ પણ લોકો અને રાહદારીઓ માટે ચાલવા માટે છે. આ બાબતે હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના ચુકાદાઓ છે છતાં તેનું પાલન થતું નથી અને ફુટપાથ પર પણ લારી-ગલ્લાવાળા અને પાથરણાંવાળાઓના મોટાપાયે દબાણો થઈ ગયા છે તે તાત્કાલિક દૂર કરવા જોઈએ. જોકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાઈકોર્ટ સમક્ષ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે, અગાઉ થયેલી પીઆઈએલ અને તેમાં હાઈકોર્ટના હુકમનું પાલન નહી થતાં થયેલી કન્ટેમ્પ્ટ પિટિશન હાઈકોર્ટ સમક્ષ પડતર છે અને તેમાં હાઈકોર્ટે અમ્યુકો સહિતના સત્તાવાળાઓ પાસેથી પ્રગતિ અહેવાલ પણ માંગ્યો છે. જેથી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે કેસની વધુ સુનાવણી તા.૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રાખી હતી.

# ગીર સોમનાથની ઉના તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારની ખોટી એફિડેવિટ બાબતે તપાસનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ગીર સોમનાથ જિલ્લામાં ઉના તાલુકા પંચાયતની વર્ષ ૨૦૧૫માં ચૂંટણીમાં બાંધકામ સમતિના ચેરમેન મોહન ભીમાભાઈ વાંજાએ ઉમેદવારી ફોર્મમાં સોંગદનામું રજૂ કર્યું હતું, જેમાં તેમણે જમીન મિલ્કતની હકીકત છુપાવી હતી, બાદમાં ૨૦૨૧ની ચૂંટણી વખતે તેમણે પોતાના ઉમેદવારી ફોર્મમાં આ હકીકતો જાહેર કરી હતી. આ બાબતે ગેરરીતિ થઈ હોવાથી ચૂંટણી પંચ કે પોલીસ સત્તાવાળાઓ તરફથી કોઈ કાર્યવાહી નહી થતાં હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ થઈ છે. જેની સુનાવણીમાં જસ્ટિસ સંદીપ એન.ભટ્ટે સમગ્ર મામલામાં યોગ્ય તપાસ કરી ચાર સપ્તાહમાં નિર્ણય લેવા સંબંધિત સત્તાવાળાઓને હુકમ કર્યો હતો અને તેની બે સપ્તાહમાં અરજદારને જાણ કરવા તાકીદ કરી હતી.

અરજદારપક્ષ તરફથી અરજીમાં આક્ષેપ કરાયો હતો કે, પોલીસ દ્વારા સમગ્ર મામલામાં રાજકીય વગ અને પ્રભાવ હેઠળ કામગીરી કરાઈ છે અને તેથી અરજદારની અરજી પર કાયદેસર કાર્યવાહી કરવાને બદલે અરજી દફતરે કરી દેવામાં આવી છે. તેથી હાઈકોર્ટે આ સમગ્ર પ્રકરણમાં ઉના પ્રાંત અધિકારી, સ્થાનિક પોલીસ સહિતના સત્તાવાળાઓને ચૂંટણી નિયમો અને કાયદાકીય જોગવાઈ અનુસાર પ્રતિવાદી બાંધકામ સમિતિના ચેરમેન વિરૃધ્ધ એફઆઈઆર દાખલ કરવા સહિતના યોગ્ય પગલા લેવા માટે હુકમ કરવો જોઈએ. અરજદારપક્ષની રજૂઆત ધ્યાને લીધા બાદ હાઈકોર્ટે ઉપરોક્ત હુકમ કર્યો હતો. કેસની વિગતો મુજબ ઉનાના સ્થાનિક સામાજિક કાર્યકર તરફથી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, ઉના તાલુકા પંચાયતની વર્ષ ૨૦૧૫માં ચૂંટણીમાં બાંધકામ સમતિના ચેરમેન મોહનભાઈ ભીમાભાઈ વાંજાએ ઉમેદવારી ફોર્મમાં સોંગદનામું રજૂ કર્યું હતું, જેમાં તેમણે જમીન મિલ્કતની હકીકત છુપાવી હતી, બાદમાં ૨૦૨૧ની ચૂંટણી વખતે તેમણે પોતાના ઉમેદવારી ફોર્મમાં આ હકીકતો જાહેર કરી હતી. જેથી અરજદારપક્ષ દ્વારા આ સમગ્ર મામલે ચૂંટણી પંચ, ગીર સોમનાથ જિલ્લા કલેકટર સહિતના સત્તાવાળાઓનું ધ્યાન દોરી મોહનભાઇ વાંજા તરફથી ૨૦૧૫માં ખોટુ સોગંદનામું રજૂ કરવા બદલ કાયદાનુસાર કાર્યવાહી કરવા માંગણી કરી હતી. જેથી જિલ્લા કલેકટરને પ્રાંત અધિકારીને અરજદારની અરજી પર યોગ્ય કાર્યવાહી કરવા નિર્દેશ કર્યો હતો. ઉના પ્રાંત અધિકારીએ સ્થાનિક પીઆઈને આ મામલામાં જો ફરિયાદ દાખલ થતી હોય તો કરવા નિર્દેશ કર્યો હતો. પરંતુ નવા બંદર મરીન પોલીસના પીઆઈ દ્વારા અરજદારની અરજી દફતરે કરવામાં આવી હતી.

સંતમત ઘાટ પર ગંગા સ્નાન કરી રહ્યા હતા ત્યારે બની ઘટના

# હરિદ્વાર ગંગા સ્નાન કરવા ગયેલા પરિવારના બે સંતાનો ડૂબી જતાં મોત

## ૧૩ વર્ષની દીકરી અને ૬ વર્ષના દીકરાના અચાનક મોતથી ગમગીની

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૫

ગુજરાતથી હરિદ્વાર ગંગા સ્નાન માટે પહોંચેલા શ્રદ્ધાળુ પરિવાર સાથે એક મોટો અકસ્માત થયો હતો. આ પરિવારના બે બાળકોના ગંગા નદીમાં ડૂબવાથી મોત થઈ ગયા છે. આ હૃદયદ્રાવક અકસ્માત બુધવારે સવારે ઉત્તર હરિદ્વારના સંતમત ઘાટ પર થયો હતો. ગુજરાતના તાપી જિલ્લાના બાજીપુરા ગામ નિવાસી વિપુલ પવાર પોતાના પરિવાર સાથે ગંગા દર્શન અને સ્નાન માટે હરિદ્વાર પહોંચ્યા હતા. બુધવારે લગભગ સવારે ૧૦ વાગ્યે આખો પરિવાર ઉત્તર હરિદ્વારના પરમાર્થ ઘાટ પાસે સંતમત ઘાટ પર ગંગા સ્નાન કરી રહ્યા હતાં. સ્નાન દરમિયાન વિપુલ પવારની ૧૩ વર્ષની દીકરી પ્રત્યૂષા અને ૬ વર્ષનો દીકરો દર્શ અચાનક ગંગાના તેજ પ્રવાહમાં વહી ગયા. પરિવાર અને ઘાટ પર હાજર અન્ય શ્રદ્ધાળુ બાળકોને બચાવવા માટે દોડ્યા, પરંતુ પ્રવાહ વધુ હોવાના કરાણે અને પાણી ઊંડુ હોવાથી તે બચાવવામાં અસફળ રહ્યા. જોતજોતામાં બાળકો દેખાતા બંધ થઈ ગયા હતા. સમગ્ર ઘટનાની માહિતી મળતા જ સપ્તઋષિ પોલીસ ચોકી પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પોલીસે નદીમાં શોધખોળ કરી બાળકોની શોધ કરી હતી. થોડી વાર બાદ બંનેને પાણીમાંથી બેભાન સ્થિતિમાં બહાર કાઢવામાં આવ્યા હતા. બાદમાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી બંનેને હરિદ્વાર જિલ્લા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ ત્યાં તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. પોલીસ દ્વારા બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એક સાથે બે-બે બાળકોના મોતના બનાવથી પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા.

વીડિયો વાયરલ થતાં લોકોમાં રોષની લાગણી

# દાઢી રાખી હોવાથી મુસ્લિમ વિદ્યાર્થીને નર્સિંગ કાઉન્સિલની પરીક્ષા આપવા ન દેવાઈ

## અબુ બકરને પરીક્ષા શરૂ કરતા પહેલા પરીક્ષક દાઢી મુંડાવવા માટે સૂચના આપી રહી હોવાનું વીડિયોમાં જોવા મળ્યું

અમદાવાદ, તા.૨૫

દાઢી રાખનાર મુસ્લિમ વિદ્યાર્થીને તાજેતરમાં અમદાવાદની એલજી હોસ્પિટલમાં ગુજરાત નર્સિંગ કાઉન્સિલ (જીએનસી)ની પરીક્ષા આપવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો. એક વાયરલ વીડિયોમાં પરીક્ષક સરયુ રાજ પુરોહિત હાફિઝ અબુ બકરને તેની દાઢીને ટાંકીને પરીક્ષા આપવા માટે નામંજૂર કરતા બતાવે છે. વીડિયોમાં પરીક્ષક અબુ બકરને પરીક્ષા શરૂ કરતા પહેલા દાઢી મુંડાવવા માટે સૂચના આપી રહી છે.



અબુ બકરે કહ્યું કે તેને પરીક્ષા ખંડની બહાર રોકવામાં આવ્યો હતો અને પરીક્ષામાં હાજર થતા પહેલા દાઢી કપાવવા માટે કહેવામાં આવ્યું હતું. વીડિયોમાં પરીક્ષકને એમ કહેતા સાંભળવામાં આવે છે કે, 'જો કોઈ વિદ્યાર્થી દાઢી રાખે છે, તો હું માનું છું કે આપણે શારીરિક તપાસ કરવી જોઈએ અથવા તેમને પ્રશ્ન પૂછવો જોઈએ.'

"કોઈને વર્ગખંડમાં દાઢી કપાવવા માટે કહેવાના કોઈ નિયમો નથી; તે માત્ર પૂછવાની પરવાનગી છે કે શું તમે નોકરી ઓફર કરવાની સ્થિતિમાં છો કે નોકરીના ઈન્ટરવ્યુમાં છો" જ્યારે પરીક્ષકે પૂછ્યું કે શું તેણે હજ યાત્રા પૂર્ણ કરી છે, તો અબુ બકરે જવાબ આપ્યો કે તેણે માર્ચમાં ઉમરાહ કરી હતી.

આ મામલે અબુ બકરે કહ્યું કે, 'તેણીને લાગ્યું કે હું જૂઠું બોલી રહ્યો છું, તેથી તેણે મને પ્રોફેશનલ દેખાવા અને મારી દાઢીને શૂન્ય પર કાપવા અથવા તેને સંપૂર્ણપણે હજામત કરવા માટે કહ્યું,'

તેના બચાવમાં, પરીક્ષક દાવો કરે છે કે ધર્મના આધારે કોઈ ભેદભાવ નથી. જે વ્યક્તિ વીડિયોનું શૂટિંગ કરી રહ્યો હતો તે કહે છે કે, 'તમે બધા માટે પરીક્ષા લો છો તેનો અર્થ એ નથી કે તમે તેની સાથે આ કરી શકો (તેને દાઢી કરવા માટે કહો) તે તમારી ઈચ્છા છે; તે બંધારણનો નિયમ નથી.'

સામાન્યમાં સામાન્ય જનને શક્ય તેટલા વધુ મદદ રૂપ થવું એ જ સુશાસનની સાચી દિશા : CM

# સુશાસન દિવસે મુખ્યમંત્રી કાર્યાલયે પ્રજાહિતલક્ષી યોજનાઓ અને લોક ઉપયોગી પહેલોનો કરાયો પ્રારંભ

## ગવર્મેન્ટ પર્ફોમન્સ ઈન્ડેક્ષ, સ્કોલરશીપ મોનિટરિંગ-રેવન્યુ મોનિટરિંગ સિસ્ટમ સહિતની નવી પહેલ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સામાન્યમાં સામાન્ય માનવીઓને જેટલા બની શકાય તેટલા વધુને વધુ મદદરૂપ થવાનો ભાવ જ સુશાસનની સાચી દિશા છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે.

દર વર્ષે ૨૫મી ડિસેમ્બરે યોજાતા સુશાસન દિવસે મુખ્યમંત્રીના કાર્યાલયે પ્રજાહિત યોજનાઓ અને લોકઉપયોગી સુવિધાઓમાં ટેકનોલોજીના વ્યાપક ઉપયોગની વિવિધ નવી પહેલોનો પ્રારંભ કરયો છે. આ પહેલો અંતર્ગત ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્ષ, સ્કોલરશીપ મોનીટરીંગ સિસ્ટમ, રેવન્યુ મોનીટરીંગ સિસ્ટમ, સી.એમ. ફેલો વેબસાઈટ, સ્વર, ગુજરાત ઈન્ડિયા પોર્ટલનું આધુનિકીકરણનો સમાવેશ થાય છે.

**ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ :** ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ માટે વિવિધ વિભાગો હેઠળ આવતી રાજ્યની નાગરિકલક્ષી યોજનાઓ, સેવાઓ, પ્રોજેક્ટ તેમજ ફરિયાદ નિવારણ જેવી પ્રજાલક્ષી કામગીરીના અમલીકરણને ધ્યાને લઈ તેના અસરકારક મોનીટરીંગ માટે મહત્વના પેરામીટર્સ નક્કી કરવામાં આવ્યા છે, વિભાગોની કામગીરીનું સમગ્રતયા મુલ્યાંકન કરીને રેક્રિંગ પણ આપવામાં આવશે.

**સ્કોલરશીપ મોનીટરીંગ સિસ્ટમ :** સરકારના વિવિધ વિભાગો દ્વારા રાજ્યના યુવાનોને શિક્ષણ માટે વિવિધ સ્કોલરશીપો અપાઈ રહી છે. તમામ સ્કોલરશીપના મોનિટરીંગ માટે સી.એમ. ડેશબોર્ડમાં ખાસ સ્કોલરશીપ મોનીટરીંગ સિસ્ટમ કાર્યરત કરાઈ છે.

**રેવન્યુ ડેશબોર્ડ :** રેવન્યુ વિભાગના આઈ-ઓરા, ખેડૂત ખરાઈ, સુધારા હુકમ, ઈ-ધરા, સિટી સર્વે, આઈ-મોજણી, કલેક્ટર પોર્ટલ અને કેસો બાબતના વિવિધ પોર્ટલોનું મોનિટરીંગ કરવા માટે ડેશબોર્ડમાં અલાયદું "રેવન્યુ ડેશબોર્ડ" તૈયાર કરવામાં આવ્યું છે,


**સી.એમ. ફેલોશીપ વેબસાઈટ :** સી.એમ. ફેલોશીપ કાર્યક્રમનો વધુ સારી રીતે પ્રચાર-પ્રસાર થાય અને વધુને વધુ યુવાનો ગુડ ગવર્નન્સ સાથે જોડાય તે માટે સી.એમ. ફેલોશીપ વેબસાઈટ લોન્ચ કરાઈ છે.

**"સ્વર" પ્લેટફોર્મ :** ભારત સરકાર દ્વારા સ્થાનિક ભાષાઓના ઉપયોગ માટે ભાષિણી એ.આઈ. આધારિત એપ બનાવાઈ છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં રજૂઆતકર્તાઓ પોતાની રજૂઆત કે અરજી હવે બોલીને પણ કરી શકે તેવી પહેલ માટે ભાષિણીના ઉપયોગથી "સ્વર" પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે.

**ગુજરાત ઈન્ડિયા પોર્ટલ :** નાગરિકો અને અન્ય હિતધારકો માટે સરકાર દ્વારા પૂરી પડતી માહિતી અને સેવાઓની સિંગલ વિન્ડો ઍક્સેસથી રાજ્યની વિવિધ બાબતો અને પાસાઓ વિશે વ્યાપક, સચોટ, ભરોસાપાત્ર અને વન સ્ટોપ માહિતી પ્રદાન કરતા આધુનિક ગુજરાત ઈન્ડિયા પોર્ટલની શરૂઆત મુખ્યમંત્રીએ કરાવી હતી.

મુખ્યમંત્રીએ આ પહેલોની શરૂઆત કરાવતા કહ્યું કે, લોકોનું ભલું કરવાનું અને સારૂં કરવાની ખેવના સાથે કાર્તવ્યરત રહિને જ સુશાસનની સાચી દિશા પ્રાપ્ત થઈ શકે છે. કાર્યાલયમાં શરૂ કરેલી બધી જ પહેલો વિશે લોકો તેમના ફીડબેક આપતા રહે તેમ-તેમ આ પહેલોને વધુને વધુ લોકભોગ્ય બનાવવાનું પણ સતત ચિંતન-મંથન થાય તેવી પ્રેરણા તેમણે આપી હતી.

મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘે સરકારના મહત્વના કેન્દ્રબિંદુ એવા મુખ્યમંત્રી કાર્યાલયમાં લોકોની રજૂઆતો તથા તેના નિવારણમાં ટેક્નોલોજીનો વધુને વધુ ઉપયોગ કરીને પારદર્શી અને ત્વરિત ઉકેલનો જે અભિગમ મુખ્યમંત્રીની પ્રેરણાથી અપનાવવામાં આવ્યો છે તેની ભૂમિકા આપી હતી.



વિશ્વભરમાં ૨૫ ડિસેમ્બરના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવે છે. ખ્રિસ્તી ભાઈ-બહેનો રાત્રે બાર વાગ્યાથી જ ઈસુ ખ્રિસ્તના જન્મની ઉજવણી કરે છે અને એકબીજાને શુભેચ્છા પાઠવે છે અને ચર્ચમાં ઉજવણી કરવામાં આવે છે. ચર્ચમાં ફાધર દ્વારા પ્રાર્થનાનું સ્મરણ કરીને ઈસુ ખ્રિસ્તના જન્મનું મહત્ત્વ સમજાવવામાં આવે છે.

જૂની અદાવતમાં નવાઝીસ ઉર્ફે રઘુ શેખની હત્યા કરવામાં આવી

# વેજલપુરમાં યુવાનની હત્યા મામલે ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કરાવ્યું

## મોડી રાત્રે યુવાનની હત્યા કરનાર પાંચને ગણતરીના કલાકોમાં ઝડપી લેવાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

વેજલપુરના ફતેવાડી વિસ્તારમાં યુવાનની હત્યાની ઘટનામાં પોલીસે આરોપીઓનું રોડ રેમ્પિંગ કરાવ્યું છે. મોડી રાત્રે યુવાનની હત્યા કરનાર શખ્સે પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતા. આજે હત્યાની વધુ તપાસ માટે પોલીસ આરોપીને લઈને ઘટના સ્થળ પર પહોચી. પોલીસે આરોપીનું ઘટના સ્થળે રી- કન્સ્ટ્રકશન કરાવ્યું હતું. દરમ્યાન હત્યા અંગે વધુ પુરાવા એકત્રિત કરવાની.

પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે. અમદાવાદ વેજલપુર નજીક ફતેવાડીમાં બે જૂથ વચ્ચેની અથડામણમાં યુવાન ભોગ બન્યો હતો. બે જૂથ વચ્ચે ચાલતી જૂની અદાવતમાં નવાઝીસ ઉર્ફે રઘુ શેખની હત્યા કરવામાં આવી હતી. જો કે આ ઘટનામાં અથડામણ દરમ્યાન આરોપીઓને પણ ઈજા પંહોચી હતી. અને તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. રઘુ શેખની હત્યાના ગુનામાં પોલીસે કુલ ૯ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધી હતું. ફેબ્રિકેશનના ધંધાને લઈને બે જૂથ વચ્ચે લાંબા સમયથી સંઘર્ષ રહેતો હતો. બે દિવસ અગાઉ ધંધામાં ચાલતી તકરારનો ખાર રાખી મોડી રાત્રે બિસ્મિલ્લા મસ્જિદ પાસે નાઝીમ શેખ સહિતના પાંચ આરોપીઓએ સરતાજના ઘરે હુમલો કર્યો. નાઝીમ અને સરતાજના લોકો વચ્ચે મારામારી થઈ. જો કે અદાવતમાં બદલો લેવા નીકળેલ નાઝીમ શેખ જ હુમલાનો ભોગ બન્યો અને મૃત્યુ પામ્યો. ફતેવાડીમાં બે જૂથ અથડામણના હુમલા અને યુવાનની હત્યાની તપાસ કરતી પોલીસ સમક્ષ હકીકત સામે આવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે મૃત્યુ પામનાર નાઝીમ શેખ અને સરતાજ બંને ફેબ્રિકેશનનો ધંધો કરે છે. એક જ ધંધામાં હોવાથી બંને વચ્ચે તીવ્ર સ્પર્ધા રહેતી હતી. જેના કારણે તેમની વચ્ચે તકરાર થતી અને આ તકરાર અંતે હિંસક હુમલામાં પરિણમી. અદાવતના હુમલામાં નવાઝીસનું મૃત્યુ થતા પોલીસે ૯ આરોપીઓ સામે ફરિયાદ નોંધી પાંચ શખ્સની ધરપકડ કરી. જ્યારે ફરાર આરોપીઓને પણ શોધવા પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### સાત્ત્વિક વિસરાતી વાનગીઓના ૨૨માં મહોત્સવનું આયોજન

અમદાવાદ, તા.૨૫

૨૨મા વિસરાતી વાનગીઓના સાત્ત્વિક મહોત્સવનું તા.૨૮થી ૩૧ ડિસેમ્બર દરમિયાન સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે સવારે ૧૧થી રાતે ૯ વાગ્ગા આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આવિસરાતી વાનગીઓના મહોત્સવમાં આ વર્ષે ગરમ વાનગીના કુલ ૬૦ સ્ટોલ છે. જેમાં ૪૦૦થી પણ વધારે પારંપરિક વાનગીઓ પીરસવામાં આવશે. દરેક સ્ટોલમાં બે વાનગીઓ હલકા ધાન્યમાંથી બનાવવામાં આવેલ છે. આ મહોત્સવનો ઉદ્દેશ વિસરાતા જતા અપ્રચલિત અનાજ અને વિસરાતી જતી આપણી પારંપરિક વાનગીઓને લોકભોગ્ય બનાવવાનો છે.

### દેશભરમાં ઈલેકટ્રિક વાહનોના સ્ટોરમાં નોંધપાત્ર વધારો

અમદાવાદ, તા.૨૫

ભારતની સૌથી મોટી પ્યોર-પ્લે ઈવી કંપની ઓલા ઈલેક્ટ્રીકે આજે દેશભરમાં તેના નેટવર્કનું વિસ્તરણ કરી તેને ૪૦૦૦ સ્ટોર્સ સુધી કરવાની ઘોષણા કરી છે. ઈવી ક્ષેત્રે વિશ્વના સૌથી નોંધપાત્ર વિસ્તરણમાંની એક દેશમાં પહોંચ, વૃદ્ધિ અને સ્વિકૃતિને પ્રોત્સાહન આપતા, ઓલા ઈલેક્ટ્રીક આ ક્ષેત્રમાં તેના નેતૃત્વને મજબૂત બનાવ્યું છે. સર્વિસ સુવિધાઓ સાથેના ૩૨૦૦થી વધુ નવા સ્ટોર્સની શરૂઆત સાથે કંપની સમગ્ર ભારતમાં લગભગ દરેક નગર અને તાલુકામાં ટિયર-૧ અને ટિયર-૨ શહેરોની બહાર ગાઢ પ્રવેશ કરીને મોટા પાયે ઈવી અપનાવવા માટે પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. આ વિસ્તરણ સાથે, ઓલા ઈલેક્ટ્રીકે તેના #SavingWalaScooter ઝુંબેશ હેઠળ તેનું વચન પૂર્ણ કર્યું છે.

# સંસદીય પેનલને ગામડાના વિકાસ માટેના કેન્દ્રીય અનુદાનના સંચાલનમાં ક્ષતિઓ મળી આવી : બિનઉપયોગી અને અનિચ્છનીય હેતુઓ માટે ભંડોળનો ઉપયોગ

## ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પંચાયતી રાજ સંસ્થાઓ માટે નોંધપાત્ર અનુદાન, ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજની સ્થાયી સમિતિના અહેવાલમાં ગેરરીતિઓ સામે આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

સંસદીય પેનલે તેના એક અહેવાલમાં પંચાયતી રાજ સંસ્થાઓ માટે રાજ્યોને કેન્દ્રીય અનુદાનની નોંધપાત્ર રકમ બિનઉપયોગી રહી છે, અનુદાનના સંચાલનમાં ગેરીરિત, ભંડોળનો દુરૂપયોગ અને રાજ્યો દ્વારા રેકોર્ડ-કીપિંગમાં ગંભીર ક્ષતિઓ શોધી કાઢી છે.

અનુદાનની માંગ અંગેના તેના અહેવાલમાં ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ પરની સ્થાયી સમિતિએ બિન-અગ્રતા ધરાવતા વિસ્તારોમાં ભંડોળના ડાયવર્ઝન અને ભંડોળના ઉપયોગમાં પારદર્શિતાના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ રિપોર્ટ આ મહિનાની શરૂઆતમાં સંસદમાં રજૂ કરવામાં આવ્યો હતો.

૧૫મા નાણાપંચ (૨૦૨૧-૨૬)ની ભલામણોના આધારે પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) કેન્દ્ર સરકાર પાસેથી રાજ્ય સરકારો દ્વારા નક્કી કરેલ અનુદાન મેળવે છે. આ અનુદાન ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સમાપ્ત થાય છે. આ અનુદાનનો ઉપયોગ પંચાયતી રાજ સંસ્થાઓ દ્વારા મૂળભૂત સેવાઓ માટે કરી શકાય છે, જેમ કે સ્વચ્છતા અથવા 'ખુલ્લામાં શૌચ મુક્ત' સ્થિતિની જાળવણી, પીવાના પાણીનો પુરવઠો, વરસાદી પાણીનો સંગ્રહ અને પાણીના રિસાયક્લિંગ માટે ઉપયોગમાં આવે છે. આ અનુદાન સ્થાન-વિશિષ્ટ જરૂરિયાતોને પૂર્ણ કરે છે જે બંધારણના ૧૧મા અનુસૂચિમાં ૨૯ વિષયોની સૂચિમાં ઉલ્લેખિત છે જેમાં મત્સ્યઉદ્યોગ, ગ્રામીણ આવાસ, ગૌણ વન પેદાશો અને ગરીબી નાબૂદીનો સમાવેશ થાય છે. કોંગ્રેસના સાંસદ સપ્તગીરીશંકર ઉલાકાની આગેવાની હેઠળની સમિતિએ શોધી કાઢ્યું હતું કે, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ગુજરાત, રાજસ્થાન અને તમિલનાડુ સહિત અન્ય રાજ્યોમાં નોંધપાત્ર અનુદાન વણવપરાયેલ રહ્યું છે. દેશમાં સૌથી વધુ પંચાયતી રાજ સંસ્થાઓ (૫૯,૮૮૯) ધરાવતા ઉત્તરપ્રદેશમાં ૨૧ નવેમ્બર, ૨૦૨૪ સુધીમાં અનુદાન તરીકે બહાર પાડવામાં આવેલ ભંડોળના લગભગ ૪૫ ટકા વાપરવામાં આવ્યા ન હતા. ઉત્તરપ્રદેશ પાસે રૂા.૩૭૦૫.૩૫ કરોડની વધારાની ફાળવણી સાથે રૂા.૩૬૦૭.૮૨ કરોડનું ઓપનિંગ બેલેન્સ હતું, જેના પરિણામે કુલ રૂા.૭૩૧૩.૧૭ કરોડનું ભંડોળ ઉપલબ્ધ થયું હતું. માત્ર રૂા.૪૦૩૦.૫૩ કરોડના ઉપયોગને હાઈલાઈટ કરીને, રૂા.૩૨૮૨.૬૫ કરોડ અથવા ફંડના લગભગ ૪૫%, બિનખર્ચિત છે. એ જ રીતે મહારાષ્ટ્રમાં રૂા.૭૨૭૬.૨૮ કરોડમાંથી રૂા.૫૦૨૩.૬૮ કરોડ વણવપરાયેલા પડ્યા હતા. મહારાષ્ટ્ર, તમિલનાડુ, રાજસ્થાન, બિહાર અને ઉત્તરપ્રદેશ જેવા અન્ય રાજ્યોમાં તેમની દરેક તિજોરીમાં રૂા.૧૯૦૦ કરોડથી રૂા.૩૬૪૩ કરોડની વચ્ચે ખર્ચ કરવામાં આવ્યો ન હતો. ફાળવેલ ભંડોળનો બિન-ઉપયોગ સ્થાનિક વિકાસ પ્રોજેક્ટને અવરોધે છે. આ અહેવાલમાં ઉલ્લેખિત ૨૦૨૩-૨૪માં વિતરણ અને અનટીડ ગ્રાન્ટના ઉપયોગનું વિશ્લેષણ, ભંડોળની ફાળવણીમાં નોંધપાત્ર વિસંગતતાઓ, કેન્દ્ર દ્વારા ભંડોળના વિતરણમાં વિલંબ, ભંડોળના ઉપયોગમાં પારદર્શિતા અને જવાબદારીનો અભાવ અને બિન-ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ફંડનો નોંધપાત્ર હિસ્સો બિન-પ્રાયોરિટી વિસ્તારોમાં વાળવામાં આવી રહ્યો છે. ઉદાહરણ તરીકે



મધ્યપ્રદેશે સામાન્ય વહીવટી ખર્ચ માટે નોંધપાત્ર રકમની ફાળવણી કરી છે. કેન્દ્રીય નાણા મંત્રાલયે બિહાર અને રાજસ્થાન જેવા મુખ્ય રાજ્યો માટે ગ્રાન્ટ રિલીઝ કરવામાં ઘણા મહિનાઓ સુધી વિલંબ કર્યો હતો. રાજસ્થાને રૂા.૧૫૭૩.૦૪ કરોડથી વધુની પ્રાપ્તિમાં વિલંબનો સામનો કરવો પડ્યો હતો, જેનાથી સ્થાનિક વહીવટી ૫૧ પ્રોજેક્ટને અસર થઈ હતી. આવા વિલંબને કારણે સમયસર વિકાસ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવાની રાજ્યની ક્ષમતામાં નોંધપાત્ર રીતે અવરોધ ઊભો થયો છે. આ સમિતિએ મંત્રાલયને સમયસર ભંડોળ વિતરણ માટે પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા અને એક મજબૂત મોનિટરિંગ મિકેનિઝમ સ્થાપિત કરવાની ભલામણ કરી છે.

**ખર્ચમાં પારદર્શિતાનો અભાવ :**

મંત્રાલય દ્વારા પ્રદાન કરવામાં આવેલ ડેટા ભંડોળના ઉપયોગમાં પારદર્શિતાના અભાવ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઓડિશા અને ગુજરાત સહિતના રાજ્યોમાં નાણાકીય રિપોર્ટિંગ અને રેકોર્ડ રાખવાની સમસ્યાઓ હતી. ગુજરાત (૧૦,૧૨૭ કેસો), મધ્યપ્રદેશ (૪૨૧૫ કેસ) અને ઉત્તરપ્રદેશ (૪૯૯૫ કેસો) અને ઓડિશા (૩૦૯૭) જેવા વિવિધ રાજ્યોમાં અનુદાન વ્યવસ્થાપન, ભંડોળનો બિન-ઉપયોગ, નાણાકીય અહેવાલ અને રેકોર્ડ-કીપિંગમાં ગંભીર ખામીઓ હતી. સમિતિએ અવલોકન કર્યું હતું કે, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને તેલંગાણામાં આ અનુદાનનું ડાયવર્ઝન ચિંતાનો વિષય છે. રાજ્યો દ્વારા ભંડોળના ડાયવર્ઝન અંગેના ઓડિટ અવલોકનોની સંખ્યા દર્શાવે છે કે, જરૂરી સેવાઓ જેમ કે પાણી અને સ્વચ્છતા માટે ફાળવવામાં આવેલા ભંડોળનો ઉપયોગ અનિચ્છનીય હેતુઓ માટે કરવામાં આવે છે. આ સમિતિ બિન-પ્રાધાન્યતાવાળા વિસ્તારોમાં ભંડોળના ડાયવર્ઝન, ભંડોળના વિતરણમાં વિલંબ, પારદર્શિતાનો અભાવ અને સ્થાનિક જરૂરિયાતોને અસરકારક રીતે સંબોધવા માટે ગ્રાન્ટના અપૂરતા આયોજન અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ સમિતિએ ભંડોળના યોગ્ય ઉપયોગની ખાતરી કરવા અને જવાબદારી વધારવા માટે મંત્રાલયને સુધારાત્મક પગલાં લેવાની ભલામણ કરી હતી.

# સંસદથી લઈને શેરીઓ સુધી : ભાજપ અને કોંગ્રેસ આંબેડકર મુદ્દે વિવાદ આગળ વધારવાની યોજના કેવી રીતે બનાવી રહ્યા છે

## કોંગ્રેસ ગૃહપ્રધાન શાહ સામે વિરોધ કૂચ સાથે એક સપ્તાહ લાંબી ઝુંબેશ કરી રહી છે અને ભાજપે વિપક્ષના દાવાઓનો વિરોધ કરીને દેશભરમાં પ્રેસ કોન્ફરન્સ શરૂ કરી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

બી.આર. આંબેડકરના વારસા પર દાવો દાખવવાની લડાઈ હવે સંસદમાંથી શેરીઓમાં આવી ગઈ છે, જેમાં શાસક ભારતીય જનતા પાર્ટી અને વિરોધ પક્ષો, ખાસ કરીને કોંગ્રેસ, આ દલિત આઈકોનની ફિલસૂફીને આગળ વધારવા માટે તેમના સંબંધિત કાર્યને પ્રકાશિત કરવા માટે ઝઝૂમી રહ્યા છે.

કોંગ્રેસ આક્રમક રીતે આ મુદ્દો ઊઠાવી રહી છે, તે પહેલાથી જ આંબેડકરનું 'અપમાન' કરવા બદલ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ સામે વિરોધ પ્રદર્શન કરી રહી છે, જે આંબેડકર સન્માન સપ્તાહ નામ સાથે એક અઠવાડિયાનું અભિયાન છે.

ભાજપે એવા રાજ્યોમાં પણ કાર્યવાહી શરૂ કરી છે જયાં પક્ષ સત્તામાં છે, તમામ મુખ્યપ્રધાનો અને નાયબ મુખ્યપ્રધાનોને આ બાબતે પ્રેસ કોન્ફરન્સ કરવા જણાવ્યું હતું. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે આવી જ એક પ્રેસ મીટમાં આંબેડકરનું અપમાન કરવા બદલ કોંગ્રેસની નિંદા કરી છે. આ મહિનાની શરૂઆતમાં રાજ્યસભામાં તેમના સંબોધન દરમિયાન શાહે ડૉ.આંબેડકર પર કરેલી ટિપ્પણીને લઈને ભારે રાજકીય વિવાદ ઊભો થયો હતો. આંબેડકરનું કથિત અપમાન કરવા બદલ વિપક્ષે તેમની પાસેથી માફીની માગણી કરી હતી અને કોંગ્રેસે તેમના રાજીનામાની હાકલ કરી હતી. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે, પાર્ટીના સાંસદો અને નેતાઓએ ૨૨ અને ૨૩ ડિસેમ્બરે દેશભરમાં ૧૫૦ સ્થળોએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને કાર્યકરો ૨૪ ડિસેમ્બરે વિરોધ માર્ચ



અમિત શાહ દ્વારા આંબેડકરજીના અપમાનને લઈને દેશના ૧૦૦થી વધુ શહેરોમાં પ્રેસ કોન્ફરન્સ પણ કરી છે.

સંસદ સભ્ય અને કૉંગ્રેસના પ્રભારી, કોમ્યુનિકેશનના જનરલ સેક્રેટરી જયરામ રમેશે જણાવ્યું હતું કે, કોંગ્રેસે માંગ કરી છે કે, શાહને બરતરફ કરવા જોઈએ અને તેમની ટિપ્પણી માટે માફી માંગવી જોઈએ. ગૃહમંત્રીને કેબિનેટમાંથી બરતરફ કરવા જોઈએ. અમારા માટે આ ઐતિહાસિક બેઠક છે. થોડા વર્ષો પહેલા ઉદયપુરમાં એક ચિંતન શિબિર યોજાઈ હતી, જેમાંથી ભારત જોડો યાત્રાનો નિર્ણય બહાર આવ્યો હતો. એવી અપેક્ષા છે કે, બેલગાવીમાં પણ કેટલાક ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવશે.

**ભાજપનો જવાબ :**

બીજેપીના વરિષ્ઠ નેતા અને સાંસદ રવિશંકર પ્રસાદે કહ્યું કે, ભાજપ રાષ્ટ્રભરમાં પ્રેસ કોન્ફરન્સ દ્વારા કોંગ્રેસ પાર્ટીના આંબેડકર ભાજપશાસિત રાજ્યોમાં મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ આ વિવાદ પર પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરશે.

ભાજપ એ હકીકતને ધ્યાનમાં રાખે છે કે, ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીઓને બંધારણ બચાવવાની લડાઈ તરીકે રજૂ કરવામાં આવી હતી અને ભાજપની સંખ્યા ૨૪૧ બેઠકો થઈ ગઈ છે. રાહુલ ગાંધીએ ચૂંટણી રેલીઓ દરમિયાન દેશભરમાં બંધારણની નકલ સાથે પ્રવાસ કર્યો હતો. બંધારણ પર સંસદના સત્રમાં ભાષણો દરમિયાન આ મુદ્દો ઊઠાવવામાં આવ્યો હતો. પક્ષ વિપક્ષને બીજેપીની દલિત તરફી છબીને નિશાન બનાવવા માટે અન્ય ખોટા રાજકીય વાર્તા બનાવવાથી રોકવા માંગે છે.

પક્ષના અન્ય એક કાર્યકર્તાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા આંબેડકરને કરવામાં આવેલા અપમાનના ભૂતકાળના કિસ્સાઓ આ પ્રેસ મીટ દરમિયાન પ્રકાશિત કરવામાં આવશે. ભાજપના નેતાઓ દાવો કરી રહ્યા છે કે, કોંગ્રેસે આંબેડકર જીવતા હતા ત્યારે તેમનું અપમાન કર્યું હતું અને હવે પ્રચાર માટે સંપાદિત ફૂટેજનો ઉપયોગ કરી રહી છે. મંગળવારની પ્રેસ કોન્ફરન્સમાં યોગીએ કહ્યું કે, કેવી રીતે ભાજપ અને ઉત્તરપ્રદેશ સરકાર આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી રહી છે. દેશમાં દલિતો અને વંચિતોનું અપમાન કરવાનો કોંગ્રેસનો ઈતિહાસ રહ્યો છે. તુષ્ટિકરણના આધારે દલિતો અને વંચિતોને તેમના અધિકારોથી સંપૂર્ણપણે વંચિત કરવાનો પ્રયાસ કરવાનો તેનો ઈતિહાસ છે. કોંગ્રેસે તુષ્ટિકરણના આધારે દેશને વિભાજનની અણી પર લાવી દીધો છે. જવાહરલાલ નહેરૂ બાબાસાહેબ ભીમરાવ આંબેડકર બંધારણ સભાનો ભાગ બને તેવું ઈચ્છતા ન હતા.

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે એક વીડિયો નિવેદનમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ પહેલા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના સંપૂર્ણ નિવેદનને સંપાદિત કરવા અને તેનું રાજનીતિકરણ કરવા બદલ માફી માંગવી જોઈએ. તેઓએ આ મુદ્દે સંસદનો સમય બગાડ્યો અને હવે તેઓ ખોટા દાવાઓ સાથે જનતાની સામે જઈ રહ્યા છે.

યોજશે. છેલ્લા અઠવાડિયાથી સમગ્ર ભારતમાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો આંદોલનમાં ભાગ લઈ રહ્યા છે. આજે તમામ જિલ્લા સમિતિઓ પ્રદર્શન કરી રહી છે અને જિલ્લા કલેક્ટર દ્વારા ભારતના રાષ્ટ્રપતિને એક મેમોરેન્ડમ સબમિટ કરશે, જેમાં ગૃહપ્રધાન અમિત શાહના રાજીનામાની માંગ કરવામાં આવશે.

વેણુગોપાલે કહ્યું કે, ભાજપ અને મોદી સરકારે બંધારણના મૂલ્યોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. આનો વિરોધ કરવા માટે આ કુદરતી પ્રતિસાદ છે, જેના આપણે સાક્ષી છીએ. દેશને અપેક્ષા છે કે, ગૃહમંત્રી માફી માંગશે, પરંતુ તેઓ બાબાસાહેબ આંબેડકરના વારસાને સતત અપમાનિત કરી રહ્યા છે. તેઓ બંધારણના મૂલ્યને નષ્ટ કરી રહ્યા છે અને ચૂંટણી પ્રક્રિયાને નબળી પાડી રહ્યા છે.

કોંગ્રેસે વિસ્તૃત કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ની બેઠકના એક દિવસ પછી ૨૭ ડિસેમ્બરે બેલગાવીમાં 'જય બાપુ, જય ભીમ, જય સંવિધાન' જાહેર રેલી યોજવાનું પણ નક્કી કર્યું છે. કોંગ્રેસ પાર્ટી છેલ્લા ૭ દિવસથી આંબેડકર સન્માન સપ્તાહની ઉજવણી કરી રહી છે. અમે

પ્રત્યે નફરતી વલણના સંપૂર્ણ ઈતિહાસને ઉજાગર કરશે. બાબાસાહેબ આંબેડકર અને સરદાર પટેલ પ્રત્યે ભાજપનો આદર સૌ જાણે છે. સરદાર પટેલનું ૧૯૫૦માં અવસાન થયું, પરંતુ ૪૨ વર્ષ પછી ૧૯૯૧માં તેમને મરણોત્તર ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો. ૧૯૫૯માં અવસાન પામેલા મૌલાના આઝાદને પણ ૧૯૯૨માં ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો. કારણ કે, મૌલાના આઝાદ અને સરદાર પટેલ નહેરૂના વિરોધમાં હતા. કોંગ્રેસ પાર્ટીએ તેમનું સન્માન કર્યું ન હતું અને તે જ વલણ સાથે બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની પણ અવગણના કરવામાં આવી હતી.

આ રાહુલ ગાંધીના પરિવારનો ઈતિહાસ છે. બાબાસાહેબ પ્રત્યે કોંગ્રેસ પક્ષના અનાદરનો વારસો રાહુલ ગાંધી પરિવાર પાસે છે અને તેમણે આ નાટકનો અંત લાવવો જોઈએ.

ભાજપના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે પહેલાથી જ શ્રેણીબદ્ધ કાર્યક્રમોની જાહેરાત કરી છે અને કાઉન્ટર સ્ટ્રેટેજીના ભાગરૂપે, ભાજપે એ પણ નક્કી કર્યું છે કે,

# સંસદ ભવન નજીક એક વ્યક્તિએ જાત જલાવી દીધી, બે પાનાની અર્ધ બળેલી સ્યુસાઈડ નોટ મળી

## યુપીના બાગપતના જિતેન્દ્રને સખ્ત સળગી ગયેલી હાલતમાં દવાખાને ખસેડાયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

બુધવારે બપોરે નવી દિલ્હીમાં સંસદ ભવન પાસે જ એક જિતેન્દ્ર નામની વ્યક્તિએ આત્મવિલોપન કરવાની કોશિશ કરતા ભારે દોડધામ મચી ગઈ હતી. ગંભીર રીતે સળગી ગયેલી હાલતમાં આ વ્યક્તિને તાત્કાલિક દવાખાને ખસેડવામાં આવ્યો હતો તેમ સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું.

સંસદ ભવન પાસે કયા કારણસર આ વ્યક્તિએ જાત જલાવી દીધી અને તેનો હેતુ શું હતો અને કયા કારણસર આ પગલું લીધું તેની હજી કોઈ વિગતો બહાર આવી નથી અને તપાસ ચાલી રહી છે. પેટ્રોલ મળી આવ્યું છે અને ફોરેન્સિક ટીમ તપાસ કરી રહી છે. બે પાનાની અર્ધ બળેલી સુસાઈડ નોટ મળી આવી હતી.

આ ઘટના બનતા જ દિલ્હી પોલીસના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર ધસી ગયા હતા અને તાત્કાલિક તપાસનો પ્રારંભ કર્યો હતો. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# અઝરબૈજાન એરલાઈન્સનું વિમાન કઝાકિસ્તાનમાં તૂટી પડતા ૩૦થી વધુનાં મોત, ૨૯ સારવારમાં

## અઝરબૈજાન એરલાઈન્સનું પ્લેન ક્રેશ થયું હતું જેમાં ૬૫ થી વધુ લોકો હતા અને તે અઝરબૈજાન એરલાઈન્સની ફ્લાઈટ કઝાકિસ્તાનના અક્તાઉ નજીક ક્રેશ થઈ હતી અને ૩૦થી વધુ લોકોનાં મોતની આશંકા છે

(એજન્સી) તા.૨૫

કઝાકિસ્તાનના અક્તાઉ શહેરની નજીક કટોકટી ઉતરાણ કરતી વખતે ૬૭ મુસાફરોને લઈ જતું રશિયા તરફ જતું આ વિમાન ક્રેશ થતાં ઓછામાં ઓછા ૩૦થી વધુ લોકોનાં મોતની આશંકા છે. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, ૨૭થી વધુ લોકો આ દુર્ઘટનામાં બચી ગયા હતા.

રશિયન સમાચાર એજન્સીઓએ જણાવ્યું હતું કે અઝરબૈજાન એરલાઈન્સની ફ્લાઈટ J2-8243 રશિયાના બકુથી ગ્રોઝની જઈ રહી હતી, પરંતુ ગ્રોઝનીમાં ધુમ્મસને કારણે તેને પાછું ફેરવવામાં આવ્યું હતું. કઝાકિસ્તાનના કટોકટી મંત્રાલયે જણાવ્યું હતું કે, આ વિમાન દુર્ઘટનામાં ૪૨ લોકોનાં મોતની આશંકા છે. કઝાક મીડિયાએ શરૂઆતમાં કહ્યું કે, તેમાં ૧૧૦ લોકો - ૧૦૫ મુસાફરો અને પાંચ ક્રૂ સભ્યો હતા. બાદમાં, સત્તાવાળાઓએ આ સંખ્યા સુધારીને ૭૨ - ૬૭ મુસાફરો અને પાંચ ક્રૂ સભ્યો અને પછી ૬૭ - ૬૨ મુસાફરો અને પાંચ ક્રૂ સભ્યો કહી હતી. એક વીડિયોમાં દેખાય છે કે આ પ્લેન ઉંચાઈ ગુમાવે છે



અને ઝડપથી નીચે ઉતરે છે અને તે ક્રેશ થતાં આગ લાગી જાય છે. આ પ્લેન ક્રેશ થતાં જ સ્થળ પર ધુમાડાના ગોટેગોટા જોવા મળે છે. પ્લેન ખુલ્લા મેદાનમાં ક્રેશ થયું હતું. કઝાકિસ્તાનના કટોકટી મંત્રાલયે જણાવ્યું હતું કે, કટોકટી સેવાઓએ ક્રેશ સાઈટ પર આગને કાબૂમાં લીધી હતી, અને બચી ગયેલા લોકોને તબીબી સહાય માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

અઝરબૈજાન એરલાઈન્સે જણાવ્યું હતું કે ફ્લાઈટે અક્તાઉ નજીક લગભગ ત્રણ કિલોમીટર દૂર ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. આ ઘટના અંગેની વધારાની માહિતી લોકોને પૂરી પાડવામાં આવશે. રશિયાની ઈન્ટરફેક્સ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે તેઓએ તકનીકી સમસ્યા સહિત જે બન્યું તેના વિવિધ સંભવિત સંસ્કરણો શોધવાનું શરૂ કર્યું છે.

# મધ્ય પ્રદેશમાં ઝોમેટો ડિલિવરી કરનારને સાન્તાક્લોઝનો પોશાક ઉતારવાની ફરજ પાડવામાં આવી

## તેને કહેવામાં આવ્યું કે, તમે ડિલિવરી કરતી વખતે ભગવાન રામનો પોશાક કે કેસરી વસ્ત્રો કેમ નથી પહેરતા ?

(એજન્સી) તા.૨૫

હિન્દુ જાગરણમંચના કાર્યકરો દ્વારા ઝોમેટો ડિલિવરી મેનને ઈન્દોરમાં સાન્તાક્લોઝનો પોશાક ઉતારવાની ફરજ પાડવામાં આવી હતી. જમણેરી હિંદુ જાગરણમંચના કાર્યકરો દ્વારા ઝોમેટો ડિલિવરી મેનને અટકાવવામાં આવ્યો હતો અને તેણે નાતાલની ઉજવણી માટે પહેરેલા સાન્તાક્લોઝના પોશાકને દૂર કરવા કહ્યું હતું. આ ઘટના મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં બની હતી. આ ઝોમેટો ડિલિવરી મેનનો એક વીડિયો જેના નામનો ઉલ્લેખ નથી, તેની હિન્દુત્વ કાર્યકરો દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે અને તે ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ડિલિવરી મેનને ડ્રેસ ઉતારવા માટે કહેવામાં આવે છે અને પુછવામાં આવે છે કે, શું તમે નાતાલને કારણે આ પહેર્યું છે ? જેનો તે હકારાત્મક જવાબ આપે છે. આ હિન્દુ જૂથો પૂછે છે કે, હિંદુ તહેવારો દરમિયાન ડિલિવરી કરતી વખતે તમે ભગવાન રામના વસ્ત્રો કે કેસરી વસ્ત્રો



કેમ નથી પહેરતા ? શું તમે હિન્દુ તહેવારો પર ભગવા વસ્ત્રો અથવા ભગવાન રામના પોશાક પહેરીને અન્ય ધર્મના લોકોને પાર્સલ પહોંચાડવા જાઓ છો ? Zomato ડિલિવરી મેન કહે છે કે તેને ડિલિવરી કરતી વખતે તેના ગ્રાહકો સાથે સેલ્ફી લેવાની જરૂર છે એવું તે સમજાવવાનો પ્રયાસ કરે છે પણ હિન્દુત્વ કાર્યકરો સંતુષ્ટ થતાં નથી. આ પોષક દૂર કરતી વખતે ડિલિવરી મેન ફરિયાદ કરે છે કે જો તે કોસ્ચ્યુમ પહેરવામાં નિષ્ફળ જશે, તો કંપની પૈસા કાપી લેશે અને તેનું ID બ્લોક કરશે. જો કે, તેઓ તેને પોશાક દૂર કરવા માટે કહે છે અને જ્યારે પણ તે ડિલિવરી કરે ત્યારે તેને પહેરવાનું કહે છે. દિલ્હી સ્થિત સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન યુસીએફના અહેવાલો અનુસાર, ભારતના ૨૮માંથી ૨૩ રાજ્યોમાં ખ્રિસ્તીઓ વિરૂદ્ધ હિંસા અને ભેદભાવ વધી રહ્યો છે. ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૧૮૨ ઘટનાઓ સાથે અપ્રિય ગુનાઓ નોંધાયા છે, ત્યારબાદ છત્તીસગઢમાં ૧૩૯ કેસ નોંધાયા છે. અન્ય કેટલાક રાજ્યોમાં પણ અપ્રિય ગુનાઓની સંખ્યા વધી રહી છે તેમાં મધ્યપ્રદેશ, ઝારખંડ, દિલ્હી અને હરિયાણાનો સમાવેશ થાય છે.

# ઉત્તરપ્રદેશના આગરામાં વૃદ્ધ મહિલા પર ૭ રખડતાં કૂતરાઓનો હુમલો, મોર્નિંગ વૉક વખતે બની ઘટના, ખેંચીને ખાલી પ્લોટમાં લઈ ગયા

(એજન્સી) તા.૨૫

ઉત્તરપ્રદેશના આગ્રામાં રખડતા કૂતરાઓ એટલા હિંસક બની રહ્યા છે કે તેમને રોકવા મુશ્કેલ સાબિત થઈ રહ્યા છે. તાજેતરનો મામલો આગ્રાનો છે. ફરવા નીકળેલી એક વૃદ્ધ મહિલા પર એક સાથે ૭ કૂતરાઓના ટોળાએ હુમલો કર્યો હતો. વૃદ્ધ મહિલા હાથમાં કપડાનો દુપટ્ટો લઈને તેમને ભાગવાનો પ્રયાસ કરતી રહી. પરંતુ કૂતરાઓ તેને ખેંચીને ખાલી પ્લોટમાં લઈ ગયા હતા. તેને ઘણી જગ્યાએ ઉઝરડા અને ઈજાઓ થઈ હતી. આ મામલો આગરાની ઈદગાહ કોલોનીનો છે. વૃદ્ધ મહિલા સવારે સાડા આઠ વાગ્યે ઘરેથી મોર્નિંગ વૉક માટે નીકળી હતી. રકાબગંજ વિસ્તારની ઈદગાહ કોલોનીનો આ વીડિયો મંગળવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં એક વૃદ્ધ મહિલા રસ્તા પરથી પસાર થતી જોવા મળી રહી છે. ત્યારે રસ્તામાં કૂતરાઓના ટોળાએ મહિલાને ઘેરી લીધી. આઠ કૂતરાઓના જૂથે એક પછી એક મહિલા પર હુમલો કર્યો. પોતાને બચાવવા માટે, મહિલા સ્કાર્ફ વડે કૂતરાઓને ભગાડવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ કૂતરાઓના ટોળાએ તેના પર હુમલો કર્યો. મહિલા ભણાવતી વખતે



જમીન પર પડી જાય છે અને કૂતરાઓ દાંત વડે તેના કપડા ખેંચીને તેને ખાલી પ્લોટમાં લઈ જાય છે. સોશિયલ મીડિયા પર ૨ વીડિયો વાયરલ થઈ રહ્યા છે. જે ૧૨મી ડિસેમ્બરની છે. પહેલો વીડિયો ૫૭ સેકન્ડનો છે જ્યારે બીજો વીડિયો ૨ મિનિટ ૩૭ સેકન્ડનો છે. ૫૭ સેકન્ડના વીડિયોમાં કૂતરો મહિલા પર હુમલો કરતો જોવા મળે છે. વૃદ્ધ મહિલા જમીન પર પડે છે અને મદદ માટે ચીસો પાડે છે. પરંતુ આક્રમક કૂતરાઓ તેના પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું. ઈન્ટરનેટ પર વાયરલ થયેલો બીજો વીડિયો ૨ મિનિટ ૩૭ સેકન્ડનો છે. જેમાં રખડતા કૂતરાઓ મહિલાની સલવારને દાંત વડે ખેંચીને ખાલી પ્લોટમાં લઈ જઈ રહ્યા છે. મહિલા પોતાનો જીવ બચાવવા માટે સતત અવાજ કરી રહી છે. આ પછી, કેટલાક યુવકો બહાર આવે છે અને કૂતરાઓને મારીને ભાગી જાય છે, આમ રખડતા કૂતરાઓથી મહિલાનો જીવ બચી જાય છે. ઈન્ટરનેટ પર વાયરલ થયેલા આ વીડિયોની પુષ્ટિ થઈ નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે ઈદગાહનું છે. જો કે, આ અંગે કોઈ પુષ્ટિ માહિતી નથી.

# નરેન્દ્ર મોદીએ 'કેન-બેટવા' નદી લિંક પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે અમુક નિર્ણાયક પ્રશ્નો ઊભા થાય છે



**સરકાર કહે છે કે, તે લાખો સૂકા લોકોને પાણી પૂરૂં પાડશે; કોંગ્રેસ અને પર્યાવરણ કાર્યકરો લાખો વૃક્ષો કાપવા તરફ નિર્દેશ કરે છે, પન્ના ટાઈગર રિઝર્વનો ૧૦ ટકા વિસ્તાર ગુમાવશે**

(એજન્સી) તા.૨૫

વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૮ની વચ્ચે પૂર્વ IAS અધિકારીએ મધ્યપ્રદેશ અને કેન્દ્ર સરકારોને સૂચિત કેન-બેટવા નદી લિંકિંગ પ્રોજેક્ટને રોકવા માટે વિનંતી કરતા પત્રો લખ્યા હતા. પૂર્વ અમલદાર જેઓને આ વિસ્તારમાં પોસ્ટ કરવામાં આવતા હતા, તેમણે જણાવ્યું હતું કે, કેન-બેટવા પ્રોજેક્ટ પન્ના જિલ્લાના રહેવાસીઓ તેમજ કેન નદી બેસિનના અન્ય જિલ્લાઓ માટે વિનાશક અસરો ધરાવે છે. આજે બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના ખજુરાહો ખાતે કેન-બેટવા નદી લિંકિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરી રહ્યા છે, જે રાષ્ટ્રીય નદી ઈન્ટરલિંકિંગ નીતિ હેઠળ આ પ્રકારની પ્રથમ પહેલ છે. મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન મોહન યાદવે જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશના ૧૦ જિલ્લાઓમાં લગભગ ૪૪ લાખ અને ઉત્તરપ્રદેશમાં ૨૧ લાખ લોકોને આ પ્રોજેક્ટ હેઠળ પીવાનું પાણી મળશે, જેનો અંદાજિત ખર્ચ ૪૪,૬૦૫ કરોડ રૂપિયા છે. ૨૦૦૦ ગામોના લગભગ ૭.૧૮ લાખ ખેડૂત પરિવારોને આ પ્રોજેક્ટનો લાભ મળશે, જે ૧૦૩ મેગાવોટ હાઈડ્રોપાવર અને ૨૭ મેગાવોટ સૌર ઊર્જા પણ ઉત્પન્ન કરશે. પર્યાવરણ કાર્યકરો કહે છે કે, આ માત્ર દાવો કરાયેલા લાભો છે. તે ધારણાઓ છે અને વાસ્તવિક નથી. આ દાવાઓની સ્વતંત્ર રીતે તપાસ કરવામાં આવી નથી. વિરોધ પક્ષ કોંગ્રેસે આ પ્રોજેક્ટને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પર્યાવરણ અને જંગલની બાબતો પર કરવા અને કરવા વચ્ચેના તફાવતનો એક વધુ પુરાવો ગણાવ્યો હતો. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે X પર એક પોસ્ટમાં લખ્યું કે, કેન-બેટવા નદી લિંકિંગ પ્રોજેક્ટનો મોદી આજે શિલાન્યાસ કરી રહ્યા છે તે મધ્યપ્રદેશમાં જૈવવિવિધતાથી સમૃદ્ધ પન્ના ટાઈગર રિઝર્વ માટે ગંભીર ખતરો છે. પન્ના પુનરૂત્થાનની સૌથી નોંધપાત્ર સફળતાની વાર્તા છે કારણ કે, ૨૦૦૯ની શરૂઆતમાં તેની વાઘની વસ્તી સંપૂર્ણપણે નાશ પામી હતી. ૧૫ વર્ષ પહેલાં શરૂ કરાયેલા વાઘના પુનઃ પ્રસારણ કાર્યક્રમથી હવે પન્નામાં ૯૦થી વધુ વાઘ છે અને તે ટકાઉ પ્રવાસન-આધારિત આજીવિકા સાથે સમૃદ્ધ છે. આ પ્રોજેક્ટથી વાઘ અનામતના મુખ્ય વિસ્તારના ૧૦ ટકાથી વધુ સાથળ ડૂબી જશે. પૂર્વ પર્યાવરણ મંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, માત્ર વાઘના મુખ્ય રહેઠાણો જ નહીં પણ ગીધ જેવી અન્ય પ્રજાતિઓ પણ નષ્ટ થઈ જશે. ઈકોસિસ્ટમનું વિભાજન થઈ જશે. ૨૩ લાખથી વધુ વૃક્ષો કાપવાના છે. બાંધકામની પ્રવૃત્તિઓમાં ભારે ખલેલ પડશે. રમેશે જણાવ્યું હતું કે, ત્રણ સિમેન્ટ ફેક્ટરીઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને એક પાર્કની નજીકમાં કાર્યરત થઈ ચૂકી છે. વધારાના પાણીની મૂળભૂત ધારણાઓ પર અનેક પ્રશ્નો છે. દુર્ભાગ્યની વાત એ છે કે, આટલા વ્યાપક પારિસ્થિતિક નુકસાન પહોંચાડ્યા વિના પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે વિકલ્પો છે. ઠક્કરે ધ્યાન દોર્યું હતું કે, કેન-બેટવા પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં ૨૦ વર્ષ લાગશે. કેન-બેટવા નદીને જોડવાના પ્રોજેક્ટનો ખર્ચ વધી રહ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ પન્ના ટાઈગર રિઝર્વમાં કેન નદી પર ૭૭ મીટર ઊંચો અને ૨.૧૩ કિલોમીટર લાંબો દૌધન ડેમ અને બે ટનલ બાંધવામાં આવશે. આ પ્રોજેક્ટનું પ્રથમ પગલું મધ્યપ્રદેશમાં પન્ના પાસેની કેન નદીને ઉત્તરપ્રદેશમાં ઝાંસી નજીક બેટવા નદી સાથે જોડવાનું હતું. આ પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૧૫માં ૭૮૦૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચ સાથે શરૂ થવાનો હતો. હાલમાં અંદાજિત ખર્ચ રૂ.૪૪,૬૦૫ કરોડ છે, જે ૪૮૯ ટકાથી વધુ છે. નાણાકીય ખર્ચ ઉપરાંત પર્યાવરણીય ખર્ચ પણ છે. સરકારના મતે કેન-બેટવા નદીને જોડતો પ્રોજેક્ટ બુંદેલખંડની પાણી અને સિંચાઈની સમસ્યાઓને દૂર કરી શકે છે. ઠક્કર જેવા કાર્યકરો કહે છે કે, સમસ્યાને ઉકેલવા માટે અન્ય રસ્તાઓ પણ છે. બુંદેલખંડમાં ૯૦૦ મીમી વરસાદ નોંધાયો છે. મરાઠવાડા, રાજસ્થાન અને કચ્છ વિસ્તાર અને આંધ્રપ્રદેશના ભાગો કરતાં પણ વધારે છે.

મધ્યપ્રદેશના સીએમ મોહન યાદવના જણાવ્યા અનુસાર દૌધન જળાશય પન્ના ટાઈગર રિઝર્વમાં આખા વર્ષ દરમિયાન જંગલી પ્રાણીઓને પીવાનું પાણી પૂરૂં પાડશે, વન ઈકોસિસ્ટમમાં સુધારો કરશે. ૨૦૧૫માં પન્ના ટાઈગર રિઝર્વના તત્કાલીન ડિરેક્ટરે અહેવાલ રજૂ કર્યો હતો કે, કેન-બેટવા પ્રોજેક્ટ વાઘના નિવાસસ્થાનને અસર કરશે. તે વર્ષે મે મહિનામાં સરકારે અધિકારીની અન્ય અનામતમાં બદલી કરી હતી. એક વન્યજીવ વૈજ્ઞાનિક કે જેઓ સરકારી સંલગ્ન એજન્સી સાથે કામ કરે છે અને જેમણે પન્નામાં કામ કર્યું છે તેમણે જણાવ્યું હતું કે, કેન-બેટવા નદીને જોડવાના પ્રોજેક્ટને કારણે વસવાટનો વિનાશ પ્રમાણની બહાર થઈ રહ્યો છે. રિઝર્વની પૂર્વ બાજુએ વાઘની વસ્તી પ્રતિબંધિત છે, પ્રોજેક્ટથી પ્રભાવિત જંગલ વિસ્તારમાં નહીં. વાઘ, ગીધ કે ઘડિયાલ પર તેની કોઈ અસર નહીં થાય. તેનાથી વિપરિત, ઘડિયાળોને વહેતા પાણીની જરૂર હોવાને કારણે આ પ્રોજેક્ટ ફાયદાકારક હોઈ શકે છે. ઠક્કરના મતે પર્યાવરણીય ખર્ચ ઘણો વધારે છે. તેમના અંદાજ મુજબ કાપવામાં આવનાર વૃક્ષોની સંખ્યા ૪૬ લાખ જેટલી છે. પર્યાવરણ કાર્યકરો કહે છે કે, આ યોજના માત્ર કાગળ પર છે. ઠક્કરે કહ્યું કે, બુંદેલખંડમાં વિકાસના નામે વિનાશનો ઈતિહાસ રહ્યો છે. વન સલાહકાર સમિતિએ કહ્યું કે, આ પ્રોજેક્ટને મંજૂરી આપવી જોઈએ નહીં. વૃક્ષોનો નાશ કરવાથી વરસાદમાં ઘટાડો થશે. પૂર વધશે. ચોમાસા બાદ ધોવાણ થશે. ૬૦ વર્ષ પહેલાં પણ બુંદેલખંડમાં પાણીની સમસ્યા ન હતી, વિકાસના નામે વિનાશ આ ખોટ તરફ દોરી ગયો. તેઓએ સુનિશ્ચિત કરવું જોઈએ કે યોગ્ય ભૂગર્ભ જળ રિચાર્જ છે. વરસાદી પાણીનો સંગ્રહ થવો જોઈએ. આ વધુ ખર્ચ-અસરકારક છે. સુપ્રીમ કોર્ટે આ પ્રોજેક્ટ પર રિપોર્ટ સબમિટ કરવા માટે કેન્દ્રીય અધિકાર પ્રાપ્ત સમિતિની નિમણૂક કરી હતી. આ સમિતિના અહેવાલમાં જણાવાયું છે કે, સિંચાઈ અને ગરીબી નાબૂદીના પ્રોજેક્ટ દરખાસ્તના મુખ્ય ઉદ્દેશ્યોનો વિકલ્પ પ્રોજેક્ટના સમર્થકો દ્વારા તપાસવામાં આવ્યો નથી. બાંધકામના તબક્કા દરમિયાન વન્યજીવોને થતી ખલેલ ડાયવર્ઝન માટે સૂચિત ૬૦૭૧ હેક્ટર જંગલથી આગળ વધશે અને રાષ્ટ્રીય ભાગ અને નિર્ણાયક વાઘના નિવાસસ્થાન પર જબરદસ્ત જૈવિક દબાણ લાવી એક દાયકાથી વધુ સમય સુધી ચાલશે. કેન-બેટવા પ્રોજેક્ટ માટે ૨૦૧૫-૧૬માં મોદીના સત્તામાં આવ્યા બાદ શરૂ થયો હતો. એક વર્ષની અંદર તેને પર્યાવરણીય, વન્યજીવન અને પ્રાથમિક વન મંજૂરીઓ એવી શરત સાથે મળી કે આ પ્રોજેક્ટ પન્ના ટાઈગર રિઝર્વને સ્પર્શશે નહીં. એક વર્ષ બાદ વન્યજીવોની મંજૂરી અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. ૨૦૨૦માં જંગલની મંજૂરી આવી હતી. રાષ્ટ્રીય નદી લિંકિંગ યોજના લગભગ ૩૦ નદી લિંક્સ, ૩૦૦૦ સ્ટોરેજ અને ૧૨,૦૦૦ કિ.મી. નદી લિંક્સ અને નહેરોના સૂચિત નેટવર્ક દ્વારા ૩૭ નદીઓને જોડવાનો ઈરાદો ધરાવે છે. તેમાંથી દમણગંગા-પિંજલ, પાર-તાપી-નર્મદા, ગોદાવરી-કૃષ્ણ, ક્રિષ્ના-પેન્નાર અને પેન્નાર-કાવેરીને આખરી ઓપ આપવામાં આવ્યો છે. ૧૯૫૪માં તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ કહ્યું હતું કે, 'ડેમ એ આધુનિક ભારતના મંદિરો છે.'

કપિલ ભટ્ટાચાર્યે જે એક એન્જિનિયર છે જેમણે નદીઓને જોડવાના અભ્યાસ કર્યો હતો અને નેહરુ-ડેમ-હાઈડ્રોઈલેક્ટ્રિક લક્ષ્યોના ભારતના વિકાસની ટીકા કરી હતી. તેમણે આગાહી કરી હતી કે, ફરાક્કા ડેમ બિહારમાં પૂરનું કારણ બનશે, બાંગ્લાદેશમાં જમા પ્રવાહ ઘટાડશે અને બે દેશો વચ્ચે તણાવ વધારો કરશે અને રૂપનારાયણ અને દામોદરના ડેમ કલકત્તા બંદરને કાંપ કરશે.

# મોદી દ્વારા કેન-બેટવા ઈન્ટરલિંકિંગ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન એ તેમની સરકાર દ્વારા વિજ્ઞાનની સતત અવગણનાનું ઉદાહરણ છે

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૫

૨૫ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના ખજુરાહો ખાતે કેન-બેટવા નદીને એકબીજા સાથે જોડવાની યોજનાનો શિલાન્યાસ કર્યો હતો. પૂર્વ પીએમ અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતીના સન્માનમાં આ પ્રોજેક્ટ અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સમાંનો એક છે. મોદીએ ઉદ્‌ઘાટન પછી તેમના સંબોધનમાં કહ્યું કે, આજે ઐતિહાસિક કેન-બેટવા નદી એકબીજા સાથે જોડાયેલ પ્રોજેક્ટ અને દૌધન ડેમનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. તેમણે ભાજપ સત્તામાં આવ્યો તે પહેલા કેન્દ્ર અને રાજ્ય બંનેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના શાસન પર આકરા પ્રહારો કર્યા હતા. નદીઓને એકબીજા સાથે જોડવાને 'મહાભિયાન' ગણાવતા મોદીએ કહ્યું કે, મધ્યપ્રદેશ પહેલું રાજ્ય છે જ્યાં આ પ્રોજેક્ટ દ્વારા જળ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવશે. પાણી સુરક્ષા એ ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર છે, ૨૧મી સદીમાં માત્ર તે જ રાષ્ટ્ર, તે રાજ્ય, જેની પાસે પૂરતું પાણી અને આદર્શ જળ વ્યવસ્થાપન હશે તે જ પ્રગતિ કરી શકશે...મધ્યપ્રદેશના લોકોને પાણીના તાણમાંથી મુક્તિ અપાવવાને હું મારી ફરજ માનું છું. તેમણે કહ્યું કે, ગત દાયકાને ભારતના ઈતિહાસમાં જળ સુરક્ષા અને જળ સંરક્ષણના અભૂતપૂર્વ દાયકા તરીકે યાદ કરવામાં આવશે. આવનારા દાયકાઓમાં મધ્યપ્રદેશ ભારતની ટોચની અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશે. અહીં બુંદેલખંડે મહત્ત્વની ભૂમિકા ભજવશે. વિકસિત ભારતનું નિર્માણ કરવું મહત્ત્વપૂર્ણ છે. કેન-બેટવા ઈન્ટરલિંકિંગ પ્રોજેક્ટ પાછળનો મુખ્ય સિદ્ધાંત સરકારના જણાવ્યા અનુસાર ૧૦૩ મેગાવોટ હાઈડ્રોપાવર, ૨૭ મેગાવોટ સૌર ઊર્જા ઉત્પન્ન કરશે, લગભગ ૬૨ લાખ લોકોને પીવાનું પાણી આપશે અને દર વર્ષે લગભગ ૧૦.૬૨ લાખ હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી આપશે.

પરંતુ કંઈ એટલું સરળ નથી. ખાસ કરીને જ્યારે પ્રદેશની ઈકોલોજી, પર્યાવરણ અને તેના લોકો પરની અસરો સામેલ હોય. વન્યજીવ સંરક્ષણના વિદ્યાર્થીઓ તરીકે, દિગ્ગજ લોકોએ અમને શીખવ્યું છે કે, ઈકોલોજી એ એક અદ્‌ભુત વિજ્ઞાન છે : અહીં મને આશ્ચર્યચકિત કરનારા પરિબળોની શ્રેણી છે અને આ પરિબળો માત્ર ગતિશીલ નથી પણ એકબીજા સાથે ક્રિયાપ્રતિક્રિયા પણ કરે છે. દાખલા તરીકે જળ વિજ્ઞાન અથવા જળ ચક્રવતના અભ્યાસનું વિજ્ઞાન, જેમાં ભૂગર્ભ, નદીઓ, નદીના તટપ્રદેશો અને તેમના પ્રવાહ વિસ્તારોમાં પાણીનો પણ સમાવેશ થાય છે. રિવર ઈન્ટરલિંકિંગ પ્રોજેક્ટનો આધાર એ ધારણા પર આધાર રાખે છે કે, ત્યાં 'પાણી-સરપ્લસ છે અને તે પાણી-સરપ્લસ વિસ્તારમાંથી પાણીને પાણીની ખાધમાં વાળવું ખૂબ જ કાર્યક્ષમ છે. પરંતુ વોટર-સર્પ્લસ અને વોટર ડેફિસિટ સિસ્ટમની આ વિભાવના ખામીયુક્ત છે.' કૃષ્ણસ્વામી ૩૦ વર્ષથી વધુ સમયથી નદીઓ અને તેના પ્રવાહ પર કામ કરી રહ્યા છે. કૃષ્ણસ્વામી અને અન્ય વૈજ્ઞાનિકો લખે છે કે, કુદરતી પ્રણાલીમાં ક્યારેય પાણીનો બગાડ થતો નથી. નદીનું પાણી જેનો કોઈ ઉપયોગ કરતા નથી તે નીચેની તરફ વહે છે, જે પ્રક્રિયામાં અન્ય લોકો સહિત અસંખ્ય ઈકોસિસ્ટમને ટકાવી રાખે છે. વાસ્તવમાં નદીઓ ઉપ્લાયમાં જે કાંપ લાવે છે જ્યાં તેઓ સમુદ્રને મળે છે તે આ નજરના ઉત્પાદક ઝોનમાં જીવન અને અર્થવ્યવસ્થાને સક્ષમ કરવા માટે મહત્ત્વપૂર્ણ છે. આ જળાશયોમાં માછલીના જથ્થાને ફરી ભરવામાં મદદ કરે છે જેના પર માછીમારો આજીવિકા માટે નિર્વાહ માટે આધાર રાખે છે. વહેતી નદીઓ જે કાંપ વહન કરે છે તે પણ એટલા માટે છે કે, ભારતના દરિયાકાંઠે આપણી પાસે કુદરતી દરિયાકિનારા છે. તદ્‌ઉપરાંત સરકારે તેના દાવાને સમર્થન આપવા માટે હાઈડ્રોલોજિકલ ડેટા જાહેર કર્યો નથી. તાજેતરનો અભ્યાસ એ હકીકતને સાબિત કરે છે કે, નદીને એકબીજા સાથે જોડવું એ એક ભયંકર વિચાર છે કારણ કે, તે કેટલીક ઋતુઓમાં ભારતીય ઉનાળાના ચોમાસા અને સૂકી નદીઓમાં બદલી શકે છે. IIT બોમ્બે અને ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાનશાસ્ત્ર સંસ્થાના આબોહવા વૈજ્ઞાનિકો સહિતની એક ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા અને સપ્ટેમ્બર ૨૦૨૩માં નેચર કોમ્યુનિકેશન જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં તપાસ કરવામાં આવી હતી કે, કેવી રીતે જમીન આધારિત અને વાતાવરણીય પરિબળો પહેલેથી એકબીજા સાથે ક્રિયાપ્રતિક્રિયા કરી રહ્યા છે. તેઓએ નોંધ્યું હતું.

# નીતિશકુમાર અને નવીન પટનાયક માટે 'ભારત રત્ન'ની માગણી કરતા ગિરિરાજસિંહે ભારે રાજકીય ચર્ચા જગાવી

**કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને ઓરિસ્સાના નવીન પટનાયક માટે માગણી કરી છે, આ માગણીનો RJD દ્વારા મશ્કરીના રૂપમાં છેદ ઉડાડવામાં આવ્યો છે અને ભાજપની નેતાગીરીમાં અટકળો અને અનુમાનો શરૂ થઈ ગયા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

શાસક એનડીએના મહત્ત્વના સાથીદાર પક્ષ જેડી(યુ)એ બિહારને મુશ્કેલીના દલદલમાંથી બહાર કાઢવાના એમના નિષ્ઠા પ્રયાસો અને રાજ્યની વિકાસની ગાડીને પાટે ચઢાવવાના પ્રયાસો બદલ બિહારના મુખ્યમંત્રી અને જેડી(યુ)ના સર્વેસર્વા નીતિશકુમારને ભારત રત્ન આપીને સન્માનિત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અનુરોધ કર્યાના બે સપ્તાહ બાદ જ કેન્દ્રના મંત્રી ગિરિરાજસિંહ એ તો વળી તેનાથી આગળ વધી માત્ર નીતિશકુમાર નહીં પણ ઓરિસ્સાના પૂર્વ સીએમ નવીન પટનાયકનું પણ ભારત રત્ન આપીને બહુમાન કરવાની માગણી કરી છે અને રાજકીય ચર્ચા જગાવી છે.

બીજી તરફ આ પ્રકારની માગણીની વિરોધ પક્ષ આરજેડી દ્વારા મશ્કરી ઉડાવવામાં આવી છે અને કટાક્ષમાં એવી પ્રતિક્રિયા આપી છે કે, સીએમ નીતિશકુમારને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનથી વિભૂષિત કરતા એમને કોણ રોકે છે એ જ નવાઈની વાત છે.

જો કે, કેન્દ્રીય મંત્રીની માગણીને બહુ ગંભીરતાથી લેવામાં આવી નથી કેમ કે બિહારના બોલકા અને લડાયક નેતા નીતિશકુમારના ટીકાકાર ગણાય છે અને એમની ટીકા કરવામાં જરા પણ પાછી પાની કરતા નથી. છેલ્લા કેટલાક સમયથી ગિરિરાજસિંહ એકાએક નીતિશકુમારના વખાણ કરવા લાગ્યા છે. થોડા દિવસ પહેલા બિહાર ભાજપની કોર કમિટીની બેઠક બાદ ગિરિરાજસિંહે એવું કહ્યું હતું કે, નીતિશકુમાર અમારા નેતા છે અને રહેશે એ વિશે કોઈ ગૂંચવાડો નથી. કોર કમિટીની બેઠકમાં પણ સર્વાનુમતે તે નક્કી થયું હતું કે, બિહાર વિધાનસભાની ચૂંટણીઓમાં નીતિશકુમાર એનડીએનો ચહેરો રહેશે. ગિરિરાજસિંહે બેગુસરાઈમાં પણ આ જ પ્રકારની વાતો કરી હતી અને નીતિશકુમાર તથા નવીન પટનાયકના ભરપૂર વખાણ કર્યા હતા. પટનાયકની પાર્ટી એક સમયે એનડીએના સાથી પક્ષ તરીકે હતી પણ આ વર્ષે જ ચૂંટણીઓમાં ભાજપે પટનાયકની પાર્ટીને સત્તા પરથી દૂર કરવામાં સફળતા મેળવી છે.

ગિરિરાજસિંહે એવું કહ્યું હતું કે, બિહાર એક સમયે ભંગાર રસ્તા તથા ભંગાર શાળા મકાનો અને ઈમારતો માટે જ ઓળખાતું હતું પરંતુ નીતિશકુમારના સત્તા પર આવ્યા પછી તેઓ રાજ્યને નવી ઊંચાઈઓ પર લઈ ગયા છે. એ જ રીતે પટનાયકે વર્ષો સુધી ઓરિસ્સાની સેવા કરી છે એટલે આ પ્રકારના નેતાઓને ભારત રત્ન આપવામાં આવે તે માટે તેઓ સૌથી વધુ લાયક છે.

આરજેડી દ્વારા એવી ટીકા તાજેતરમાં કરવામાં આવી હતી કે, ભાજપ નીતિશકુમાર પર અંકુશ જમાવીને બેઠો છે. નિવેદનને પગલે ગિરિરાજનું નિવેદન આવ્યું છે. ગયા સપ્તાહમાં આરજેડીના નેતા તેજસ્વી યાદવે એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપે સીએમના કાર્યાલયનો પૂરેપૂરો કબજો લઈ લીધો છે અને નીતિશકુમારના ચાર ખાસ સાથીઓ દિલ્હીની ભાજપની નેતાગીરી સાથે સતત સંપર્કમાં રહે છે. અમિત શાહ સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

આગામી વિધાનસભા ચૂંટણીઓમાં નીતિશકુમારને એનડીએના ચહેરા તરીકે રજૂ કરવામાં આવશે કે નહીં એ વિશે ભાજપમાં હજુ કોઈ સ્પષ્ટતા નથી અને સંદિગ્ધ સંકેતો મળી રહ્યા છે ખાસ કરીને કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહને આ બાબતમાં પૂછવામાં આવ્યું ત્યારે તેમણે એવું કહ્યું હતું કે, અમે સાથે બેસીને નક્કી કરશું એ પછી અમારા નિર્ણયની સૌને જાણ કરવામાં આવશે એટલે શાહના નિવેદનને લઈને એનડીએમાં નીતિશકુમારના મામલે વિખવાદ અને તિરાડ ઊભા થયાના દાવા કરવાની આરજેડીને તક મળી છે અને શાહના નિવેદનને તે વિખવાદના રૂપમાં ચગાવવા માટે પ્રયત્નશીલ છે. શાહના નિવેદન પછી જોરદાર ચર્ચા ચાલી છે કે, કદાચ ભાજપ નીતિશકુમારને એનડીએના ચહેરા તરીકે આગળ કરવા માટે તૈયાર નથી. મીડિયામાં એવી ચર્ચા છે કે, બિહારમાં કદાચ મહારાષ્ટ્ર જેવો જ વ્યૂહ કદાચ ભાજપ અમલમાં મૂકી શકે છે. નીતિશકુમાર અને ભારત રત્નની ઊઠી રહેલી માગણીનો ઉપહાસ કરતા આરજેડીના પ્રવક્તા એમ. તિવારીએ જણાવ્યું હતું કે, માત્ર ભારત રત્ન એવોર્ડ શું કામ નોબેલ પારિતોષિતની પણ માગણી કરવી જોઈએ અને કોની પાસે આ એ લોકો માગણી કરી રહ્યા છે કેન્દ્રમાં તો ભાજપની જ સરકાર છે તો એમને કોણ રોકે છે. લાગે છે કે, આ નાટક મહારાષ્ટ્રની જેમ ચૂંટણીઓ સુધી બિહારમાં પણ ચાલુ રહેશે.

# દિલ્હીમાં મહિલાઓને રોકડ રકમનું વિતરણ કરવા બદલ પરવેશ વર્માનો બચાવ કરતો ભાજપ : 'એમણે કેજરીવાલની જેમ શરાબનું વિતરણ કર્યું નથી'

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપના પૂર્વ સાંસદ પરવેશ વર્મા અરવિંદ કેજરીવાલના નવી દિલ્હીના મતવિસ્તારમાં મહિલાઓને રોકડ રકમનું વિતરણ કરતા રંગે હાથ ઝડપાયા છે. વિધાનસભાની ચૂંટણીઓ પહેલા જ આપના વડાના મતવિસ્તારમાં તેમણે રોકડનું વિતરણ કર્યું એ અંગે ભાજપે પોતાના પૂર્વ સાંસદનો જોરદાર બચાવ કર્યો હતો. દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપના પૂર્વ સાંસદ વર્માએ ઝૂંપડપટ્ટી વિસ્તારની મહિલાઓને તેમના વોટર આઈડીની વિગતો મેળવીને પોતાના નિવાસસ્થાને વિન્ડસર પેલેસ ખાતે બોલાવીને મહિલાઓને રૂપિયા ૧૧૦૦નું મહિલા દીઠ વિતરણ કર્યું હતું આ અંગે મુખ્યમંત્રીએ વાંધો ઊઠાવ્યા બાદ ભાજપે એવો દાવો કર્યો હતો કે, વર્મા નબળા વર્ગની ગરીબ મહિલાઓને નાણાકીય રીતે મદદરૂપ બની રહ્યા છે. જો કે, મુખ્યમંત્રીએ આ વાત હળવાશથી લીધી નથી અને વર્માના બંગલા પર દરોડા પાડવા દિલ્હી પોલીસ તથા સીબીઆઈ અને ઈડીને અનુરોધ કર્યો છે. આતિશીએ એવો દાવો કર્યો હતો કે, કરોડો રૂપિયા એમના બંગલામાં રાખવામાં આવ્યા છે એટલે કેન્દ્રીય એજન્સીઓએ દરોડા પાડવા જોઈએ. આમ આદમી પાર્ટી આ અંગે વિધિવત પોલીસમાં ફરિયાદ પણ કરવા જશે અને પરવેશ વર્માની ધરપકડ કરવા માટે ચૂંટણી પંચને અને પોલીસને પણ રજૂઆત કરીને માગણી કરશે. કેજરીવાલે પણ અગાઉ પોતાના મતવિસ્તારમાં ભાજપ દ્વારા રોકડનું વિતરણ કરવામાં આવી રહ્યાનો આક્ષેપ કર્યો હતો.

દિલ્હી ભાજપના નેતા મનજિન્દરસિંહ સિરસાએ એવું જણાવ્યું હતું કે, કેજરીવાલ રૂપિયા ૨૧૦૦ આપવાની વાત કરીને નાટક કરી રહ્યા છે તેઓ ૧૨ વર્ષ સુધી દિલ્હીના મુખ્યમંત્રી હતા પણ મહિલાઓને નાણાકીય રીતે મજબૂત બનાવવા માટે કશું કર્યું નથી. મહિલાઓ હજુ પણ ઝૂંપડાઓમાં વસી રહી છે પણ અમારા પૂર્વ સાંસદ એમને નાણાકીય રીતે મદદ કરી રહ્યા છે. ભાજપ નેતાએ કટાક્ષ કર્યો હતો કે, અમારા નેતા તો રોકડ નાણાં આપી રહ્યા છે કાંઈ કેજરીવાલની જેમ શરાબનું વિતરણ કરી રહ્યા નથી. યોગેશ્વરમાં તો રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થાન મારફત લોકોને મદદ કરી રહ્યા છે આ સંસ્થા ૨૫ વર્ષ પહેલાં તેમના પિતાએ ઊભી કરી હતી.

# સપા નેતા આઝમ ખાન વિરુદ્ધ કોર્ટ એક સાથે ૨૭ કેસની સુનાવણી કરશે

(એજન્સી) તા.૨૫

સપાના રાષ્ટ્રીય મહાસચિવ મોહમ્મદ આઝમ ખાનને થોડી રાહત મળી છે. હવે તેની સાથે સંબંધિત ૨૭ કેસની સુનાવણી એક સાથે થશે. પરંતુ દસ્તાવેજોની તપાસ કરવામાં આવશે નહીં. કોર્ટ દરેક કેસમાં અલગ-અલગ ચુકાદો આપશે. આ ૨૭ કેસ ખેડૂતોની જમીન હડપ કરવાના છે. તમામ કેસ અઝીમનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયા હતા. બચાવ પક્ષ દ્વારા તમામ કેસ એકસાથે ચલાવવાની અરજી કરવામાં આવી હતી, જેને નીચલી અદાલતે ફગાવી દીધી હતી. આ કેસમાં હવે બચાવ પક્ષ દ્વારા વિશેષ ન્યાયાધીશ એમપી-ધારાસભ્ય સેશન્સ કોર્ટ સમક્ષ મોનિટરિંગ પિટિશન દાખલ કરવામાં આવી હતી. સુનાવણીમાં બચાવ પક્ષ દ્વારા આ અંગે વિસ્તૃત દલીલ કરવામાં આવી હતી. આ ફાઈલ




મંગળવારે કોર્ટમાં નિર્ણય માટે પેન્ડિંગ હતી. મદદનીશ જિલ્લા સરકારના એડવોકેટ સીમાસિંહ રાણાએ જણાવ્યું હતું કે, કોર્ટે રિવિઝનમાં દર્શાવવામાં આવેલા આધાર પર રિવિઝન સ્વીકાર્યું છે. નીચલી અદાલતને તમામ સંબંધિત કેસોની સંયુક્ત સુનાવણી હાથ ધરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# અલ્લુ અર્જુન અને પુષ્પા-૨ની ટીમે ભાગદોડનો ભોગ બનેલા પરિવારને બે કરોડ રૂપિયાની સહાયનો વાયદો કર્યો

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૫

'પુષ્પા-૨ : ધ રૂલ'ના નિર્માતા અને દિગ્દર્શક અભિનેતા અલ્લુ અર્જુને ૪ ડિસેમ્બરના રોજ સંધ્યા થિયેટરમાં ફિલ્મના પ્રીમિયર શો દરમિયાન મૃત્યુ પામેલી ૩૫ વર્ષીય રેવતી અને ગંભીર રીતે ઘાયલ થયેલા તેના પુત્રના પરિવાર માટે બે કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. અલ્લુ અર્જુનના પિતા અને જાણીતા નિર્માતા અલ્લુ અરવિંદે બુધવારે KIMS હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા શ્રીતેજને મળ્યા બાદ આ જાહેરાત કરી હતી. મીડિયા સાથે વાત કરતા અલ્લુ અરવિંદે મીડિયાને જણાવ્યું હતું કે, ચેક તેલંગાણા રાજ્ય ફિલ્મ વિકાસ નિગમના અધ્યક્ષ દિલ રાજુને સોંપવામાં આવ્યો હતો. અલ્લુ અરવિંદે કહ્યું કે, છોકરા અને તેના પરિવારને ટેકો આપવા માટે ફિલ્મ યુનિટે બે કરોડ રૂપિયાની નાણાકીય સહાય આપવાનું નક્કી કર્યું છે. અલ્લુ અર્જુને ૧ કરોડ રૂપિયા આપ્યા છે જ્યારે ફિલ્મના નિર્માતા મૈત્રી મૂવીઝે ૫૦ લાખ રૂપિયાની સહાય આપી છે. ફિલ્મના દિગ્દર્શક સુકુમારે પણ પરિવારને ૫૦ લાખ રૂપિયા આપ્યા છે. અલ્લુ અરવિંદે જણાવ્યું હતું કે, તેઓએ ડોક્ટરો સાથે વાત કરી હતી અને તે સ્વસ્થ થઈ રહ્યો છે તે જાણીને ખુશ થયા હતા. ઘટનાના બે દિવસ પછી અલ્લુ અર્જુને પરિવાર માટે ૨૫ લાખ રૂપિયાની જાહેરાત કરી હતી. તેમણે છોકરાના સારવાર ખર્ચ સહિત પરિવારને તમામ સહાયની ખાતરી પણ આપી હતી. શ્રીતેજના પિતા ભાસ્કરે મંગળવારે કહ્યું હતું કે, તેમને અલ્લુ અર્જુન તરફથી ૧૦ લાખ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ મળ્યો હતો. ભાસ્કરે કહ્યું હતું કે, અભિનેતાના મેનેજર પણ છોકરાની સ્થિતિ અંગે અપડેટ મેળવવા માટે પરિવાર સાથે નિયમિત સંપર્કમાં છે.

### આરોપીઓની શોધમાં મોટાપાયે દરોડા

# ગૃહમંત્રી અમિત શાહના નિધનની અફવા ફેલાવવા પર મોટી કાર્યવાહી

## સાયબર સેલની મદદથી પોસ્ટ કરનાર વ્યક્તિની શોધ

(એજન્સી) ગાઝિયાબાદ,તા. ૨૫

પોલીસે ગાઝિયાબાદ જિલ્લાના સાહિબાબાદમાં ઈન ઈન્ડિયા ફેસબુક પેજ પર વાયરલ ગૃહ પ્રધાન અમિત શાહના મૃત્યુ અંગેની ખોટી માહિતી ફેલાવવા બદલ એક રિપોર્ટ નોંધ્યો છે. આ રિપોર્ટ ભાજપના વસુંધરા મંડળના પ્રમુખ અનિલ શર્માની ફરિયાદ પર દાખલ કરવામાં આવ્યો છે. અનિલ શર્માએ રિપોર્ટમાં જણાવ્યું છે કે ઈન ઈન્ડિયા ફેસબુક પેજ પર ગૃહમંત્રી અમિત શાહના નિધન સાથે જોડાયેલા ખોટા અને અપમાનજનક સમાચાર શેર કરવામાં આવ્યા છે. આ પોસ્ટ માત્ર તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ નથી. બલ્કે, તેનો ઉદ્દેશ્ય પણ સમાજમાં ભ્રામક અને ખોટી માહિતી ફેલાવવાનો હોવાનું જણાય છે. તમામ કાર્યકરો આ ભ્રામક અને અપમાનજનક પોસ્ટનો સખત વિરોધ કરે છે. તેમણે પોલીસને આ ખોટા સમાચાર દૂર કરવા અને સંબંધિત પેજ અને પોસ્ટ કરનાર વ્યક્તિ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી છે. ઈન્દિરાપુરમના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સ્વતંત્ર કુમાર સિંહે જણાવ્યું કે રિપોર્ટ નોંધવામાં આવ્યો છે. સાયબર સેલની મદદથી પોસ્ટ કરનાર વ્યક્તિની શોધ કરવામાં આવી રહી છે.

### રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ પણ શ્રદ્ધાંજલિ અર્પી

# મોદીએ વાજપેયીને તેમની ૧૦૦મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

પીએમ મોદીએ દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને તેમની ૧૦૦મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે. આ અવસર પર, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની એક પોસ્ટમાં કહ્યું હતું કે તેમનું વિઝન અને મિશન વિકસિત ભારતના સંકલ્પને બળ આપવાનું ચાલુ રાખશે. દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ, દિલ્હી સ્થિત અટલ બિહારી વાજપેયીના સમાધિસ્થળે જઈને શ્રદ્ધાંજલી અર્પી હતી.

પીએમ મોદી રાજઘાટ પર અટલ મેમોરિયલ પહોંચ્યા અને તેમને શ્રદ્ધાંજલિ આપી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે અટલ બિહારી વાજપેયીએ પોતાનું જીવન એક મજબૂત, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સમર્પિત કર્યું. વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિના અવસર પર વડાપ્રધાન મોદીએ નમો એપ પર એક લેખ પણ શેર કર્યો છે. જેમાં તેમણે કહ્યું છે કે પૂર્વ વડાપ્રધાને જે રીતે બંધારણીય મૂલ્યોનું જતન કરીને દેશને એક નવી દિશા અને ગતિ આપી છે, તેની અસર હંમેશા 'અચળ' રહેશે. તેમણે કહ્યું, 'તેમનુ ભરપુર સાનિધ્ય અને આશીર્વાદ મળ્યાં એ મારું સૌભાગ્ય છે. પીએમ મોદીએ રાજકીય અસ્થિરતાના સમયમાં અટલ બિહારી વાજપેયીના નેતૃત્વની પ્રશંસા કરી અને કહ્યું કે ૨૧મી સદીને ભારતની સદી બનાવવા માટે તેમની એનડીએ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓએ દેશને નવી દિશા અને નવી ગતિ આપી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે પણ અટલ મેમોરિયલ જઈને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ અટલ મેમોરિયલ ગયા હતા અને વાજપેયીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપી હતી. એનડીએના સંયોજક અને આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડૂએ પણ રાજઘાટ સ્થિત પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના સમાધિ સ્થળે જઈને વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલી અર્પી હતી.

# PMના ડબલ એન્જિનનું મધ્યપ્રદેશ દર મહિને પાંચ હજાર કરોડની લોન કેમ લઈ રહ્યું છે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર કહે છે કે, ભારત બહુ જલ્દી વિશ્વની ત્રીજી શક્તિ બની જશે. તે ડબલ એન્જિન સરકારનો પણ ઉલ્લેખ કરે છે. ડબલ એન્જિન એટલે કે કેન્દ્રની જેમ રાજ્યોમાં પણ ભાજપ કે એનડીએ પાર્ટીની સરકાર હોય પરંતુ આ સરકારોની આર્થિક સ્થિતિ ખરાબથી ખરાબ થઈ રહી છે. આ મામલે મધ્યપ્રદેશ સરકાર પણ એક મોટું ઉદાહરણ છે. વર્ષમાં સરેરાશ 'મધ્યપ્રદેશના ખખડેલ આર્થિક એન્જિન'ને ખેંચવા માટે દર મહિને ૫૦૦૦ કરોડ રૂપિયાનું 'ઈંધણ' ખર્ચવામાં આવે છે અથવા લોન લેવી પડે છે. મધ્યપ્રદેશમાં વર્ષ ૨૦૨૩માં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. ભાજપ ફરી સત્તામાં આવી. મોહન યાદવને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. યાદવે ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મુખ્યમંત્રી પદની બાગડોર સંભાળી હતી. છેલ્લા એક વર્ષ અને ૧૫ દિવસમાં એવો કોઈ મહિનો નથી ગયો જ્યારે સરકારે લોન લેવી ન પડી હોય. ઉલ્લેખનીય છે કે, મધ્યપ્રદેશમાં ૨૦૨૩માં ભાજપ સત્તામાં આવી. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે કમલનાથના નેતૃત્વમાં ગઠબંધન સરકાર બનાવી હતી. નાથ સરકાર માત્ર ૧૫ મહિના જ ચાલી શકી. છેલ્લા ૨૧ વર્ષમાં ૧૫ મહિનાને બાદ કરતાં શિવરાજસિંહ સૌથી વધુ ૧૭ વર્ષ ભાજપ સરકારમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી રહ્યા હતા. ૨૦૨૩માં મોહન યાદવે સત્તા સંભાળ્યા બાદ મધ્યપ્રદેશ સરકાર ૨૯મી ડિસેમ્બરે ૧૨મી વખત પાંચ હજાર કરોડ રૂપિયાની લોન એકત્ર કરવા જઈ રહી છે. આ નવી લોન પછી મોહન યાદવ દ્વારા છેલ્લા વર્ષમાં લીધેલી લોનનો આંકડો ૫૨.૫૦ હજાર કરોડ રૂપિયાને સ્પર્શશે. મધ્યપ્રદેશમાં મફત યોજનાઓ પર મોટી રકમ ખર્ચાઈ રહી છે. મફત યોજનાઓમાં સરકારના ખભા પર સૌથી મોટો બોજ શિવરાજસિંહ સરકાર દરમિયાન શરૂ કરાયેલી 'લાડલી બહેના યોજના' છે. મધ્યપ્રદેશ સરકાર દરેક લાડલી બહેનને દર મહિને ૧૨૫૦ રૂપિયાની રકમ આપી રહી છે. હાલમાં આ રકમ ૧.૩૧ કરોડ બહેનોને આપવામાં આવી રહી છે. દર મહિને ૧૬૩૮ કરોડ રૂપિયાનો બોજ સરકારી તિજોરી પર પડી રહ્યો છે. આર્થિક બાબતોના નિષ્ણાત શશિકાંત ત્રિવેદીએ 'સત્ય હિન્દી'ને કહ્યું, 'લોન લાંબા સમય સુધી ઉપલબ્ધ રહેશે નહીં. મધ્યપ્રદેશ સરકાર પાસે આર્થિક મજબૂતી માટે બહુ વિકલ્પ નથી. GST પછી તે પોતે કોઈ ટેક્સ લાદવાની સ્થિતિમાં નથી. જે વસ્તુઓ પર સરકાર પોતાના સ્તરે ટેક્સ વસૂલ કરી શકે છે તે તમામ શક્તિથી પણ લક્ષ્યની નજીક પહોંચી શકતી નથી. ત્રિવેદીએ ઉમેર્યું કે, 'મોદી સરકારે તમામ દાવા કરવા જોઈએ. કેન્દ્રની હાલત પણ ખરાબ છે. કેન્દ્ર સરકાર પર મોટું દેવું છે. જે સરકારે જૂની કારના વેચાણ પર જીએસટી લગાવવા પડી રહ્યા છે. જો નુકસાન થાય તો પણ GST વસૂલવાની શક્યતા હોઈ શકે છે. તેમની હાલત ખુદ સરકારની દુર્દશાનો ચિતાર રજૂ કરે છે.

**એમપી પર ૪.૨૫ લાખ કરોડનું દેવું :** મધ્યપ્રદેશના વર્તમાન દેવાના ચિત્ર મુજબ રાજ્ય સરકાર પર ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૪.૨૧ લાખ કરોડ રૂપિયાનું દેવું થવા જઈ રહ્યું છે. સરકારી તિજોરી સાથે સંકળાયેલા સૂત્રો ઓફ ધ રેકોર્ડ કહે છે, 'મફત, કરચોરી અને લક્ષ્યાંક મુજબ રાજ્યની મહત્ત્વની વસ્તુઓ પર ટેક્સની વસૂલાત ન કરવી એ સ્થિતિ બગડવાના મુખ્ય કારણો છે. લોન પર વ્યાજની ચૂકવણીમાં વધુ પડતો વધારો પણ આર્થિક વ્યવસ્થાના પતન તરફ દોરી રહ્યો છે. જો પ્રત્યક્ષ રીતે જોવામાં આવે તો આર્થિક નિષ્ણાતો રૂ.૩.૬૫ લાખ કરોડના બજેટની સરખામણીમાં રૂ.૪.૨૫ લાખ કરોડની મર્યાદાને સ્પર્શતા દેવાથી ચિંતિત નથી.'

**ઘણા કામો બંધ છે, પેમેન્ટ બંધ :** મધ્યપ્રદેશની તિજોરીની હાલત જોતા નાણાં વિભાગને રોજ એક બાજુથી બીજી તરફ જવાની ફરજ પડી રહી છે. અનેક વિભાગોના બજેટને ડાયવર્ટ કરવાના પુરાવા સામે આવ્યા છે. સરકારે અનેક વિકાસના કામો મુલતવી રાખવા પડ્યા છે અથવા અટકાવવા પડ્યા છે. મધ્યપ્રદેશના નાણાં વિભાગે છેલ્લા કેટલાક મહિનામાં ઘણા આદેશ જારી કર્યા છે. આ ઓર્ડરોમાં તેની પરવાનગી વિના ચૂકવણી રોકવા અથવા ચૂકવણી ન કરવાનો સમાવેશ થાય છે.

# 'મારી હત્યાનો પ્રયાસ' : કર્ણાટકમાં ભાજપ ધારાસભ્ય મુનીરત્ન પર ઈંડાના હુમલાથી રાજકીય ગરમાવો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૫

બુધવારે એક નાટકીય ઘટનામાં બેંગ્લુરૂના નંદિની લેઆઉટમાં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ભાજપના ધારાસભ્ય મુનીરત્ન પર ઈંડાથી હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે આ હુમલાના સંદર્ભમાં ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે અને તેમના ઈરાદાઓની તપાસ કરી રહી છે. મુનીરત્ને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર, તેમના ભાઈ અને પૂર્વ સાંસદ ડી.કે. સુરેશ અને તેમના સહયોગીઓ પર આ હુમલાનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે, 'આ મને મારી નાખવાનો પ્રયાસ હતો. મને ખતમ કરવા માટે લગભગ ૧૫૦ લોકોને લવાયા હતા. જો મારા સમર્થકો અને પોલીસકર્મીઓ હાજર ન હોત તો મને મારી નાખવામાં આવ્યો હોત. ડી.કે. શિવકુમાર, ડી.કે. સુરેશ, હનુમાનથરાયપ્પા અને કેટલાક અન્ય લોકો તેમાં સામેલ હતા.' ૧૯૨૪ના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સત્રના શતાબ્દી સમારોહ સંબંધિત તૈયારીઓ માટે બેલગાવીમાં રહેલા શિવકુમારે દાવાઓને નકારી કાઢ્યા હતા. શિવકુમારે કહ્યું, 'હું તૈયારીઓમાં વ્યસ્ત હતો. આ આરોપો પાયાવિહોણા છે.' તેવી જ રીતે ડી.કે. સુરેશે મુનીરત્નના આરોપોને ફગાવી દીધા અને કહ્યું કે, ધારાસભ્યએ આ ઘટના ઘડી કાઢી હતી. સુરેશે કહ્યું, 'તેઓ તેમના વિસ્તારમાં કોંગ્રેસના કાર્યકરોને ધમકી આપી રહ્યા છે અને આ નાટક દ્વારા ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.' કર્ણાટકના ગૃહમંત્રી જી. પરમેશ્વરે ધરપકડની પુષ્ટિ કરી હતી. તેમણે પત્રકારોને કહ્યું કે, 'ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેઓ કોણ છે અને તેમણે આવું શા માટે કર્યું તે ઓળખવા માટે તપાસ ચાલી રહી છે.' બીજી તરફ ભાજપના નેતાઓ તરફથી આ હુમલાની તીવ્ર ટીકા થઈ રહી છે. રાજ્ય ભાજપ પ્રમુખ બી.વાય. વિજયેન્દ્રએ તેને સમગ્ર રાજ્ય માટે અપમાનજનક ગણાવ્યું હતું.

### કોસ્ટગાર્ડની જેટી બનાવવાની ચાલી રહેલી કામગીરી વખતે બની ગોઝારી ઘટના

# ઓખા પેસેન્જર જેટી ખાતે એકાએક ક્રેન તૂટી પડતાં ત્રણ લોકો દબાઈને પાણીમાં પડ્યા : અંતે મોત

## GMB કોસ્ટગાર્ડ, પોલીસ અને ફાયર સહિતનો કાફલો ઘટનાસ્થળે ધસી ગયો



(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૫

રાજયમાં વધુ એક ગોઝારી દુર્ઘટના ઘટવા પામી છે. જેમાં ઓખા જેટી ખાતે ક્રેન તૂટી પડવાના બનાવમાં ક્રેન નીચે દબાતાં ૩ લોકોનાં મોત નીપજયાં હતાં. કોસ્ટગાર્ડની નવી જેટી બનાવવાની કામગીરી ચાલી રહી હતી તે સમયે દુર્ઘટના સર્જાતાં ૩ લોકો ક્રેન નીચે દબાઈને પાણીમાં પડી ગયા હતા. જેમાં એન્જિનિયર, સુપર વાઈઝર તથા એક મજૂરનું મોત નીપજયું હતું. હાલ ત્રણ મજૂરના મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયા છે. આ દુર્ઘટના બાદ ઓખા જેટી પર ધ્સ્મ કોસ્ટ ગાર્ડ, પોલીસ વિભાગ, ફાયર ટીમ તથા ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. જોકે અકસ્માતનું કારણ અકબંધ છે.

આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ દ્વારકાના ઓખા ખાતે આવેલ જીએમબીની પેસેન્જર જેટી પર કામ ચાલતું હતું તે દરમિયાન ક્રેનનો એક ભાગ તૂટી પડતા ત્યાં કામગીરી કરી રહેલ ત્રણ લોકો દટાઈ જતા મૃત્યુને ભેટ્યા હતા. જીએમબીની જેટી પર કોસ્ટગાર્ડ દ્વારા પીલર બનાવવાનું કામ ચાલતું હોઈ આજે સવારે ૧૧:૦૦ કલાકે જેટી પર કાર્યરત ક્રેનનો આગળનો ભાગ એકાએક ધડાકાભેર તૂટી પડ્યો હતો અને ક્રેન પાસે ઉભેલા બે એન્જિનિયર તથા એક મજૂર ક્રેન નીચે દબાઈ જતા તે ત્રણેયનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ક્રેન તૂટી પડવાની બનાવમાં ક્રેન નીચે દબાઈને મૃત્યુ પામેલ શ્રમિકોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. આ બાબતની જાણ પોલીસને કરાતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી કરવા સાથે તપાસ હાથ ધરી છે.

મૃતકોમાં ઉત્તરપ્રદેશના ફુરખાબાદ જિલ્લાના રતનપુરના રહેવાસી નિશાંત સિંઘ રામસિંગ (ઉંમર વર્ષ ૨૫), ઉત્તરપ્રદેશ ગંજડુડવાલા જિલ્લાના નાગલા ગામના રહેવાસી અરવિંદ કુમાર મુરારીલાલ (ઉંમર વર્ષ ૨૫) તથા મધ્યપ્રદેશ જામવા જિલ્લાના સલુંનિયા ગામના રહેવાસી જીતેન્દ્ર ગોબરિયા ખરાડી (ઉંમર વર્ષ ૩૦.)નો સમાવેશ થાય છે.

### રાજ્યમાં સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ પહેલ શરૂ કરાવતા મુખ્યમંત્રી

# 'મારી યોજના', 'સ્વાગત ૨.૦' ઓટો એસ્કેલેશન મેટ્રિક્સ સહિત નાગરિકલક્ષી સેવા-યોજનાના પ્રકલ્પોનો પ્રારંભ

## સ્માર્ટ ગવર્નન્સ, ઈ-ગવર્નન્સ, એમ-ગવર્નન્સના આયામોથી ટેક્નો. ડ્રિવન ગુડ ગવર્નન્સની દિશા આપી : CM

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૫

પૂર્વ વડાપ્રધાન ભારત રત્ન અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ ૨૫મી ડિસેમ્બરને દેશમાં ૨૦૧૪થી સુશાસન દિવસ તરીકે ઉજવવાની પરંપરાને પગલે આજે સુશાસન દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની વિવિધ નવી પહેલોની શરૂઆત કરાવી હતી. જેમાં 'મારી યોજના', 'સ્વાગત ૨.૦', ભારત નેટ ફેઝ-૨, i-GOT પોર્ટલમાં સ્ટેટ પેજ સહિતની પહેલોને સમાવેશ થાય છે. આ પ્રસંગે માહિતી વિભાગ દ્વારા તૈયાર કરાયેલ કેન્દ્ર અને રાજ્ય સરકારની ૬૮૦થી પણ વધુ યોજનાઓની માહિતી નાગરિકોને 'મારી યોજના' એક જ ડિજિટલ પ્લેટફોર્મ ખુલ્લું મૂક્યું હતું. આ પોર્ટલને કારણે રાજ્યના છેવાડાના નાગરિકો કોઈપણ કચેરીના ધક્કા ખાધા વગર, સમય અને અંતરના બાધ વિના ઘરે બેઠા યોજનાઓની માહિતી સરળતાથી મેળવી શકશે, જેથી સરકાર અને નાગરિકો વચ્ચેનો સેતુ મજબૂત થશે. 'સ્વાગત ૨.૦' ઓટો એસ્કેલેશન મેટ્રિક્સ અને સ્વાગત મોબાઈલ એપના લોન્ચિંગથી રજૂઆતકર્તાની રજૂઆતો/ફરિયાદોની ગંભીરતા અથવા જટિલતાના આધારે GREEN, YELLOW અને RED ચેનલમાં વર્ગીકૃત કરીને ફરિયાદના નિકાલ માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. જેમાં સંબંધિત અધિકારી દ્વારા નિયત સમયમર્યાદામાં જવાબ ન થાય અથવા તો તે સમયમર્યાદા પૂર્ણ થાય તો રજૂઆત એક લેવલ ઉપરના અધિકારીના એકાઉન્ટમાં ઓટો એસ્કેલેટ થશે અને ત્યાર બાદ ઉપરના અધિકારી કાર્યવાહી કરશે. આ સાથે રજૂઆતકર્તા જો કાર્યવાહિથી અસંતુષ્ટ હશે તો ફીડબેક આપીને તેનો ઓટો એસ્કેલેટ કરી ઉપરના લેવલ સુધી જઈ શકશે.

સાયન્સ અને ટેક્નોલોજી વિભાગની વિવિધ નવી પહેલરૂપે પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU), ગાંધીનગર ખાતે ગુજરાત સેમીકન્ડક્ટર પોલિસી હેઠળ સેમિકન્ડક્ટર તાલીમ કેન્દ્ર શરૂ કરાયું હતું. આ તાલીમ કેન્દ્ર આગામી પાંચ વર્ષમાં ૧ હજાર યુવાનોને સેમિકન્ડક્ટર ક્ષેત્રની તાલીમ આપશે. આ ઉપરાંત સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ દ્વારા ગુજરાત ફાઈબર ગ્રિડ નેટવર્ક લિ. (GFGNL) મારફતની Bharat Net Phase-2 અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ કનેક્ટિવિટી દ્વારા ૪૦,૦૦૦ ગ્રામ્ય સરકારી સંસ્થાઓને પાટનગર 'ગાંધીનગર' સાથે જોડવા, હર ઘર કનેક્ટિવિટી હેઠળ ૨૫,૦૦૦ ફાઈબર-ટુ-હોમ (FTTH) જોડાણ આપવા અને 'ફાઈબર-ટુ-ફાર ફલંગ ટાવર્સ' પહેલ અંતર્ગત ૩૦,૦૦૦ કિ.મી. ઓપ્ટિકલ ફાઈબર કેબલ લીઝ કરી ૧૦૦૦થી વધુ ગ્રામીણ ટાવર્સને જોડી રાજ્યના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં મોબાઈલ કવરેજ અને કનેક્ટિવિટીની ગુણવત્તામાં વધારો કરવામાં આવશે.

રીજિયોનલ સાયન્સ સેન્ટર, ભૂજ ખાતે અમેરિકાની પ્રતિષ્ઠિત કમ્પની 'પ્લેન વેવ ઈન્સ્ટ્રુમેન્ટ્સ' દ્વારા નિર્મિત દેશની પહેલી સ્પેસ ઓબ્ઝર્વેટરી કાર્યરત કરાઈ છે. જેમાં નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે સૌથી મોટું C.D.K. 24 ટેલિસ્કોપ શરૂ કરવામાં આવ્યુ છે. ભારત સરકારના ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ i-GOT કર્મયોગી પોર્ટલ પર ગુજરાતનું સ્ટેટ પેજ શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાજ્યની ૩૪ નગરપાલિકાઓમાં નાગરિકોને સરકારી સેવાઓ મેળવવામાં સરળતા રહે તે માટે સિટીઝન સિવિક સેન્ટર કાર્યરત કરાયા છે. રાજ્ય સરકારની કૌશલ્યા ધી સ્કીલ યુનિવર્સિટી દ્વારા ૧૦૦ ડ્રોન રાજ્યની ૧૯ આઈ.ટી.આઈ.માં ડ્રોન પાયલોટ ટ્રેનિંગ માટે આપવામાં આવ્યા છે. સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત પ્રજાલક્ષી કામગીરી લોકો સુધી વિવિધ માધ્યમો દ્વારા પહોંચે તે માટે કનેક્ટ ગુજરાત અભિયાનની શરૂઆત કરાઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યું કે, રાજયમાં ગવર્નન્સ, એમ-ગવર્નન્સ અને ઈ-ગવર્નન્સના આયામોથી ટેક્નોલોજી ડ્રિવન ગુડ ગવર્નન્સ બનાવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સ્વાગત ઓનલાઈન કાર્યક્રમથી અનેક લોકોના પ્રાણપ્રશ્નોનું નિવારણ આવ્યું છે. હવે 'સ્વાગત ૨.૦' મોબાઈલ એપ ફરિયાદ નિવારણ અને ફિડબેક મિકેનિઝમ માટે ખૂબ ઉપયોગી નિવડશે મુખ્ય સચિવ રાજકુમારે જણાવ્યું હતું કે, ગુજરાતે અનેક પરિવર્તનકારી સફળતાઓ પ્રાપ્ત કરવા માટે વહીવટી માળખામાં સુશાસનના સિદ્ધાંતોને આત્મસાત કર્યા છે, જેના પરિણામે જ આજે ગુજરાત સુશાસનની કર્મભૂમિ બની છે. આ પ્રસંગે કેટલાક MoU પણ સંપન્ન થયા હતા.

### પોલીસે મૂર્તિ ખંડિત કરનાર બે આરોપીનું સરઘસ કાઢ્યું

# ડો. આંબેડકરની પ્રતિમાનું નાક તોડનારા આરોપીઓએ હવે કાન પકડી માફી માંગી



**પાંચેય આરોપીઓ પોલીસના સકંજામાં, નવી પ્રતિમાનું અનાવરણ થતાં બે દિવસથી ચાલતા ધરણા પૂર્ણ**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૫

અમદાવાદના ખોખરામાં ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને નુકસાન પહોંચાડનાર આરોપીઓનું પોલીસે જાહેરમાં સરઘસ કઢાવી માફી મંગાવી હતી.

દોરડાથી બાંધીને પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કર્યું હતું.અહીં ડો. બાબાસાહેબની પ્રતિમાનું નાક તોડનારા આરોપીઓ કાન પકડી વાંકા વળી માફી માગતા જોવા મળ્યા હતા. આ સાથે જ ખંડિત પ્રતિમાને હટાવીને નવી પ્રતિમાનું અનાવરણ થતા જ બે દિવસથી ચાલતાં ધરણાં પણ પૂર્ણ થઈ ગયા છે. આ ઘટનામાં અન્ય ત્રણ આરોપી ફરાર હતાં, જેઓને પોલીસે શોધી કાઢ્યાં છે. હવે આગામી સમયમાં આ આરોપીનું પણ પોલીસ સરઘસ કાઢે તેવી સંભાવના છે. હાલ આ પ્રકરણના તમામ આરોપી હવે પોલીસ કસ્ટડીમાં છે. આ અંગે સ્થાનિક મહિલા આગેવાને જણાવ્યું હતું કે, પોલીસ પોઈન્ટ અને સીસીટીવી કેમેરા મુકવાની પણ અમારી માગ છે, જેને જલ્દીથી પૂર્ણ કરવામાં આવે. રવિવારે મોડીરાત્રે કેટલાક અજાણ્યા શખસોએ ખોખરામાં જયંતિ વકીલની ચાલી બહાર ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પથ્થરો મારીને નાક તોડી નાખ્યું હતું. જે અંગે જાણ થતાં સ્થાનિકોનાં ટોળેટોળાં ભેગાં થઈ ગયાં હતાં. સ્થાનિકો અને દલિત સંગઠનો ખંડિત પ્રતિમા પાસે ધરણાં પર બેસી ગયા હતા અને જ્યાં સુધી આરોપીઓની ધરપકડ કરી તેમનું સરઘસ કાઢવામાં નહીં આવે ત્યાં સુધી ધરણાં પર બેસી રહેવાની જાહેરાત કરવામાં આવી હતી. મંગળવારે સાંજે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મૂર્તિ ખંડિત કરનાર બે આરોપીઓની ધરપકડ કરી હતી. જ્યારે બાકીના ત્રણ આરોપીઓ ફરાર હતા તેઓને પણ શોધી કાઢ્યા હતાં. પોલીસે આરોપીઓની ધરપકડ કરી લેતા સ્થાનિકોએ આજે(૨૫ ડિસેમ્બર) બુધવારે સવારે ધરણાં પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. જયંતિ વકીલની ચાલીની બહાર જે પ્રતિમા ખંડિત કરવામાં આવી હતી તેને દૂર કરીને ત્યાં નવી પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આજે સવારે સ્થાનિકો અને દલિત આગેવાનોએ મૂર્તિનું અનાવરણ કર્યું હતું અને ધરણાં પૂર્ણ કર્યા હતા. ખોખરા પોલીસે આજે બંને આરોપીઓની ધરપકડ કરીને તેમનું સરઘસ કાઢીને રિકન્સ્ટ્રક્શન કર્યું હતું.

### આ ઉલ્કાઓ તેજસ્વી, રંગબેરંગી અગનગોળા માટે જાણીતી છે

# વર્ષ ૨૦૨૫ના પ્રારંભે ઉલ્કાવર્ષાનો અદ્ભુત અવકાશી નજારો જોવા મળશે



**આકાશમાં પ્રતિ કલાકમાં ૧૧૦ ઉલ્કાવર્ષા જોઈ શકાશે**

અમદાવાદ, તા.૨૫

નવા વર્ષના ૨૦૨૫ના પ્રારંભે તા.૨ અને ૩ જાન્યુઆરીએ આકાશમાં ક્વોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અદભુત નજારો જોવા મળશે. ઉલ્કાવર્ષા તા.૨૮મી ડિસેમ્બરથી પ્રારંભ કરી ૧૨મી જાન્યુઆરી સુધી સ્વચ્છ આકાશમાં ઉલ્કાવર્ષા જોઈ શકવાના છે. પ્રતિ કલાકના ૧૧૦ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. રાજ્યમાં ખગોળીય આનંદ લૂંટવા ભારત જન વિજ્ઞાન જાથાની કચેરીએ લોકોને અપીલ કરી છે. જાથાના રાજ્ય ચેરમેન-એડવોકેટ જયંત પંડ્યાએ જણાવ્યું હતું કે, ઉત્તર ગોળાર્ધમાં નક્ષત્ર બૂટ્સ ચંદ્રની રોશની ૧૧ ટકા પ્રકાશિતમાં ઉલ્કાવર્ષા જોઈ શકાશે. રાતની શરૂઆતથી ઉલ્કાવર્ષા ઉપર નજર રાખવી જરૂરી છે. પ્રતિ કલાક ૧૧૦ની ૨૦૦ સુધી પડતી જોઈ શકાય છે. સરેરાશ કલાક દીઠ ૨૫ ઉલ્કાઓથી વધુ નથી. આ ઉલ્કા તેની તેજસ્વીતા, રંગબેરંગી અગનગોળા માટે જાણીતી છે. જાન્યુઆરી તા. ૨ અને ૩ના રોજ આકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોઈ શકાશે. આ અવસર ચુકવા જેવો નથી. જાથાએ આ માટે બે દિવસ ખાસ આયોજનો ગોઠવ્યા છે. જાન્યુઆરીમાં બે ઉલ્કાવર્ષામાં માઈનોરિડ્સ પણ જોવા મળશે. દેશભરમાં જાથા લોકોને ખગોળીય માહિતી આપી ધ્યાનાકર્ષણ કરે છે. જયંત પંડ્યાએ વધુમાં જણાવ્યું કે, ક્વોડરેન્ટીડ્સ ઉલ્કાવર્ષાની મહત્તમ ચાર દિવસ મધ્યરાત્રિથી પરોઢ સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમિયાન ૧૦થી ૧૨ વખત અને વધુમાં ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતૂઓ કારણભૂત છે.

ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢમાં સમય શ્રેષ્ઠ છે. જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય તેમાં રસ લઈ બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં આયોજન ગોઠવ્યું છે.

# બોર્ડની પરીક્ષામાં મૂલ્યાંકન માટે ગેરહાજર શિક્ષકોને રૂા.૩ હજાર સુધીનો દંડ કરાયો

## પૂરક પરીક્ષાના મૂલ્યાંકનમાં ગેરહાજર શિક્ષકોનું હિયરીંગ શરૂ કરવામાં આવ્યું | ઘણા કિસ્સામાં સંચાલકોએ શિક્ષકોને છૂટા કર્યા ન હોવાથી સંચાલકોને પણ દંડ કરાયો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૨૪માં લેવામાં આવેલી બોર્ડની પરીક્ષા અને ત્યારબાદની પૂરક પરીક્ષા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનમાં ગેરહાજર રહેલા શિક્ષકોનું હિયરીંગ રાખી રૂા.૩ હજાર સુધીનો દંડ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી સહિત રાજ્યની તમામ ડીઈઓ કચેરીમાં આ કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જેમા અમુક કિસ્સામાં શિક્ષકોને સંચાલકો દ્વારા છુટા કરવામાં આવ્યા ન હોવાથી તેમને પણ દંડ કરાયો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મુખ્ય પરીક્ષા અને ત્યારબાદની પૂરક પરીક્ષા વખતે શિક્ષકોને મૂલ્યાંકનની કામગીરી માટે ઓર્ડર કરવામાં આવતા હોય છે. આ ઓર્ડર થયા બાદ સંચાલકોએ શિક્ષકોને મૂલ્યાંકન કામગીરી માટે છૂટા કરવાના હોય છે. પરંતુ ઘણા કિસ્સામાં શિક્ષકો મૂલ્યાંકન કામગીરીમાં હાજર રહેતા ન હોવાના લીધે મૂલ્યાંકન કામગીરીમાં વિલંબ થતો હોય છે. આ જ રીતે તાજેતરમાં બોર્ડની પૂર્ણ થયેલી પરીક્ષા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનમાં હાજર રહેલા ન હોય તેવા શિક્ષકોનું હિયરીંગ શરૂ કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેર સહિત રાજ્યની તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે હિયરીંગ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તરવહી મૂલ્યાંકનમાં ગેરહાજર રહેલા શિક્ષકોને રૂબરૂ બોલાવી તેમને સાંભળવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. શિક્ષકો અમુક કિસ્સામાં યોગ્ય કારણોસર ગેરહાજર રહ્યા હોવાનું જણાતા તેમને કોઈ પણ પ્રકારનો દંડ કર્યા વગર તેમનો ખુલાસો ગ્રાહ્ય રાખી જવા દેવામાં આવ્યા હતા. જ્યારે અમુક કિસ્સામાં શિક્ષકો કોઈ પણ કારણોવગર મૂલ્યાંકન કામગીરીમાં જોડાયા ન હોવાથી તેમને રૂા.૩ હજાર સુધીનો દંડ કરાયો હતો. આ ઉપરાંત અમુક કિસ્સામાં શિક્ષકોના ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા બાદ સંચાલકો દ્વારા શિક્ષકોને મૂલ્યાંકન કામગીરી માટે છૂટા કરવામાં આવ્યા ન હોવાથી આ શિક્ષકો મૂલ્યાંકન કામગીરીમાં જોડાઈ શક્યા ન હોવાનું કારણ સામે આવતા હિયરીંગ બાદ શાળાના સંચાલકોને પણ દંડ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આમ, આગામી દિવસોમાં હિયરીંગ પૂર્ણ થયા બાદ તમામ શિક્ષકોને સાંભળી યોગ્ય કારણોવગર ગેરહાજર રહેનારા શિક્ષકોને દંડની કાર્યવાહી કરાશે.

### ઘણા કિસ્સામાં સ્કૂલોના ૧૦૦ ટકા સ્ટાફને મૂલ્યાંકન કામગીરીના ઓર્ડર થયા હતા

મૂલ્યાંકન કામગીરી માટે શિક્ષકોને ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા ત્યારે ઘણા કિસ્સામાં સ્કૂલોના ૧૦૦ ટકા સ્ટાફને મૂલ્યાંકન કામગીરી માટે ઓર્ડર થયા હોવાથી તમામ સ્ટાફને મૂલ્યાંકન કામગીરીમાં મોકલવામાં આવ્યા ન હતા. સ્કૂલોમાં શૈક્ષણિક કામગીરી ચાલુ હોવાના લીધે સંચાલકોએ તમામ સ્ટાફને મુક્ત ન કરતા તેમને પણ હિયરીંગમાં બોલાવાયા હતા. જેથી ભવિષ્ય તમામ સ્ટાફના બદલે અમુક ટકા સ્ટાફને જ મૂલ્યાંકન કામગીરીમાં બોલાવવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

### નિવૃત્ત થયેલા સ્ટાફને પણ મૂલ્યાંકનના ઓર્ડર થયા

બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવાયેલી પરીક્ષા પહેલા શિક્ષકોનો ડેટા એકત્ર કરી તેના આધારે પૂરક પરીક્ષા વખતે મૂલ્યાંકનના ઓર્ડર કર્યા હતા. જેમાંથી કેટલાક શિક્ષકો મે માસના અંતમાં નિવૃત્ત થયા હોવા છતાં તેમને પણ મૂલ્યાંકન કામગીરી માટે ઓર્ડર ઈશ્યુ કરાયા હોવાનું જાણવા મળે છે.

# પોલીસ હેડ કોન્સ્ટેબલે પોતાના જ ઘરે થર્ટી ફર્સ્ટનો દારૂનો સ્ટોક સંતાડ્યો




(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ,તા.૨૫

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનાં કાયદાનો અમલ કરાવવાની જવાબદારી જેના શીરે છે તે પોલીસ હેડકોન્સટેબલએ જ થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે લાવવામાં આવેલા વિદેશી દારૂનો જથ્થો પોતાના ઘરમાં સંતાડેલો હોવાની બાતમીના આધારે આણંદની એલસીબી પોલીસે હેડકોન્સટેબલનાં ઘરમાં છાપો મારીને ૩.૬૩ લાખનો વિદેશીદારૂનો જથ્થો ઝડપી પાડયો હતો, પોલીસ હેડકોન્સટેબલએ જ પોતાના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી દારૂબંધીનાં કાયદાનાં લીરે લીરા ઉડાવતા ચકચાર મચી જવા પામી છે, એલસીબી પોલીસે હેડકોન્સટેબલ સહીત ચાર આરોપીઓ વિરૂદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એલસીબી પોલીસને બાતમી મળી હતી કે પેટલાદનાં કલાલપીપળ પાસે રહેતા અને દારૂનો કુખ્યાત બુટલેગર મોહસીનંમીંયા લિયાકતમિયાં મલેક ઉર્ફે એલ.કે થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે વિદેશી દારૂની માંગ વધુ હોવાથી અન્ય રાજયમાંથી વિદેશી દારૂનો જથ્થો મંગાવીને રંગાઈપુરા ગામનાં વડીયા વિસ્તારમાં પંચવટી પાર્કમાં રહેતા પોલીસ હેડકોન્સટેબલ સુનીલ જસભાઈ મકવાણાના ઘરમાં ઉતાર્યો છે, જે બાતમીના આધારે પોલીસે હેડકોન્સ્ટેબલ સુનીલના ઘરમાં છાપો મારતા વિદેશી દારૂની ૨૪૦ બોટલો કિમત રૂપિયા ૩.૬૩ લાખની મળી આવતા એલસીબી પોલીસ ચોંકી ઉઠી હતી. એલસીબી પીઆઈ પોલીસ હેડકોન્સટેબલ સુની મકવાણાની ધરપકડ કરી તેની પુછપરછ કરતા આ દારૂનો જથ્થો તેના બુટલેગર મિત્રો થર્ટી ફર્સ્ટની ઉજવણી દરમિયાન વેચાણ માટે લાવ્યા હોવાની કબુલાત કરી હતી. હેડકોન્સટેબલ સુનિલ મકવાણાએ પોલીસને કહ્યું હતું કે બુટલેગર મોહસીનિયા લિયાકતિયાનાં માણસો મોઈનિયા મુનાફમીંયા મલેક અને તોસીફ મલેક ગત તારીખ ૨૨ ડિસેમ્બરના રોજ મોડી રાત્રિના સમયે સ્વિફ્ટ ગાડી લઈને મારા ઘરે આવ્યા હતા અને આ દારૂનો જથ્થો બે-ત્રણ દિવસ માટે કોઈને વહેમ ના જાય તે માટે મારા ઘરે સાચવવા મૂકવા કહ્યું હતું. તેઓ મારા સારા મિત્ર થતા હોવાથી મેં શરમમાં મારા ઘરે આ દારૂનો જથ્થો મૂકવા દીધો હોવાનું હેડકોન્સ્ટેબલએ જણાવ્યું છે. જેના આધારે પોલીસે પકડાયેલા હેડ કોન્સ્ટેબલ સુનિલ મકવાણા તેમજ દારૂનો જથ્થો આપનાર મોહસીનિયા લિયાકતિયા મલેક, મોઈનમિયાં મુનાફમિયા મલેક અને તોસીફ મલેક વિરુદ્ધ પેટલાદ ટાઉન પોલીસ મથકે પ્રોહિબિશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શ્રેષ્ઠ શાળા નોમિનેશન માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરાઈ

## આ વખતે માત્ર ઓનલાઈન માધ્યમથી જ શ્રેષ્ઠ શાળા માટેનું નોમિનેશન કરી શકાશે | સ્કૂલોએ નક્કી કરેલા પોર્ટલ પર ૪ જાન્યુઆરી સુધીમાં નોમિનેશન સબમિટ કરવાનું રહેશે

(સંવાદદાદા દ્વારા) અમદાવાદ, તા.૨૫

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ વર્ષ માટે જિલ્લા કક્ષાએ તેમ જ રાજ્ય કક્ષાએ શ્રેઠ શાળા પ્રોત્સાહન ઈનામ મેળવવા માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ વખતે માત્ર ઓનલાઈન માધ્યમથી જ નોમિનેશન મેળવવામાં આવી રહ્યા છે. જેમાં સ્કૂલોએ ૪ જાન્યુઆરી સુધીમાં નક્કી કરેલા પોર્ટલ પર ઓનલાઈન નોમિનેશન કરવાનું રહેશે. ત્યારબાદ જિલ્લા સમિતિ દ્વારા ૬ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી દરમિયાન શાળાની મુલાકાત લેવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી અનુદાનિત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જિલ્લા કક્ષા તથા રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળા યોજના અમલમાં મુકવામાં આવેલી છે. જેમાં જિલ્લાની શ્રેષ્ઠ શાળાને રોકડ પુસ્કાર આપી સન્માનવામાં આવે છે. આ યોજનામાં ભાગ લેવા ચાલુ વર્ષથી ઓનલાઈન જ દરખાસ્ત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં શ્રેષ્ઠ શાળા કાર્યક્રમમાં ભાગ લેવા વેબસાઈટ પર જઈને લોગીન કરી માત્ર ઓનલાઈન જ દરખાસ્ત કરવાની રહેશે. ઓનલાઈન મોડમાં શાળાએ નોમિનેશન કરવાની ટાઈમલાઈન ૪ જાન્યુઆરી સુધી રાખવામાં આવી છે. જેથી ત્યાં સુધીમાં સ્કુલો દ્વારા ઓનલાઈન નોમિનેશન કરવાનું રહેશે. ઓનલાઈન નોમીનેશન માટે દરેક શાળાનો ડિફોલ્ટ પાસવર્ડ આપવામાં આવ્યો છે, જેનો ઉપયોગ કરી શાળા કક્ષાએથી રીસેટ કરવાનો રહેશે. આ બાબતે જિલ્લા કચેરીને પ્રાપ્ત થયેલા નોમીનેશન થયેલી શાળાઓમાં જિલ્લા સમિતિ દ્વારા ૬ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધીમાં શાળાની મુલાકાત લેવામાં આવશે. સમિતિ દ્વારા જે તે શાળાની મુલાકાત લઈને મૂલ્યાંકન પત્રકમાં જણાવ્યા મુજબની પ્રક્રિયા કરવામાં આવશે. જિલ્લા કક્ષાની સમિતિ શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પ્રક્રિયા તેમજ જિલ્લા કક્ષાએ કરવાની થતી કાર્યવાહી કરશે. દરેક શાળાએ સંદર્ભ પત્રનો અચૂક અભ્યાસ કરી નોમિનેશન કરવાનું રહેશે. ત્યારબાદ જિલ્લા કક્ષાએ અને રાજયકક્ષાએ શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાત ટુડે 'હેલ્થ ટુડે' પૂર્તિ

આરોગ્ય ક્ષેત્રે લોકજાગૃતિ માટે 'ગુજરાત ટુડે'ની દર વર્ષે પ્રસિદ્ધ થતી 'હેલ્થ ટુડે' પૂર્તિ

૨૯ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થશે

તેમાં તમારી જાહેરખબર મોકલાવી શકો છો. જાહેરખબર અમારા જે-તે વિસ્તારના સીટી ઓફિસ સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી, ખાતે પણ મોકલી શકો છો.

વ્યવસ્થાપક

જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧,
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS